બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ’લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**સપ્ટેમ્બર-૨૦૨૩**

સફરુલ મુઝફ્ફર-રબિઉલ્ અવ્વલ
હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૦, અંક : ૦૯, સળંગ અંક : ૨૩૬

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | મુલ્કે ખુદા, મિલ્કે ખુદા કા માલિક હમારા નબી ! صلی اللہ علیہ وسلم | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 13 |
| 04 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ علیہ | 15 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) (**કસીદએ નૂર**) | 19 |
| 06 | તઝકેરતુલ અવલિયા હઝરત હાતિમ બિન અસમ رحمۃ اللہ علیہ | 22 |
| 07 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 26 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 30 |
| 09 | ઈસ્લામી અખ્લાક તથા આદાબ | 31 |
| 10 | તા'ઝીમે રસૂલ صلی اللہ علیہ وسلم | 34 |
| 11 | પ્રથમ સદીના મુજદ્દિદ-૪ હઝરત અબૂ મુહમ્મદ બિન અબી રિબાહ رحمۃ اللہ علیہ | 37 |
| 12 | ઈસ્લામ પ્રતિ દુનિયાની પેશકદમી | 39 |
| 13 | મોબાઈલ અંગેના અમુક જરૂરી મસાઈલ | 42 |
| 14 | ફિક્રે રઝા અને હાલ નવા ઉદ્ભવતા મુફ્તી | 46 |
| 15 | ચિંતનની દિશા ઠીક કરવી જરૂરી છે | 49 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## જશ્ને મીલાદ હમ મનાએંગે

જશ્ને મીલાદ હમ મનાએંગે
રબસે સદકા નબીકા પાએંગે
દૂર દિલકી સિયાહી કરનેકો
મેહફિલે નઅત હમ સજાએંગે
આજકી શબ હૈ રહ્મતોંકી શબ
રબકી રહ્મતમેં હમ નહાએંગે
માંગના હૈ તો મદીના માંગો
સદકએ મીલાદ વો બુલાએંગે
દેખકર કબ્રમેં હુઝૂરકો હમ
નઅતે સલ્લિ અલા સુનાએંગે
મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ
મેરે આકા મુઝે બચાએંગે
અપની આંખોંકી હિફાઝત કરના
અપના જલ્વા તુમ્હેં દિખાએંગે
અપને કાનોંકી હિફાઝત કરના
મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે
અપને હાથોંકી હિફાઝત કરના
જામ કૌષરકે વો પિલાએંગે
કાશ ! ફર્મા દેં હશ્રમેં આકા
આ જા **'શાકિર'** તુઝે નિભાએંગે

**અઝ :** અતાએ મુફ્તીએ આ'ઝમ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ**

# મુલ્કે ખુદા, મિલ્કે ખુદા કા માલિક હમારા નબી ! صلی اللہ علیہ وسلم

તંત્રી લેખ

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! પ્યારા આક઼ા عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء ના પ્યારા દીવાનાઓ ! અલ્લાહના મહબૂબ, આક઼ાએ દો જહાં, મુલ્કે ખુદા મિલ્કે ખુદાના માલિક, રહ્મતુલ્ લિલ્ આલમીન, નબીએ ગયબદાં, શફીઉલ મુઝનબીન, સૈયદુલ મુરસલીન, બેકસોના કસ બે સહારાઓના સહારા, રસૂલે ખુદા, અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ની તશરીફ આવરીનો મુબારક મહીનો આવી રહ્યો છે. ૧૨ રબીઉલ અવ્વલ શરીફના રોજ નબીયે આખિરુઝ઼ઝમાં صلی اللہ علیہ وسلم ની વિલાદત શરીફ સુબ્હ સાદિક઼ના સમયે થઈ હતી. ખુશ અક઼ીદા મુસલમાનો એ યાદગાર દિવસને ઈશ્ક઼ો મહોબ્બતની સાથે, પોતાને નેક અમલોથી સજ્જ કરીને નઅતોનાં તરાનાંઓ તથા દુરૂદોના તોહફાઓની સુવાસ ફેલાવીને પોતાના મહબૂબ صلی اللہ علیہ وسلم ની યાદ મનાવવા થનગની રહ્યા છે, આ મુબારક દિવસના ફયઝાનથી માલામાલ થવા માટે કોશિશમાં લાગેલા છે. એ પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلم ની અગણિત ખૂબીઓ છે, અલ્લાહે આપને અગણિત ખૂબીઓ કમાલોથી નવાઝેલા છે, આજે તેમાંના એક કમાલ "હુઝૂર صلی اللہ علیہ وسلم બાઈખ્તિયાર બાકમાલ નબી" આ વિષયે કુર્આન હદીષની રોશનીમાં ઈમાનવાળાના દિલની કળીઓને ખિલવી દેનાર અને દુશ્મને રસૂલ, ગુસ્તાખે રસૂલની જલન ઓર વધારી દેનારુ લખાણ આપ સમક્ષ રજૂ કરીએ છીએ.

*તૂ હી મુલ્કે ખુદા, મિલ્કે ખુદા કા માલિક – રાજ તેરા હૈ ઝમાનેમેં હુકૂમત તેરી*

*–(ઉસ્તાદે ઝમન હસન રઝા رحمۃ اللہ علیہ)*

## ★ કુર્આનથી સાબિત કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم માલદાર કરે છે ★

રબ તઆલાનું ફર્માન છે : وَمَا نَقَمُوْٓا اِلَّآ اَنْ اَغْنٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ "અને એમને શું બુરુ લાગ્યું એ જ ને કે **અલ્લાહ તથા રસૂલે તેમને પોતાના ફઝ્લથી ગની કરી દીધા."** (સૂરએ તૌબા, ૯/૭૪) આ આયતમાં સ્પષ્ટ ફર્માન છે કે અલ્લાહ માલદર (ગની) કરે છે અને રસૂલ પણ માલદાર કરે છે. અલ્લાહ ઝાતી તૌર પર અને રસૂલ અલ્લાહની અતાથી માલદાર કરે છે. હવે વિચારો કે બાતિલ ફિર્ક઼ાવાળા જેમનો મઝહબ તથા મસ્લક એ છે કે, "રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم આપણા જેવા ઈન્સાન હતા અને તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર ન હતા." મઆઝલ્લાહ ! જ્યારે **કુર્આન અક઼ીદો આપે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ગની (માલદાર) કરવાનો અખત્યાર અલ્લાહે આપ્યો છે.** અલ્લાહ અખત્યાર આપે છે, જ્યારે વહાબી દેવબંદીઓ કહે છે : *"અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફર્માવ્યો કે **લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી** અને હું ગૈબ પણ નથી જાણતો. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાવી લો કે **હું સ્વજાત માટેય નફા-નુકસાનનો માલિક નથી તો બીજાઓને તો શું લાભ નુકસાન પહોંચાડી શકવાનો હતો..."*** *(ગુજરાતીમાં કિતાબ તક઼વિયતુલ ઈમાન, લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નં. : ૯૬, દારુલ ઉલૂમ ભરૂચ, કંથારીયા, પેજ નં. ૭૪, ૭૫)*

વિચારો ! આ નબીના ગુસ્તાખો કેટલી નીચલી કક્ષાની વાત લખી રહ્યા છે ?! શું તેઓ આ ઉપરની

www.barkatekhwaja.net

કુર્આની આયતને જૂઠાડી નથી રહ્યા ?!

બીજી આયતમાં છે : وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ "અને કેટલુ સારું થાત જો તેઓ એના પર રાજી થતા જે અલ્લાહ વ રસૂલે તેમને આપ્યું." (સૂરએ તૌબા, ૯/૫૯) આ આયતમાં રબ ખુદ એલાન કરે છે કે **હું પણ આપુ છું અને મારી અતાથી મારો રસૂલ પણ આપે છે.** જ્યારે બદ્અક઼ીદાઓનો અક઼ીદો તમે ઉપર જોઈ લીધો. તો સાબિત થયું કે તેમનો અક઼ીદો રસૂલ દુશ્મનીમાં મનઘડત છે, અને સુન્નીનો અક઼ીદો રબ તઆલાએ આપેલો છે.

## ★ કુર્આનથી સાબિત કે રસૂલ નેઅમત આપે છે ★

એક આયતમાં રબનું ફ઼ર્માન છે : اَنْعَمَ اللّٰهُ عَلَيْهِ وَاَنْعَمْتَ عَلَيْهِ "અને હે મહબૂબ ! યાદ કરો જ્યારે તમે ફ઼ર્માવતા હતા એને જેને અલ્લાહે નેઅમત આપી અને તમે તેને નેઅમત આપી." (સૂરએ અહઝાબ, ૩૩/૩૭) અલ્લાહ ફ઼ર્માવે છે કે રસૂલે નેઅમત આપી ! તો શું હજીય વહાબી દેવબંદી આવી બોલીને ખોટી નહીં કહે, જેમ કે ગૈર મુક઼લ્લિદો, વહાબી, દેવબંદીઓનો સંયુક્ત પેશવા ઈસ્માઈલ દહેલ્વી લખે છે : *"જેનું નામ મુહમ્મદ (ﷺ) કે અલી (رضی اللہ عنہ) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી." (હવાલો : ઉપર મુજબ, ગુજરાતી તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૨૩)*

જેનો કલમો પઢવાનો આ બદ્અક઼ીદાઓ દાવો કરે છે તે જ અલ્લાહના રસૂલ વિશે કેટલા તુચ્છકારકભર્યા અંદાઝમાં લખાણ લખે છે ! અલ્લાહ જ્યારે ફ઼ર્માવે છે કે રસૂલને નેઅમત આપવાનો અખત્યાર આપ્યો, ગની માલદાર કરવાનો અખત્યાર આપ્યો......કુર્આન કહે છે, તો પછી આટલી હલકી ભાષામાં એ વાતને નકારનારા આ બદ્અક઼ીદાઓ તેને નકારી કુર્આનના મુન્કિર નથી થયા ?! હે સુન્નીઓ ! આવા બદ્અક઼ીદાઓ સાથે દોસ્તી, સગાઈ સંબંધ, શાદી વહેવાર, ઉઠક બેઠક રાખીને તમે કઈ ખ્વાબોની જન્નતમાં ટહેલી છો ?!

બીજી આયતમાં છે કે : اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ "તમારા દોસ્ત નથી પણ અલ્લાહ અને તેના રસૂલ." (સૂરએ માઈદા, ૫/૫૫) અલ્લાહ તઆલા પોતાની સાથે સાથે રસૂલને પણ લોકોને માલદાર કરનાર, આપનાર, નેઅમત આપનાર, દોસ્ત–મદદગાર કુર્આને પાકમાં ફ઼ર્માવે છે છતાં **ગૈર મુક઼લ્લિદો, વહાબી, દેવબંદી બાતિલ ફ઼િર્ક઼ાવાળા રસૂલે પાક ﷺને પોતાના જેવા લાચાર તથા કશાય અખત્યાર વિનાના માને છે !** સુન્નીઓ ! સમજો ! શાદી નક્કી કરો તો રૂપ, પૈસા ફક્ત ન જુઓ ! પ્રથમ ઈમાન અક઼ીદો જુઓ, નહીં તો દુનિયામાં ભલે મજા માણી પણ લો પણ આખેરતમાં જહન્નમમાં સજા ભોગવવી પડશે. માટે રસૂલે પાક ﷺના ગુસ્તાખોથી દૂર રહો અને ઔલાદને પણ દૂર રાખો.

*રબ હૈ મુઅ્તી (અતા કરનાર), યહ હૈ ક઼ાસિમ – રિઝ્ક઼ ઉસકા (રબ કા) હૈ, ખિલાતે યહ હૈં*

## ★ રસૂલે પાક ﷺના અખત્યારો હદીષની રોશનીમાં ★

હદીષ શરીફમાં છે : فَاَغْنَاهُ اللّٰهُ وَرَسُوْلُهٗ "તો અલ્લાહે તેને માલદાર કરી આપ્યો અને અલ્લાહના રસૂલે પણ તેને માલદાર કરી આપ્યો." (સહીહ બુખારી શરીફ, ૧/૧૯૮) પ્યારા દીની ભાઈઓ ! ખુદ મહબૂબે

ખુદા ﷺ ફર્માવે છે કે અલ્લાહ તો માલદાર કરે જ છે અને અલ્લાહના ફઝ્લથી અલ્લાહના રસૂલ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પણ ગની, માલદાર, દોલતમંદ બનાવે છે. જ્યારે વહાબી પેશવા ઈસ્માઈલ દહેલ્વી લખે છે........."હું સ્વજાત માટે પણ નફા નુકસાનનો માલિક નથી તો બીજાઓને તો શું લાભ નુકસાન પહોંચાડી શકવાનો હતો. (જુઓ તક્વિયતુલ ઈમાન, ગુજરાતી કિતાબ, પેજ : ૭૪, ૭૫) ભાઈઓ ! ઈમાન હોય તો ઈમાનદારીની વાત કરે ને ?! જેથી આવા બદ્બખ્તોથી દૂર રહો. ઈમાનવાળાની બોલી આવી હોય છે, જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ કહે છે :–

*મૈ તો માલિક હી કહુંગા કે હો માલિક કે હબીબ – યઅ્ની મહબૂબો મુહિબમેં નહીં મેરા તેરા*

## ★ રસૂલુલ્લાહ ﷺનું મદદગાર હોવું હદીષની રોશનીમાં ★

બીજી હદીષ શરીફમાં છે : اَللّٰہُ وَرَسُوْلُہٗ مَوْلٰی مَنْ لَّا مَوْلٰی لَہٗ "અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺ મદદગાર છે તેના જેનો કોઈ મદદગાર નથી." *(તિર્મિઝી શરીફ, ૨/૩૧)*

ત્રીજી હદીષ શરીફ જુઓ. આપણા આકા કરીમ عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاء એ પોતાના ગુલામ હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہના હક્કમાં ફર્માવ્યું : اَحَبُّ اَھْلِیْ اِلَیَّ مَنْ قَدْ اَنْعَمَ اللّٰہُ وَاَنْعَمْتُ عَلَیْہِ "મને મારાં ઘરવાળાંઓમાં સૌથી અધિક મહબૂબ તે છે જેને અલ્લાહે નેઅમત આપી અને મેં તેને નેઅમત આપી."

*(તિર્મિઝી શરીફ, ૨/૨૨૩, મિશ્કાત શરીફ, પેજ : ૫૭૨)*

આ મુબારક આયતો તથા હદીષોથી સ્પષ્ટપણે સાફ જાહેર થાય છે કે અલ્લાહ તઆલા તો હક્રીકી માલિક છે અને અલ્લાહ તઆલાના બનાવવાથી આપણા આકા કરીમ મુસ્તફા રહીમ ﷺ પણ માલિક તથા મુખ્તાર છે. અને બેશક ! અલ્લાહ તઆલા જે આપે છે અને અલ્લાહ તઆલાના આપવાથી આપણા પ્યારા નબી, માલિકો મુખ્તાર રસૂલ ﷺ પણ પોતાના ગુલામોને તે અતા કરે છે.

www.barkatekhwaja.net

## ★ આપણા નબી ﷺ બંને જહાનના બાદશાહ છે ★

અલ્લાહ તઆલાએ આપણા હુઝૂર ﷺને જમીન તથા આસ્માન બંનેવ જહાનના બાદશાહ બનાવ્યા છે. હદીષે પાકમાં છે : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ બયાન કરે છે કે મહબૂબે ખુદા ﷺએ ફર્માવ્યું : "મારા બે વઝીર આસ્માનમાં છે, એક હઝરત જિબ્રઈલ (عَلَیْہِ السَّلَام) બીજા હઝરત મીકાઈલ (عَلَیْہِ السَّلَام). અને બે વઝીર જમીનવાળાઓમાં છે, એક હઝરત અબૂ બક્ર બીજા હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہما છે.

*(તિર્મિઝી શરીફ, ૨/૨૦૯, મિશ્કાત શરીફ, પેજ–૫૫૨)*

આ હદીષથી સ્પષ્ટ જાહેર થાય છે આપણા પ્યારા ગયબદાં નબી عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاء અલ્લાહના ફઝ્લ તથા અતાથી જમીનના પણ બાદશાહ છે અને આસ્માનના પણ બાદશાહ છે. અને વઝીર બાદશાહના જ હોય છે. શું સરસ ફર્માવ્યું છે ઉસ્તાદે ઝમન મૌલાના હસન રઝા બરેલ્વી رضی اللہ عنہએ કે :–

*અલ્લાહ અલ્લાહ શહે કૌનૈન જલાલત તેરી – ફર્શ ક્યા અર્શ પે જારી હૈ હુકૂમત તેરી*

## ★ આપણા નબી ﷺનો અજોડ અખત્યાર ! ★

મૌલલ્ મો'મિનીનન હઝરત મૌલા અલી શેરે ખુદા رضی اللہ عنہ ફર્માવે છે કે મહબૂબે ખુદા ﷺએ ફર્માવ્યું, "હે લોકો ! તમારા પર હજજ ફર્ઝ કરવામાં આવી તો તમે હજજ કરો." એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું દર વરસે હજજ ફર્ઝ છે ? તો આકા કરીમ મુસ્તફા રહીમ ﷺ ખામોશ રહ્યા, ત્યાં સુધી કે તે શખ્સે ત્રણવાર સવાલ કર્યો, તો રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું, قَالَ لَا لَوْ قُلْتُ نَعَمْ لَوَجَبَتْ "નહીં ! અને જો હું હા કહી આપત તો હજજ દર વરસે ફર્ઝ થઈ જાત !" *(મુસ્લિમ, ૧/૪૩૨, તિર્મિઝી, ઈબ્ને માજહ, અહમદ, દારમી, મિશ્કાત, પેજ : ૨૧૩)*

અને ઈબ્ને માજહની રિવાયતમાં છે કે જો હું હા ! કહી આપત તો દર વરસે હજજ ફર્ઝ થઈ જાત અને પછી તમે દર વરસે હજજ ન કરતા તો અઝાબમાં પડી જતા."

*વો ઝબાં જિસ કો સબ 'કુન' કી કુંજી કહેં – ઉસ્કી નાફિઝ હુકૂમત પે લાખોં સલામ*

## ★ હુઝૂર નબી કરીમ ﷺ જન્નત વહેંચે છે ★

શારેહે બુખારી હઝરત ઈમામ કુસ્તલાની رضی اللہ عنہ બુખારી શરીફની શરહમાં લખે છે :–

وَكُنِّيَتُهُ اَبُو الْقَاسِمِ لِاَنَّهُ يُقَسِّمُ الْجَنَّةَ بَيْنَ اَهْلِهَا

"આપણા આકા ﷺની કુન્નિયત અબુલ કાસિમ છે, એટલા માટે કે આપ મુસ્તહિકોની દરમિયાન જન્નત વહેંચે છે." *(મવાહિબે લદુન્નિયા શરીફ, ૧/૧૯૫)*

પ્યારા દીની ભાઈઓ ! વહેંચે તે જ છે જે માલિક હોય જેને અખત્યાર હોય ! અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ, આપણા આકા કરીમ ﷺને જન્નત તથા દોઝખ બંનેના માલિક બલ્કે હક્ક એ છે કે આખી કાઈનાત માલિક બનાવ્યા છે. જુઓ :–

## ★ હઝરત રબીઆ رضی اللہ عنہને જન્નત અર્પણ કરી ★

ખાદિમે રસૂલ હઝરત રબીઆ ઈબ્ને કઅબ رضی اللہ عنہ હુઝૂરની ખિદમત માટે રાતે આકા કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء ના હુજરા શરીફની ચોખટ પર માથુ રાખીને સૂઈ જતા હતા જેથી દરવાજો શરીફ ખુલે તો પોતે ઉઠી જાય અને વુઝૂનું પાણી વગેરે હુઝૂરની ખિદમતમાં પેશ કરે એકવાર હઝરત રબીઆ رضی اللہ عنہએ મહબૂબે ખુદા ﷺને વુઝૂ માટે પાણી પેશ કર્યું અને વુઝૂ કરાવ્યું તો માલિકે જન્નત, મુસ્તફા જાને રહમત ﷺએ ફર્માવ્યું : سَلْ يَا رَبِيْعَةُ "હે રબીઆ ઈબ્ને કઅબ ! જે માગવું હોય માગી લો !" તો હઝરત રબીઆ ફર્માવે છે, મેં અર્ઝ કરી, اَسْءَلُكَ مُرَافَقَتَكَ فِي الْجَنَّةِ "યા રસૂલલ્લાહ ! ﷺ હું આપ ﷺથી જન્નતમાં આપનો સાથ માગુ છું !" તો આકા કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ફર્માવ્યું, اَوَغَيْرَ ذٰلِكَ "એના ઉપરાંત ઓર પણ કાંઈ માગ !" તો હઝરત રબીઆ رضی اللہ عنہએ અર્ઝ કરી, મારે જે માગવું હતું તે અર્ઝ કરી આપ્યું. તો મહબૂબે ખુદા ﷺએ ફર્માવ્યું, સારું ! સિજદાઓની કષરત (ખૂબ જ પ્રમાણમાં) કરતા રહો."

*(મુસ્લિમ, ૧/૧૯૩, મિશ્કાત શરીફ, પેજ–૭૬)*

પ્યારા દીની ભાઈઓ ! સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નું ઈમાન તથા અકીદો હતો કે રસૂલે ખુદા ﷺ અલ્લાહની અતાથી જન્નત પણ આપે છે અને જે માગો અતા કરે છે. **હુઝૂર ﷺએ તેમને વહાબીઓ જેમ એવું નથી કહ્યું કે, "મારાથી જન્નત માગો છો ! શિર્ક કર્યું તમે ! હું તો લાચાર બંદો છું, હું સ્વજાત માટે નફા નુકસાનનો માલિક નથી તો તમને કેવી રીતે જન્નત આપી શકું ?!"** નહીં! બલ્કે ફર્માવ્યું, "જન્નત તો મળશે, મારો સાથ પણ મળશે, અધિક કાંઈ માગો !" આ'લા હઝરતે સાચુ જ કહ્યું છે :–

*તુઝસે ઔર જન્નત સે ક્યા મતલબ વહાબી દૂર હો – હમ રસૂલુલ્લાહ કે જન્નત રસૂલુલ્લાહ ﷺકી*

## ★ આંખ પણ આપી અને જન્નત પણ અતા કરી ! ★

જંગે ઓહદમાં હઝરત કતાદા رضی اللہ عنہની આંખમાં એક દુશ્મનનો ભાલો કે તીર પેસી ગયું હતું જેને કાઢતાં આંખનો ડોળો પણ બહાર આવી ગયો. હઝરત કતાદાએ આંખનો ડોળો હાથમાં લીધો અને બીજા હાથથી આંખ બંધ કરીને અલ્લાહના હબીબ, બીમારોના તબીબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની ખિદમતે આલિયમાં હાજર થયા અને પોતાની ફૂટી ગયેલી આંખ અને આંખનો ડોળો જે બહાર આવી ગયો છે તે આકા કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء ને બતાવ્યો અને બનાવ વર્ણન કર્યો તો આકા કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ પોતાના સહાબી કતાદાને ફર્માવ્યું, "હે કતાદા ! આંખ ચાહો ચાહો છો કે જન્નત ?!" તો હઝરત કતાદા رضی اللہ عنہએ અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ આંખ તો મારી મરજીથી આપી દો અને જન્નત આપના કરમથી અતા કરી આપો !" તો આકા કરીમ ﷺએ હઝરત કતાદાને જન્નતની બશારત આપી અને પોતાના મુખ મુબારકથી લુઆબે દહન (થૂક મુબારક) કાઢયું અને આંખનો ડોળો ઝખ્મી આખમાં રાખીને લુઆબે દહન શરીફ લગાડી આપ્યું તો હઝરત કતાદા رضی اللہ عنہ ફર્માવે છે કે એ જ વખતે મારી દુ:ખતી આંખ સાજી થઈ ગઈ અને પહેલાં કરતાં અધિક રોશન થઈ ગઈ. *(ઝુર્કાની અલલ મવાહિબ, ૫/૧૮૬, અન્વારે મુહમ્મદિયા, પેજ–૨૯૭, શિફા શરીફ, ૧/૨૧૨)*

## ★ હુઝૂર ﷺ ગુનેહગારોને દોઝખથી કાઢી જન્નતમાં દાખલ કરશે ★

હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہ નકલ ફર્માવે છે કે મહબૂબે ખુદા ﷺ અલ્લાહ તઆલાની આપેલી તાકત વડે ગુનેહગાર ઈમાનવાળાઓને ખુદ પોતાના હાથથી દોઝખથી કાઢશે અને જન્નતમાં દાખલ કરશે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, وَجَدْتُّهٗ فِيْ غَمَرَاتٍ مِّنَ النَّارِ فَاَخْرَجْتُهٗ اِلٰى ضَحْضَاحٍ "હું તેમને દોઝખથી કાઢીશ અને પછી જન્નતમાં દાખલ કરીશ." *(સહીહ બુખારી, ૨/૯૭)*

પ્યારા દીની ભાઈઓ ! કેટલા સ્પષ્ટ શબ્દોમાં મહબૂબે ખુદા ﷺએ અલ્લાહ તઆલાની આપેલી શક્તિ તથા તાકતને પ્રદર્શિત કરી કે હું મારા ગુનેહગાર ગુલામોને દોઝખથી કાઢી લઈશ અને પછી તેમને જન્નતમાં દાખલ કરીશ. એટલે આ'લા હઝરત કહે છે :–

*મૈં તો માલિક હી કહુંગા કે હો માલિક કે હબીબ – યઅની મહબૂબો મુહિબમેં નહીં મેરા તેરા*

હે કલમો પઢનારાઓ ! હે પોતાને મુસલમાન કહેનારાઓ ! વિચારો ! આ કોઈ દંત કથાઓ નથી વર્ણવી ! બલ્કે અલ્લાહના કલામ કુર્આનનાં ફર્માનો તથા સહીહ હદીષો રસૂલે પાક ﷺની ફર્માવેલી ઉપરના લખાણમાં

www.barkatekhwaja.net

રજૂ કરી જે દર્શાવે છે કે અલ્લાહના રસૂલ ﷺને અલ્લાહ તઆલાએ પોતાની અતાથી કેવા કેવા અખત્યારો આપેલા છે. છતાં વહાબી ગૈર મુક઼લ્લિદ તથા દેવબંદી કહે છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." મઆઝલ્લાહ ! શું આ અલ્લાહના રસૂલની બેઅદબી નથી ? યક઼ીનન ! બેઅદબી છે. તો આવા બેઅદબોથી પોતે બચો, ઔલાદને બચાવો, આખેરતની ફિકરમાં રહો અને ઈમાનની સલામતી ખાતર બદ્અક઼ીદાઓથી સગાઈ સંબંધ, શાદી વિવાહ, દોસ્તી, ઉઠક બેઠકથી પરહેઝ કરો.

## ★ શું આવા અખત્યારો કોઈ લાચાર બંદાના જોયા છે ?! ★

વહાબી દેવબંદી બદ્ અક઼ીદાઓ પોતાની કિતાબોમાં હુઝૂર ﷺને "લાચાર બંદા" તરીકે ચીતરે છે, તો ઈન્સાફથી અને ઈમાનની નજરે વિચારો કે રબની અતાથી શું આવા અખત્યારવાળો બંદો એવો લાચાર કહેવાય કે તે સ્વજાત માટે નફા નુકસાનનો માલિક ન હોય ?! મિશ્કાત શરીફમાં છે કે હુઝૂર ﷺ ફર્માવે છે :–

- ❑ મેં ગ્રહણની નમાઝમાં જન્નત જોઈ અને તેના લૂમને પકડયો. જો મેં એ લૂમ તોડી લીધો હોત તો તમે એને ક઼યામત સુધી ખાત.
- ❑ મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપી દેવામાં આવી.
- ❑ જો હું ચાહું તો સોનાના પહાડ મારી સાથે ચાલે.
- ❑ હઝરત જાબિર رضی اللہ عنہ ના થોડા સરખા આટામાં થૂક મુબારક નાખતાં એમાં એટલી બરકત થઈ ગઈ કે સેંકડો માણસોએ ખાધુ.
- ❑ એક ગઝવાતમાં આંગળીઓથી પાણીનાં ઝરણા વહયાં તો ૧૫૦૦ સહાબાએ તેને પીધું, વુઝૂ કર્યું.
- ❑ આપના ઈશારાથી ઝાડ પોતાની જગાએથી આવતાં અને પરત થઈ જતાં.
- ❑ ઈશારાથી ડૂબેલો સૂરજ પલટી આવ્યો. ❑ ચાંદના બે ટુકડા કરી આપ્યા.

*સૂરજ ઉલ્ટે પાઉં પલ્ટે ચાંદ ઈશારે સે હો ચાક – અંધે નજદી દેખ લે કુદરત રસૂલુલ્લાહ ﷺ કી*

- ❑ હુદૈબિયાના કૂવામાં પાણી ઓછુ હતું. હુઝૂર ﷺએ એમાં તીર નાખી દીધું જેનાથી એ કૂવામાં પાણી વધી ગયું.
- ❑ તોફાની ઘોડા પર આપે સવારી કરી તો તે કાયમ માટે શાંત પડી ગયો.
- ❑ દોહવા ન દેતી બકરીના આંચળ પર હાથ મુબારક લગાડયો તો તે બકરીએ ખૂબ જ દૂધ આપ્યું અને સૌએ ધરાઈને પીધું. માલિકના સર્વ વાસણો ભરાઈ ગયાં.

આવા અસંખ્ય મો'જિઝાઓ રસૂલુલ્લાહ ﷺના છે. આપણુ કુર્આન હદીષ પર ઈમાન છે જેથી આપણે નબી ﷺને રબની અતાથી બાઅખત્યાર માનીએ છીએ જે બદ્અક઼ીદાઓ આપને "લાચાર બંદા" કહે છે તેવા ગુસ્તાખોથી કે તે ગુસ્તાખોને પોતાના પેશવા માનનારાઓથી દૂર થઈ જાવ એમાં જ આપણી બંને જહાનની ભલાઈ છે. વમા તૌફીકી ઈલ્લાહ બિલ્લાહ وما توفيقي الا بالله

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈર સે કામ – લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*



www.barkatekhwaja.net

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

قُلْ اَغَيْرَ اللّٰهِ اَتَّخِذُ وَلِيًّا فَاطِرِ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ هُوَ يُطْعِمُ وَ لَا يُطْعَمُ ؕ قُلْ اِنِّیْۤ اُمِرْتُ اَنْ اَكُوْنَ اَوَّلَ مَنْ اَسْلَمَ وَ لَا تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٤﴾ قُلْ اِنِّیْۤ اَخَافُ اِنْ عَصَيْتُ رَبِّیْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٥﴾ مَنْ يُّصْرَفْ عَنْهُ يَوْمَىِٕذٍ فَقَدْ رَحِمَهٗ ؕ وَ ذٰلِكَ الْفَوْزُ الْمُبِيْنُ ﴿١٦﴾ وَ اِنْ يَّمْسَسْكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗۤ اِلَّا هُوَ ؕ وَ اِنْ يَّمْسَسْكَ بِخَيْرٍ فَهُوَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِيْرٌ ﴿١٧﴾ وَ هُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهٖ ؕ وَ هُوَ الْحَكِيْمُ الْخَبِيْرُ ﴿١٨﴾ قُلْ اَیُّ شَیْءٍ اَكْبَرُ شَهَادَةً ؕ قُلِ اللّٰهُ ۙ۫ شَهِيْدٌۢ بَيْنِیْ وَ بَيْنَكُمْ ۫ وَ اُوْحِیَ اِلَیَّ هٰذَا الْقُرْاٰنُ لِاُنْذِرَكُمْ بِهٖ وَ مَنْۢ بَلَغَ ؕ اَىِٕنَّكُمْ لَتَشْهَدُوْنَ اَنَّ مَعَ اللّٰهِ اٰلِهَةً اُخْرٰى ؕ قُلْ لَّاۤ اَشْهَدُ ۚ قُلْ اِنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ وَّ اِنَّنِیْ بَرِیْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿١٩﴾ اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ۘ اَلَّذِيْنَ خَسِرُوْۤا اَنْفُسَهُمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿٢٠﴾ وَ مَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ ﴿٢١﴾ وَ يَوْمَ نَحْشُرُهُمْ جَمِيْعًا ثُمَّ نَقُوْلُ لِلَّذِيْنَ اَشْرَكُوْۤا اَيْنَ شُرَكَآؤُكُمُ الَّذِيْنَ كُنْتُمْ تَزْعُمُوْنَ ﴿٢٢﴾ ثُمَّ لَمْ تَكُنْ فِتْنَتُهُمْ اِلَّاۤ اَنْ قَالُوْا وَ اللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ ﴿٢٣﴾ اُنْظُرْ كَيْفَ كَذَبُوْا عَلٰۤى اَنْفُسِهِمْ وَ ضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٤﴾

## સૂરએ અનઆમની તફસીર

તમે ફર્માવો, શું અલ્લાહ સિવાય બીજા કોઈને વાલી બનાવું ?[૧૨૭] તે અલ્લાહ જેણે આસ્માન અને જમીન બનાવ્યાં, અને તે ખવડાવે છે અને ખાવાથી પાક છે.[૧૨૮] તમે કહી દો, મને હુકમ થયો છે કે બધાંથી પહેલાં ગરદન મૂકું[૧૨૯] અને કદાપિ શિર્કવાળાઓમાં ન થઈશ (૧૪) તમે કહો, 'જો હું મારા રબની નાફર્માની કરું તો મને મોટા દિવસ[૧૩૦] ના અઝાબની બ્હીક છે, (૧૫) તે દિવસે જેનાથી અઝાબ ફેરવી નાખવામાં આવે[૧૩૧] જરૂર તેના પર અલ્લાહની મહેર થઈ. અને એ જ સ્પષ્ટ સફળતા છે (૧૬) અને **જો તને અલ્લાહ કંઈક કષ્ટ પહોંચાડે[૧૩૨] તો તેના સિવાય તેને કોઈ દૂર કરનાર નથી. અને જો તને ભલાઈ પહોંચાડે[૧૩૩] તો તે સર્વ કંઈ કરી શકે છે** (૧૭) અને તે જ ગાલિબ છે પોતાના બંદાઓ પર, અને તે જ છે હિકમતવાળો ખબરવાળો (૧૮) તમે ફર્માવો : બધાથી મહાન ગવાહી કોની ?[૧૩૪] તમે ફર્માવો, અલ્લાહ ગવાહ છે મારામાં અને તમારામાં,[૧૩૫] અને મારા તરફ આ કુર્આનની વહી થઈ છે કે હું તેનાથી તમને ડરાવું,[૧૩૬] અને જેને જેને પહોંચે[૧૩૭] તો શું તમે[૧૩૮] એ ગવાહી આપો છો કે અલ્લાહની સાથે બીજા ખુદા છે ? તમે ફર્માવો,[૧૩૯] હું તો એ ગવાહી

*નથી આપતો[૧૪૦] તમે કહી દો કે, તે તો એક જ મઅબૂદ છે[૧૪૧], અને હું બેઝાર (અસંબંધિત) છું તેમનાથી જેમને તમે ભાગીદાર બનાવો છો[૧૪૨] (૧૯) જેમને અમે કિતાબ આપી[૧૪૩] (તેઓ) આ નબીને ઓળખે છે[૧૪૪] જેવી રીતે કે પોતાના પુત્રને ઓળખે છે.[૧૪૫] જેમણે પોતાના જીવ નુકસાનમાં નાખ્યા તેઓ ઈમાન નથી લાવતા (૨૦) અને તેનાથી વધીને જુલ્મી કોણ જે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડે,[૧૪૬] અથવા તેની આયતો જૂઠાડે, બેશક ! જુલ્મીઓ સફળતા નહીં મેળવે (૨૧) અને જે દિવસે અમે બધાને ઉઠાડીશું, પછી મુશ્રિકોને પૂછીશું, ક્યાં છે તમારા (બનાવી કાઢેલા) તે ભાગીદારો જેમનો તમે દાવો કરતા હતા ? (૨૨) પછી તેમની કંઈ જ બનાવટ ન ચાલી[૧૪૭] પણ એ જ કે બોલ્યા, અમને અમારા રબ અલ્લાહના સોગંદ ! કે અમે મુશ્રિક ન હતા. (૨૩) જુઓ ! ખુદ પોતાના પર કેવું જૂઠ બાંધ્યું ?[૧૪૮] અને જે વાતો બનાવતા હતા તે ખોવાઈ ગઈ (૨૪)*

## :: સમજૂતી ::

**૧૨૭. શાને નુઝૂલ :** જ્યારે કાફિરોએ હુઝૂર ﷺને પોતાના બાપ દાદાઓના ધર્મનું આમંત્રણ આપ્યું ત્યારે આ આયત ઉતરી.

**૧૨૮ :** એટલે કે બધી મખ્લૂક઼ તેની મોહતાજ છે, તે બેનિયાઝ.

**૧૨૯ :** કારણ કે નબી પોતાની ઉમ્મત કરતાં દીનમાં પહેલાં હોય છે.

**૧૩૦ :** એટલે કે કયામતનો દિવસ.

**૧૩૧ :** અને નજાત (છૂટકારો) આપવામાં આવે.

**૧૩૨ :** બીમારી, ગરીબી અથવા બીજી કોઈ મુસીબત.

**૧૩૩ :** તંદુરસ્તી અને ધન દોલત વગેરે જેવી.

**૧૩૪. શાને નુઝૂલ :** મક્કાવાસીઓ હુઝૂર ﷺને કહેવા લાગ્યા કે, "હે મુહમ્મદ ! (ﷺ) અમને કોઈ એવો બતાવો જે તમારા રસૂલ હોવાની સાક્ષી આપતો હોય" ત્યારે આ આયત ઉતરી.

**૧૩૫ :** અને આટલી મહાન અને સ્વીકાર્ય ગવાહી બીજા કોની હોય શકે છે ?

**૧૩૬ :** અર્થાત અલ્લાહ તઆલા મારી નબુવ્વતની સાક્ષી આપે છે, એટલા માટે કે તેને મારા તરફ આ કુર્આનની આયત મોકલી, અને આ એટલો મોટો મો'જિઝો છે કે તમે એટલા મોટા ભાષાશાસ્ત્રીઓ હોવા છતાં એનો સામનો કરવાથી (એના જેવો કલામ બનાવવાથી) લાચાર રહ્યા, તો એ કિતાબનું મારા પર ઉતરવું એ અલ્લાહ તરફથી એ બાબતની સાક્ષી છે કે હું તેનો રસૂલ છું. જ્યારે આ કુર્આન અલ્લાહ તરફથી નિશ્ચિત સાક્ષી છે, અને મારા તરફ વહી કરવામાં આવ્યું છે કે જેથી હું તમને ડરાવું કે તમે અલ્લાહના આદેશનો વિરોધ ન કરો.

**૧૩૭ :** અર્થાત મારા પાછળ કયામત સુધી આવનારાઓ જેમને આ કુર્આન પાક પહોંચે, ભલે પછી તેઓ માનવી હોય કે જિન્નાત, બધાને જ હું ખુદાઈ હુકમના વિરોધથી ડરાવું.

હદીષ શરીફમાં : છે કે જે માણસને કુર્આન પાક પહોંચ્યું (અર્થાત કુર્આન ખુદાનું કલામ હોવાની ખબર થઈ) તો જાણે કે તેણે નબી ﷺને જોયા, અને આપની વાણી સાંભળી.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહે છે કે, જ્યારે આ આયત ઉતરી ત્યારે હુઝૂર ﷺએ કૈસર (રોમનો બાદશાહ) અને કિસરા (ઈરાનનો બાદશાહ) વગેરેને ઈસ્લામ સ્વીકારવાના નિમંત્રણો આપતા પત્રો લખ્યા. *(મદારિક, ખાઝિન)*

www.barkatekhwaja.net

એની તફસીરમાં એક કથન એવું પણ છે કે 'મન–બલગ' (આયતમાંનો શબ્દ)માં 'મન' સ્થાન દર્શક છે, એનો અર્થ એ છે કે, આ કુર્આનમાં તમને ડરાવું, અને તેઓ ડરાવે જેમને આ કુર્આન પહોંચે.

તિર્મિઝીની હદીષમાં છે કે, અલ્લાહ તેમને લીલાછમ (ઉગેલી ઘાસની જેમ પ્રફુલ્લિત અને સુખી) રાખે જેમણે અમારું કલામ સાંભળ્યું, અને જેવું સાંભળ્યું તેવું પહોંચાડયું. ઘણા તે લોકો જેમને પહોંચાડવામાં આવ્યું છે તેઓ સાંભળનારાઓ કરતાં વધારે લાયકાતવાળા છે.

અને એક રિવાયતમાં છે કે સાંભળનારથી વધારે સમજદાર (અફકહ) હોય છે, એનાથી ફુકહા (મઝહબના ઈમામો)ની મહાનતા જાણવામાં આવી.

**૧૩૮ :** હે મુશ્રિકો !

**૧૩૯ :** હે હબીબ ﷺ ! **૧૪૦ :** જે ગવાહી તમે આપો છો. **૧૪૧ :** તેનો કોઈ ભાગીદાર નથી. **૧૪૨. મસ્અલો :** આ આયતથી પુરવાર થયું કે જે વ્યક્તિ ઈસ્લામ અંગીકાર કરે તેને જોઈએ કે તવહીદ (અલ્લાહનું એક હોવું) અને રિસાલત (રસૂલુલ્લાહનું બરહક઼ હોવા)ની સાક્ષી સાથે ઈસ્લામથી વિરૂધ્ધ એવી દરેક માન્યતા અને ધર્મથી અસંબંધિત હોવાનું જાહેર કરે.

**૧૪૩ :** અર્થાત યહૂદી અને ક્રિશ્ચયન ધર્મગુરૂઓ, જેમણે તવરાત અને ઈન્ઝીલ (બાયબલ) પ્રાપ્ત કરી. **૧૪૪ :** આપની મુખાકૃતિ અને આપના વખાણ અને ગુણો દેખીને, જે એ કિતાબોમાં વર્ણવાયેલા છે. **૧૪૫ :** અર્થાત કોઈ પણ શંકા કુશંકા વગર. **૧૪૬ :** તેનો ભાગીદાર ઠેરવે, જે વાત તેના મોભાને લાયક નથી તેની સાથે સંબંધિત કરે. **૧૪૭ :** અર્થાત કંઈ બહાનું ન મળ્યું. **૧૪૮ :** એ આખી જિંદગીના શિર્કને જ ભૂલી ગયા.

---

પેજ નં.30 નું ચાલુ.. બદનામી હોતી હૈ ઔર મોકા પાકર કહતે ભી હૈં કે ન્યોતે કા રૂપિયા નહીં દિયા. અગર ક઼ર્ઝ ન સમજતે હોતે તો ઐસા ઉર્ફ ન હોતા જો ઉમૂમન હિંદુસ્તાન મેં હૈ.

*(બહારે શરીઅત, જિલ્દ : ૩, હિસ્સા : ૧૪, સફ઼હા : ૭૯)*

## (૭) તલાક઼ કે બારે મેં ગલતફ઼હમિયાં ઔર ઉનકા શરઈ હલ

### ૦૧. ક્યા નશેકી હાલત મેં તલાક઼ દેને સે તલાક઼ હોતી હૈ ?

બાઝ અવામ મેં યે ગલત ફ઼ેહમી પાઈ જાતી હૈ કે નશેકી હાલત મેં તલાક઼ દેને સે તલાક઼ નહીં હોતી. હાલાં કે શરીઅત કા હુકમ કુછ ઈસ તરહ હૈ કે અગર કિસીને અપની મર્ઝી સે નશા કિયા ફિર ઉસી હાલત મેં તલાક઼ દી તો તલાક઼ વાકેઅ હો જાએગી, અલ્બત્ત અગર કિસી કો નશા કરને પર ઈસ તરહ મજબૂર કિયા ગયા કે માર ડાલને યા ઉઝ્વ હલાક કર દેને યા સખ્ત મારને કી ધમકી દી ગઈ ઔર ધમકી દેનેવાલા ઈસકી તાક઼ત રખતા થા, ફિર ઈસ નશેકી હાલત મેં તલાક઼ દી યા કિસીને હાલતે ઈઝ્તિરાર મેં નશા કિયા મષલન્ પ્યાસ સે મર રહા થા ઔર પાની ન થા ફિર ઈસ નશે કી હાલત મેં તલાક઼ દી તો ઈન દો સૂરતોં મેં તલાક઼ વાકેઅ ન હોગી.

"બહારે શરીઅત"મેં હૈ :–

"નશા વાલેને તલાક઼ દી તો વાકેઅ હો જાએગી કે યે આક઼િલ કે (અક઼વાલે) કે હુકમ મેં હૈ ઔર નશા ખાહ શરાબ પીને સે હો યા ભન્ગ વગૈરા કિસી ઔર ચીઝ સે હો. કિસીને મજબૂર કરકે ઉસે નશા પિલા દિયા યા હાલતે ઈઝ્તિરાર મેં પિયા (મષલન્ પ્યાસ સે મર રહા થા ઔર પાની ન થા) ઔર નશા મેં તલાક઼ દે દી તો સહીહ યહ હૈ કે વાક઼ેઅ ન હોગી." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૮, સફ઼હા : ૧૧૧/૧૧૨)*

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવતા[1] તો કહેતા, હે અલ્લાહ ! હે અમારા રબ ! તારા જ માટે હ્મ્દ છે. આસ્માન ભરીને જમીન ભરીને, અને એના માટે જે ચીજ તું ચાહે તે ભરીને. તારીફ તથા બુઝુર્ગીવાળો છે, જે કાંઈ બંદો કહે એનો તું હક્કદાર છે. અમો સૌ તારા બંદા છીએ. ઈલાહી ! જે તું આપે એને કોઈ રોકી નથી શકતુ અને જે તું રોકે એને કોઈ આપી નથી શકતું. તારા મુકાબલામાં માલદારને માલદારી લાભ નથી પહોંચાડતી.[2]"(મુસ્લિમ)*

**૧.** હમણા વર્ણવવામાં આવી ચૂક્યું છે કે એના જેવી હદીષોમાં રુકૂઅથી મુરાદ નફલોના રુકૂઅ છે કે એમાં દુઆઓ તથા ઝિક્રો અઝકારની આમ ઈજાઝત છે. ફર્ઝોના રુકૂઅનું વર્ણન તો હમણા બુખારી તથા મુસ્લિમમાં વર્ણન થઈ ચૂક્યું. યાદ રાખશો કે અહીં રાવીએ سمع اللہ لمن حمدہ નો ઉલ્લેખ નથી કર્યો પણ આપ એ પણ કહેતા હતા.

**૨.** جدّ (જદ)નો અર્થ છે : અઝમત, ભાગ્ય, માલદારી, નસબ વગેરે. એટલે કોઈ શખ્સ પોતાનો નસબ તથા માલદારીના કારણે તારી પકડથી નથી બચી શકતો. યાદ રાખશો કે મખ્લૂક જે કાંઈ લાભ કે નુકસાન પહોંચાડે છે તે અલ્લાહના હુકમ તથા ઈરાદાથી છે, એ અશક્ય છે કે ખુદાનો મુકાબલો કરીને કોઈને નફો પહોંચાડે. એનું વર્ણન છે. જેથી આ શબ્દો અંબિયા, અવલિયાના બિઈઝ્નિ ઈલાહી (અલ્લાહના હુકમથી) નફો નુકસાન પહોંચાડવાની વિરૂધ્ધ નથી.

*"હઝરત રિફાઅહ ઈબ્ને રાફેઅ[1] رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી صلی اللہ علیہ وسلم ની પાછળ નમાઝ પઢી રહ્યા હતા.[2] જ્યારે આપે આપનુ માથુ રકૂઅથી ઉઠાવ્યું તો ફર્માવ્યું, અલ્લાહ તેની હમ્દ કરનારનું સાંભળે છે. તો આપની પાછળ એક શખ્સે કહ્યું, હે અમારા રબ ! તારા જ માટે હમ્દ છે, ખૂબ જ તૈયબ બરકતવાળી હમ્દ. જ્યારે ફારિગ થયા તો ફર્માવ્યું કે હમણા કોણે આ શબ્દો કહ્યા ?[3] તે બોલ્યો, મૈં ! આપે ફર્માવ્યું કે મૈં કેટલાક અન્ય ત્રીસ ફરિશ્તાઓને જોયા કે એમનામાં જલ્દી કરી રહ્યા છે પહેલાં કોણ લખે.[4]" (બુખારી)*

**૧.** આપ અન્સારી બદરી સહાબી છે. આપના વાલિદ નકીબુલ અન્સાર હતા. આપની વફાત હિ.સ. ૪૧માં થઈ.

**૨.** લગભગ નમાઝે પંજગાનામાંથી કોઈ નમાઝ હતી, કેમ કે જમાઅતની ગોઠવણ એ જ નમાઝોમાં થાય છે. નમાઝે તહજ્જુદની જો કે ક્યારેક જમાઅત થઈ છે, પણ ગોઠવણ કર્યા વિના.

**૩.** જાણવા મળ્યું કે નબી صلی اللہ علیہ وسلم નમાઝની હાલતમાં જેવી રીતે સહાબાએ કિરામ તથા ફરિશ્તાઓના હાલાત જોઈ લેતા હતા એવી જ રીતે તેમના કલમા પણ સાંભળી લેતા હતા અને એ સાંભળવું તથા જોવું નમાઝના ખુઝૂઅ તથા ખુશૂઅમાં ખલેલ પાડતુ ન હતું. કેમ કે તે દિલ કુદરતે બનાવ્યું જ એવું હતું કે એક જ સમયે ખાલિકનું પણ સાંભળે ખલ્કનું પણ સાંભળે. ખાલિકથી લેતા રહે મખ્લૂકને આપતા રહે. એકનું ધ્યાન બીજાથી ગાફિલ ન કરે. આપનો તો એ હાલ હતો.

*ઈધર અલ્લાહસે વાસિલ ઉધર મખ્લૂક઼મેં શાગિલ—ખાસ ઈસ બરઝખે કુબરામેં હૈ હર્ફ મુશદદ કા*

શક્ય છે કે તે સાહબ છેલ્લી સફમાં હોય, પણ હુઝૂર ﷺએ તેમનો ધીમો અવાજ પણ સાંભળી લીધો. હઝરત સુલૈમાન علیہ السلامએ ત્રણ માઈલથી કીડીનો અવાજ સાંભળ્યો હતો.

**૪.** એટલે કે દરેક ફરિશ્તો ચાહતો હતો કે પહેલાં હું લખીને બારગાહે ઈલાહીમાં રજૂ કરી દઉં, જેથી મને કુર્બે ઈલાહી અધિક નસીબ થાય. યાદ રાખશો કે આ ફરિશ્તા નામાએ આમાલ લખનારાઓ સિવાયના છે, નહીં તો અમલો લખનારા ફરિશ્તા કેવળ બે જ છે, એક નેકી લખનાર અને એક ગુનાહ લખનાર. તેમની આ ઉતાવળ તે કલમાઓની કરામતને પ્રદર્શિત કરવા માટે છે, નહીં તો ફરિશ્તાઓને સર્વ કાંઈ લખવામાં એક સેકંડ પણ નથી લાગતી. આ હદીષથી જાણવા મળી રહ્યું છે કે ફરિશ્તાઓને અમુક નેકીઓ લઈ જવા પર ખાસ ઈનામો મળે છે. એ પણ જાણવા મળ્યું કે ફર્ઝોના ક઼ોમામાં આ શબ્દો કહેવા જાઈઝ છે. યાદ રાખશો કે હુઝૂર ﷺનું એ પૂછવું કે કોણે આ કહ્યું, એ પોતાના ઈલ્મના માટે નહીં બલ્કે લોકો પર જાહેર કરવાના માટે છે.

## (વિભાગ : ૨) الفصل الثانی

"હઝરત અબૂ મસ્ઊદ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈન્સાનની નમાઝ દુરુસ્ત નથી થતી ત્યાં સુધી કે રુકૂઅ તથા સજદામાં પોતાની પીઠ સીધી ન કરે.[૨] *(અબૂ દાઊદ, નિસાઈ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)* અને તિર્મિઝી ફર્માવે છે કે આ હદીષ હસન સહીહ છે."

**૧.** આપનું નામ ઉક઼બા ઈબ્ને અમ્ર ઈબ્ને ષઅલ્બા છે. બીજી બયઅતે ઉક઼બામાં શરીક હતા. કૂફામાં ક઼યામ રહ્યો. ૪૧ હિ.સ.માં વફાત પામ્યા.

**૨.** ઈમામ શાફઈને ત્યાં તઅદીલે અરકાન એટલે નમાઝને ઈત્મિનાનથી અદા કરવી ફર્ઝ છે, જેના વગર નમાઝ મુત્લક઼ન નથી થતી. આપણે ત્યાં વાજિબ છે. આ હદીષ એમની દલીલ છે. એમને ત્યાં એનો એ અર્થ છે કે રુકૂઅ સજદામાં ઈત્મિનાનના વગર નમાઝ દુરુસ્ત નથી. આપણે ત્યાં એનો એ અર્થ છે કે એના વિના નમાઝ કામિલ નથી, ખૂબ જ અપૂર્ણ છે, દોહરાવવી વાજિબ છે. એની ચર્ચા પહેલાં થઈ ચૂકી છે. અહીં તો કે સિજદાનો ઉલ્લેખ છે પણ મુરાદ સર્વ અરકાન છે.

*"હઝરત ઉક઼બા બિન આમિરથી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે આયત* فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ *ઉતરી તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એને તમારા રુકૂઅમાં કરી લો અને જ્યારે આયત* سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلَى *ઉતરી તો નબી ﷺએ ફર્માવ્યું કે એને પોતાના સજદામાં રાખો.[૧]" (અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** એટલે કે રુકૂઅમાં કહો سُبْحَانَ رَبِّيَ الْعَظِيْمِ અને સજદામાં કહો سُبْحَانَ رَبِّيَ الْاَعْلَى કેમ કે આ'લા અઝીમ કરતાં અધિક બલીગ (કામિલ) છે અને સજદામાં રુકૂઅ કરતાં અધિક આજીજીનો ઈઝહાર છે. એટલા માટે સજદાના માટે આ'લા મુનાસિફ થશે અને રુકૂઅમાં અઝીમ અધિક મુનાસિબ થશે. જાણવા મળે છે કે આ આયતોના નુઝૂલથી પહેલાં મુસલમાન રુકૂઅ સજદામાં કોઈ અન્ય ઝિક્ર કરતા હતા. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### પીરની તા'ઝીમ વિશે વર્ણન

હુઝૂરે અક઼દસ (ગંજ શકર)ની ખિદમતમાં હાજર થયો તો મૌલાના યહ્યા ગરીબ, મૌલાના નિઝામુદ્દીન બદાયૂની, શયખ જમાલ હાંસવી, શયખ બુરહાનુદ્દીન હાંસવી અને બીજા અન્ય હઝરાત ખિદમતમાં હાજર હતા. પીરની તા'ઝીમના વિશે ચર્ચા થઈ.

### પીરની તા'ઝીમ કરવી સુલૂકવાળા (રબની નઝદીકી ચાહનારા)ઓની સુન્નત

હે દુરવેશ ! મુરીદ માટે જરૂરી છે કે પીર જે હુકમ આપે તેને દિલો જાનથી બજાવી લાવે. હઝરત ખ્વાજા કુત્બુલ અક઼તાબને લોકોએ પૂછયું કે હુઝૂર ! પીરનો હક્ક઼ મુરીદ પર કેટલો છે ? ફર્માવ્યું, હું ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہની સાથે ૨૦ વરસો સુધી સફર કરતો રહ્યો, ત્યાં સુધી કે એકાંત તથા જાહેરમાં સાથે હાજર રહેવાની સઆદત (નેકનસીબી) હાંસલ કરી. જેથી એકવાર એક વિશાળ રણમાં પહોંચ્યા કે જ્યાં પક્ષી પાંખ મારી શકતુ ન હતું. ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ તે વેરાન રણમાં ત્રણ દિવસ રાત સફર કરતા રહ્યા. સાંભળતા હતા કે વેરાન વિશાળ રણ પાસે એક પહાડ છે, એ પહાડ પર એક બુઝુર્ગ રહે છે. હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ મને બોલાવ્યો અને પોતાના મુસલ્લા નીચેથી બે ગરમ રોટીઓ કાઢી અને મને હુકમ આપ્યો કે આ રોટીઓ લઈ જાવ અને એ બુઝુર્ગની ખિદમતમાં મારા સલામ કહ્યા બાદ પેશ કરો. હું તે બુઝુર્ગની ખિદમતમાં હાજર થયો, સલામ અર્ઝ કરી અને બે રોટીઓ પેશ કરી. તેમણે એક રોટી મને ઈનાયત કરી દીધી. અને બીજી પોતાના ઈફતાર માટે રાખી લીધી. અઝાન બાદ હાથ મુસલ્લા નીચે લઈ ગયા અને ચાર ખજૂરો કાઢીને ફર્માવ્યું, આ શયખ મુઈનુદ્દીનને પહોંચાડી આપો. ખજૂરો લઈને જ્યારે મારા ખ્વાજાની ખિદમતમાં હાજર થયો તો આપ ખૂબ જ ખુશ થયા.

હઝરત શયખે ફર્માવ્યું, હે દુરવેશ ! પીરનો હુકમ રસૂલુલ્લાહ ﷺના હુકમની જેમ છે, જે શખ્સ પીરનો હુકમ બનાવી લાવે છે તો એવું જ હોય છે કે તે રસૂલુલ્લાહ ﷺનો હુકમ બજાવી લાવ્યો.

***(નોંધ** : પણ યાદ રાખશો કે પીર બેશરઅ, શરીઅત વિરૂધ્ધ વર્તનાર, બેનમાઝી, બેપર્દા સ્ત્રીઓને મળનાર, ફાસિક ફાજિર, દાઢીમૂંડો કે ટૂંકી દાઢીવાળો ન હોય. અહીં પીરથી મુરાદ સુન્ની સહીહુલ અક઼ીદા "શરીઅતનો ચુસ્ત પાબંદ પીર" છે. –અનુવાદક)*

### રોઝાની ફઝીલતના બારામાં

ત્યારબાદ કાંઈક રોઝાના બારામાં ઈર્શાદ

www.barkatekhwaja.net

ફર્માવ્યો. રસૂલુલ્લાહ ﷺથી રિવાયત છે :–

الصاءم فرحتان فرحته عنه الا فطار ونرحته عنه لقاء ربه

"રોઝાદારના માટે બે ખુશીઓ છે, એક ઈફતારીના સમયે અને બીજી રબના દીદારના સમયે." અલ્હમ્દુલિલ્લાહ ! કે એ ઈબાદત મેં પૂરી કરી હવે એની નેઅમતનો ઉમ્મીદવાર છું.

હે દુરવેશ ! દરેક ઈબાદતની જઝા (બદલો) નિશ્ચિત છે. રોઝાની જઝા દીદારે ઈલાહી છે. બેશક ! રોઝાદાર ખુશ થાય છે કે એ નઅમતનો હક્કદાર બની ગયો.

આટલુ કહીને હઝરત શયખુલ ઈસ્લામ મુરાકબામાં ચાલ્યા ગયા. મોડે સુધી મુરાકબાની હાલતમાં રહ્યા પછી ઉઠીને આલમે હૈરતમાં મશગૂલ થઈ ગયા. અમે લોકો પરત આવી ગયા. اَلحَمدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## રંજ, મહોબ્બત તથા તકલીફ વિશે

મજલિસે શયખ رحمۃ اللہ علیہમાં હાજર થયો તો મૌલાના બહાઉદ્દીન, મૌલાના નિઝામુદ્દીન બદાયૂની, શયખ જમાલુદ્દીન હાંસવી અને છ અન્ય સૂફી આલિયા ચિશ્તિયા સિલસિલાથી નિસ્બત રાખનારા ખિદમતે અક્દસમાં હાજર હતા. વિષય રંજ, મહોબ્બત તથા તકલીફ વિશે હતો. ફર્માવ્યું, હે દુરવેશ ! માણસ પર જ દુઃખ અને તકલીફ નાઝિલ થાય છે એને જાણવી જોઈએ કે એનો સબબ શું છે. ભલાઈ એ વાતમાં છે કે તે એ મુસીબત પર ખબરદાર થઈ જાય અને ઈબ્રત (બોધ) હાંસલ કરે. અસ્હાબે ખૈર (ભલા લોકો) માટે તો આ ચેતવણી પૂરતી છે, પરંતુ બુરા લોકો માટે અંદાઝ અલગ પ્રકારનો છે. એ લોકો જેઓ હમેશાં બાતિલ પર હોય તેમના પર કોઈ મુસીબત નાઝિલ નથી થતી, એ બાબત તેમની હમેશાંની બેઈજ્જતી તથા રુસ્વાઈનો સબબ બને છે. કેમ કે કુદરતે એમની રસ્સીને ઢીલી કરી આપી છે અને મોહલત આપી દીધી છે. અલ્લાહ તઆલા આ હાલતથી એની પનાહમાં રાખે. ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે મારા પગમાં જો કાંટો પણ વાગે છે તો હું જાણું છું કે આ તકલીફ કયા કારણે છે. જ્યારે ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا પર તોહમત લગાડવામાં આવી તો ખુદાની હુઝૂર ફરિયાદ કરતાં અને કહેતાં, ઈલાહી ! મને એ ખબર છે કે આ તોહમત મારા પર શા માટે લગાડવામાં આવી, કેમ કે રસૂલુલ્લાહ ﷺએ મારી મહોબ્બતનો દાવો અને પોતાનું આકર્ષણ જાહેર કર્યું છે. મારા પર આ તોહમત એના કારણે છે.

### મુસીબત પર સબ્રનો બદલો

હઝરત અક્દસ رحمۃ اللہ علیہ (ગંજ શકર)એ ફર્માવ્યું, હે દુરવેશ ! જ્યારે માણસ પર કોઈ દુઃખ કે તકલીફ આવે તો તેણે સબ્ર કરવી જોઈએ. તેના ગુનાહોના અંબાર પણ હશે તો ખુદા ખત્મ કરી દેશે. દુઃખ અને તકલીફ પણ સારી ચીજો છે. માણસને નાફર્માનીઓથી પાક અને સાફ કરે છે, કેમ કે મુસીબત જ ગુનાહોથી પાક કરનારી છે.

ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہથી ઘણીવાર મેં સાંભળ્યું કે મુસીબત ગુનાહોને દૂર કરનારી છે. જેમ કે એકવાર હું હઝરત ખ્વાજએ ખ્વાજગાન ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર હતો. તેમના કોઈ અંગ મુબારકનું હાડકુ તૂટી ગયું. મેં કદી તેમની ઝબાનથી દુઆ વખતે આવુ નથી સાંભળ્યું કે અલ્લાહ મને તંદુરસ્તી આપી દે, બલ્કે એવું ફર્માવતા, ઈલાહી ! જેટલી તકલીફો તથા મુસીબતો છે મુઈનુદ્દીનની જાન પર મુકદ્દર કરી આપ ! એકવાર મેં અર્ઝ કરી, હુઝૂર ! આ કેવી દુઆ આપ કરો છો ! અને આટલી બલાઓ, મુસીબતો, દુઃખો અને અને તકલીફોમાં ગિરફતાર થવાની ખ્વાહિશ કરો છો ?! ઈર્શાદ ફર્માવ્યો, જે આ પ્રકારની

www.barkatekhwaja.net

દુઆ કરે છે એ એના ઈમાનના દુરુસ્ત હોવાની નિશાની છે, અને ગુનાહોથી એવો પાક થઈ જાય છે જાણે કે હમણા માના પેટથી પેદા થયો.

## અલ્લાહના દોસ્ત મુસીબત પર ખુશ થાય છે !

જ્યારે ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ કોઈ તકલીફમાં હોતા તો શુક્રના રૂપે હજાર રકાત નફલ નમાઝ અદા કરતા.

હે દુરવેશ ! જ્યારે સૈયદના ઐયૂબ علیہ السلامની તંદુરસ્તીનો (બીમારીથી સાજા થવાનો) સમય નજીક આવ્યો તો તેમના શરીર મુબારકથી એક કીડો જમીન પર પડયો તો તેમણે તે કીડાને ઉઠાવીને એ જ જગાએ રાખી દીધો. એ કીડાએ સૈયદના ઐયૂબને એટલા જોરથી ડંખ માર્યો કે હઝરતની ચીસ નીકળી ગઈ અને બેહોશ થઈને જમીન પર આવી ગયા. જેથી જિબ્રઈલે અમીન તશરીફ લાવ્યા અને કહ્યું, હે ઐયૂબ علیہ السلام ! આપના રબનું ફર્માન છે કે એ કીડાને હુકમ હતો કે ગબડી પડે પણ આપે તેને ઉઠાવીને ફરી તેના સ્થાને રાખી દીધો. આપે હુકમ વિરુદ્ધ કર્યું, અને ફર્માન બજાવી ન લાવનારાઓની આ જ સજા હોય છે.

## હઝરતની દુઆથી બાદશાહ તરત સાજો થઈ ગયો

ફર્માવ્યું, એકવાર હું મારા શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર હતો. સુલ્તાન શમ્સુદ્દીન (انار اللہ برہان અલ્લાહ તેમની દલીલને રોશન કરે)એ પોતાનો વઝીર (મંત્રી) તેમની ખિદમત પાકમાં મોકલ્યો. અર્ઝ કરી, આપ દુઆ ફર્માવો, કેમ કે બાદશાહને ક્યારેક તકલીફ થઈ જાય છે. કદાચ આપની દુઆની બરકતથી રબ્બે કરીમ તંદુરસ્તી અતા કરી આપે. હુઝૂર ખ્વાજાએ હાજરજનોને કહ્યું, સમયના બાદશાહની તંદુરસ્તી માટે ઈખ્લાસ સાથે દુઆ કરો. જ્યારે હુઝૂર દુઆ માગી ચૂક્યા તો ફર્માવ્યું, જાવ ! તે તંદુરસ્ત થઈ ચૂક્યા છે, પરંતુ એક વાત યાદ રાખશો કે જે શખ્સને કોઈ બીમારી લાગુ થાય છે એ તેના ઈમાનના સહીહ હોવાની નિશાની હોય છે, તે શખ્સ ગુનાહોથી પાક થઈ જાય છે. હઝરતે આ બાબત વર્ણન કર્યું તો રિક્કત (કપકપી છવાઈ) ગઈ.

ત્યારબાદ ઈર્શાદ ફર્માવ્યો, રબના આશિકો મુસીબતોને આ રાહમાં પોતાનો ખોરાક બનાવી લે છે. જે દિવસે તેમના પર કોઈ બલા નાઝિલ નથી થતી તો પોતાની જાત પર અફસોસ કરે છે કે આજે મહબૂબે મને યાદ ન કર્યો, છોડી દીધો ! જ્યારે મહબૂબ બલા નાઝિલ કરે છે તો તેને યાદ ફર્માવવું કહે છે અને ખુશીમાં શુક્રનાના નફ્લ અદા કરે છે કે મહબૂબની યાદમાં આવી ગયા !

હે દુરવેશ ! ઈશ્કની રાહમાં મુખ્લિસ (નિઃસ્વાર્થ, નિખાલસ) એ જ છે જે દુઃખ તકલીફ અને મુસીબતની આરઝૂ કરે, કેમ કે આ દર્દ તથા રંજ પણ મહબૂબના અસ્રાર (રાઝો) તથા અન્વારે મહોબ્બતનો હિસ્સો છે. ખ્વાજા મન્સૂર હલ્લાજ એક વરસ સુધી તાવની બીમારીમાં સપડાયેલા રહ્યા. એ એક વરસમાં ખ્વાજા મૌસૂફે પોતાના વઝીફા તથા ઈબાદતોમાં એક રજ માત્ર કમી ન કરી બલ્કે વધારે કરી આપી.

સાલિકીન (સાચા સૂફીઓ)નો ઈર્શાદ છે કે તકલીફ તથા દુઃખ તો આશિકો માટે શિરીની (Sweet)ની જેમ છે કે જે ખુશીના સમયે બાળકોમાં વહેંચે છે કે જેથી તેઓ ખુશ થઈ જાય. જો દર્દ તથા તકલીફમાં નેઅમત ન હોત તો આદમ સફીયુલ્લાહ علیہ السلام એને કબૂલ ન કરત. અને જો ગમમાં પડવામાં બેહિસાબ રાહતનો સામાન ન હોત તો સૈયદના ઐયૂબ علیہ السلام સબ્ર ન કરતા અને જો દર્દ તથા બલામાં ઉમંગ

તથા ઈશ્તિયાક્ ન હોત તો સૈયદના દાઊદ علیہ السلام હજારો આરઝૂઓથી એની તલબ ન કરતા, અને તકલીફવાળી રિયાઝત તથા મુજાહિદા ન કરતા. તો એવું કહી શકાય છે કે તમામ અંબિયા, અવલિયા અને બારગાહના આશિકો હજારો આરઝૂઓ વડે આ મુસીબતોના ખુદાની બારગાહથી તલબગાર થયા છે. એટલા માટે રાહે સુલૂકમાં આ જ લોકો મુહિબ્બાને મુખ્લિસ (મુખ્લિસ મહોબ્બત કરનારા) કહેવાને પાત્ર છે. અને જેની પાસે દર્દ તથા તકલીફમાંથી કોઈ સામાન ઝાદે રાહ (માર્ગનું ભાથુ)ના રૂપે નથી તે કદાપિ વાસિલીન તથા આશિકીનની સફમાં ગણના પામવાને પાત્ર નથી અને ન તો હઝરત હક્કમાં પહોંચનો શરફ હાંસલ કરવાનો મુસ્તહિક્ છે.

આ સ્થળે હઝરત અક્દસની આંખોમાં આંસુ આવી ગયાં અને ફર્માવ્યું, હે દુરવેશ! આપણે મુસાફર છીએ અને બલાના માર્ગ પર બેઠેલા છીએ અને એ બલા દુનિયા છે. **અચાનક આપણી ઉમ્રનું પાથરણુ લપેટી દેવામાં આવશે અને આપણુ ઠેકાણુ ક્બ્રને ઠરાવી દેવામાં આવશે.** આટલુ ફર્માવ્યું અને ઉઠીને ઉભા થઈ ગયા અને આલમે તહૈયૂરમાં મશગૂલ થઈ ગયા.

છેવટમાં અર્ઝ છે કે આ મલ્ફૂઝાતે ગિરામી તે અસ્રાર (રહસ્યો) તથા અન્વાર તથા શબ્દોનાં મોતીઓ છે જે આ ખાદિમે (હઝરત ખ્વાજા બદર ઈશાક رحمۃ اللہ علیہએ) હઝરત શયખુલ ઈસ્લામ (હઝરત ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ)ની ખિદમતે અક્દસમાં ૧૨ વરસો સુધી રહીને સાંભળ્યા છે જેને લેખિત સ્વરૂપમાં લાવવામાં આવેલ છે. જિંદગી બાકી રહી તો ઈન્શા અલ્લહુ તઆલા ભાવિમાં પણ જે ઈર્શાદ સાંભળવાની સઆદત નસીબ થશે તેને લેખિત સ્વરૂપ આપીશું. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

(**લખનાર** : અબ્દુસ્સમીઅ, રઝા મંઝિલ, ૩૮૪ ફરીદ ટાઉન, સાહીવાલ, ૧૦ ઝી ક્અદા, હિ.સ. ૧૩૯૦, અ.તા. ૧૪–૧૦–૧૯૭૦) (સંપૂર્ણ)

---

પેજ નં.૩૮ નું ચાલુ.. ઈબ્ને અબી ઉરૂબા હઝરત કતાદાથી જ બયાન કરે છે કે, રાવીના ખયાલ પ્રમાણે.......તેમણે ફર્માવ્યું, જ્યારે ચાર હઝરાત એકત્ર થાય તો હું એમના સિવાય કોઈ અન્યની તરફ ધ્યાનિત નથી થતો અને ન એ લોકોની પરવા કરતો જે એમનો વિરોધ કરે. તે ચાર હઝરાત આ છે : (૧) હઝરત હસન બસરી (૨) હઝરત ઈબ્ને મુસૈયબ (૩) હઝરત ઈબ્રાહીમ નખઈ (૪) હઝરત અતા. આ લોકો અઈમ્મતુલ અમ્સાર (મોટા મોટા શહેરો, દેશોના ઈમામો) છે. *(હવાલો : ઉપર મુજબ)*

અઅ્લામમાં છે : "હઝરત અતા મક્કાવાસીઓના મુફતી તથા મુહદ્દિષ છે." *(અલ અઅ્લમ લિઝ્ ઝરકલી, ૪/૨૩૫, દારુલ ઈલ્મ લિલ્ મલાઈન)*

**ઈલ્મે હદીષ** : આપ ઉચ્ચ કોટીના મુહદ્દિષ હતા. ઈમામ ઈબ્ને સઅદે અમુક અહલે ઈલ્મના હવાલાથી લખ્યું કે હઝરત અતા કષીરુલ હદીષ (ખૂબ જ અધિક હદીષો જાણનાર) હતા. આપ આ ઈલ્મની એટલી કાળજી તથા લેહાઝ રાખતા હતા કે જ્યારે કોઈ એવી હદીષ બયાન કરતું જે આપને માલૂમ ન હોતી છતાં પણ ધ્યાનપૂર્વક સાંભળતા અને કોઈની દખલગીરી સહન ન કરતા.

મઆઝ ઈબ્ને સઈદનું બયાન છે : અમે લોકો હઝરત અતાની પાસે હતા. એક શખ્સે હદીષ વર્ણન કરી તો બીજાએ એને રોક્યો. એના પર હઝરત અતા ગુસ્સે થઈ ગયા. ફર્માવ્યું, આ કેવો અખ્લાક્ છે ! આ કેવા સ્વભાવો છે ?! બખુદા એક શખ્સ મને હદીષ વર્ણવે છે, જ્યારે કે મને એનો એનાથી વિશેષ ઈલ્મ હોય છે. એ પણ શક્ય છે કે તેણે એ હદીષ ખુદ મારાથી જ સાંભળી હોય, છતાં હું ખામોશીપૂર્વક સાંભળું છું અને એવું જાહેર કરું છું કે મેં એના પહેલાં નથી સાંભળી. *(અત્તબક્ાતુલ કુબરા, ૫/૩૨૦, દારે અહયાઉત્તરાયિલ અરબી, બૈરૂત, લબનાન)*

# શરહે હ઼દાઈકે બખ્શિશ

ભાગ-ૠ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

શરહે હદાઈકે બખ્શિશ ભાગ-ૠ ચાલુ

## (નઅત શરીફ : ૭૪)

ક઼સીદએ નૂર (સુબ્હ તયબહમેં હૂઈ.....)

**સુબ્હ તયબહમેં હૂઈ બટતા હૈ બાળા નૂર કા**
**સદક઼ા લેને નૂરકા આયા હૈ તારા નૂર કા**

*(તયબહ = મદીના પાક, બાળા = ખૈરાત, ભીખ.)*

**અર્થાત :** આપણા આક઼ા વ મૌલા ﷺના મદીના શહેરમાં જ્યારે પણ સવાર થાય છે તો નૂરની ખયરાત વહેંચાવા માંડે છે, અને કેવળ જમીનવાળા ખાકી જ ખૈરાત લેવા માટે દામન નથી ફેલાવતા બલ્કે નૂરાની તારો પણ નૂરની ભીખ લેવા માટે દરે મુસ્તફા ﷺ પર હાજર થાય છે.

**ક઼સીદએ નૂરના બારામાં કાંઈક :** આ'લા હઝરત, ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત મૌલાના શાહ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ પોતાનો આ મશહૂર ક઼સીદો "ક઼સીદએ નૂર" જેનો પ્રથમ શેઅર છે : *સુબ્હ તયબહમેં હૂઈ બટતા હૈ બાળા નૂરકા—સદક઼ા લેને નૂરકા આયા હૈ તારા નૂરકા*

આખરી શેઅર છે : *અય 'રઝા' યહ અહમદે નૂરી કા ફયઝે નૂર હૈ – હો ગઈ મેરી ગઝલ બઢકર ક઼સીદા નૂર કા*

**અર્થાત :** સૌ પ્રથમ આ ક઼સીદો ઉર્સે ક઼ાદરી બદાયૂંમાં ૫–જમાદિઉલ આખર, હિ.સ. ૧૩૧૭ના રોજ પઢવામાં આવ્યો જેમાં હિંદુસ્તાનના નામવર ઉલમા તથા મશાઈખ મૌલાના અબ્દુલક઼ાદિર બદાયૂની, મૌલાના વસી અહમદ મુહદ્દિષે સુરતી મૌલાના હાદી અલીખાં સીતાપૂરી, મૌલાના હિદાયત રસૂલ, શાહ મુહમ્મદ ફાખિર ઈલાહાબાદી, મૌલાના અબ્દુસ્સમદ સહવાની, શાહ અલી હુસૈન અશરફી મિયાં કછોછવી, શાહ તજમ્મુલ હુસૈન શાહજહાંપુરી વગેરે મૌજૂદ હતા. હઝરત શાહ અબુલ હસન નૂરી મિયાં મશાઈખના સદર હતા. હઝરત ફાઝિલે બરેલ્વી પણ બિરાજમાન હતા. બદાયૂંના મશહૂર નઅતખ્વાં હબીબ ક઼ાદરી મર્હૂમે પોતાના વિશિષ્ટ અંદાઝમાં 'ક઼સીદએ નૂર' પઢયો. લોકો વર્ણન કરતા હતા કે મેહફિલ સરાપા નૂર બની ગઈ ! એક એક શેઅર ચાર ચાર પાંચ પાંચ વાર પઢવામાં આવ્યો. કૈફ તથા સુરૂરની એક કૈફિયત છવાયેલી હતી. તેહસીન (દાદ) તથા આફરીનના નારા હતા. દસ વાગે આ ક઼સીદો શરૂ થયો અને ઝોહર પહેલાં ખત્મ થયો.

હઝરત શાહ અહમદ નૂરી قدس سرہએ જે ગરદન ઝુકાવીને મુરાકિબામાં નજર આવી રહ્યા હતા. ગરદન ઉઠાવી અને દુઆ માટે હાથ ઉઠાવ્યા. હઝરત ફાઝિલે બરેલ્વી દીવાગીના અંદાઝમાં ઉઠયા અને આપોઆપ એક ચીસ નીકળી અને હઝરત મિયાં સાહબ ક઼િબ્લાની જાંગ મુબારક પર માથુ રાખી દીધું.... સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી.

www.barkatekhwaja.net

મૌલાના અલી અહમદ ખાન અસીરે પણ એ જ જમીન (તર્ઝ) પર એક કૃસીદએ નૂર લખ્યો હતો જે એ જ દિવસે રાતે વઅઝ પૂરી થયા પછી પઢવામાં આવ્યો એ કૃસીદાનો મત્લઅ (પ્રથમ કડી) છે :–

*મરહબા આયા અજબ મૌસમ સુહાના નૂર કા–બુલબુલેં ગાતી હૈં ગુલશનમેં તરાના નૂર કા*

કૃસીદાનો અંત આ પ્રમાણે થયો :

*હૂં મુકલ્લિદ મૈં 'રઝા'કા ઈસ ઝમીને નૂર મેં–મૈંને ભી જાગીર મેં પાયા ઈલાકૃા નૂર કા*

*દો જહાંમે રાત દિન યા રબ 'રઝા'કે સાથ સાથ–બહરે ઝુન્નૂરૈન રખના હમપે સાયા નૂર કા*

*નૂર કી બારિશ ઝમાઝમ હોતી આતી હૈ 'અસીર'–લો 'રઝા' કે સાથ બળ્હકર તુમ ભી હિસ્સા નૂર કા*

કદાચ અહીં એ વર્ણન પણ અસ્થાને ન હશે કે મૌલાના ઝિયાઉદ્દીન બદાયૂની મર્હૂમ (વફાત ઈ.સ. ૧૯૭૦)એ પણ એ જ જમીનમાં એક કૃસીદો હિ.સ. ૧૩૭૬માં ઐતિહાસિક નામ "નૂરે ખુર્શીદ" લખ્યો જેની પ્રથમ કડી છે.

*ઓજે અર્શે પાકસે ચમકા સિતારા નૂર કા– સુબ્હે મીલાદુન્નબી આલમ હૈ સારા નૂર કા*

છેવટના બે શેઅર જોઈ લો :

*હૈ મુનવ્વર નૂરસે કૃબ્રે 'રઝા' કૃબ્રે 'અસીર'–ઈનકે સદકૃે યહ કૃસીદા ભી હો સારા નૂર કા*

*અય અરબકે ચાંદ ચમકા દે મેરી લોહે જબીં–હો 'ઝિયા'કો ફિર મદીનેમેં નઝારા નૂર કા*

*(મઆરિફે રઝા, હિ.૧૪૦૩, માહે સફરુલ મુઝફ્ફર, લેખ લખનાર : ડો. મુહમ્મદ ઐયૂબ કૃાદરી)*

**બાગે તયબહ મેં સુહાના ફૂલ ફૂલા નૂર કા**
**મસ્ત બૂ હૈં બુલબુલેં પળ્હતી હૈ કલ્મા નૂર કા**

**અર્થાત :** તયબહના ગુલશનમાં એક એવુ પ્યારુ તથા નૂરાની ફૂલ ખિલ્યું જેની દિલ તથા રૂહને સુગંધિત કરી દેનારી ખુશ્બુથી મસ્ત તથા સરશાર થઈને બુલબુલોએ નૂરનું ગીત શરૂ કરી દીધું અને તે દિવસથી લઈને આજ સુધી ગાય રહી છે અને કૃયામત સુધી ગાતી રહેશે. જેમનામાંથી એક બુલબુલ ચમનિસ્તાને રિસાલત આ'લા હઝરતની ઝાત છે અને નૂરનું ગીત 'કૃસીદએ નૂર' છે જે પૂરી દુનિયામાં પૂરી અકૃીદત તથા મહોબ્બતની સાથે ઝુમી ઝુમીને પઢવામાં તથા સાંભળવામાં આવે છે.

**બારહવીં કે ચાંદકા મુજરા હૈ સજદા નૂર કા**
**બારહ બુર્જોસે ઝુકા ઈક એક સિતારા નૂર કા**

*(મુજરા = સલામ તથા આદાબ. બુર્જ = રાશિ)*

**અર્થાત :** જ્યારે પણ ચાંદની બારમી તારીખ આવે છે તો આસ્માનનો ચાંદ બારહ રબીઉલ અવ્વલ હુઝૂર ﷺની વિલાદત બા સઆદતની ખુશી તથા નિસ્બતથી ઝુકી ઝુકીને હુઝૂર ﷺની બારગાહમાં આદાબ તથા સલામી પેશ કરે છે અને ન કેવળ ચાંદ બલ્કે આકાશના વર્તુળના બાર રાશિ મંડળનો દરેકે દરેક તારો પણ ઝુકીને હુઝૂર ﷺની બારગાહમાં સલામ તથા નિયાઝમંદી પેશ કરે છે અને અર્ઝ કરે છે કે :

*તેરે આને સે રોનક આ ગઈ ગુલઝારે હસ્તીમેં–શરીકે હાલે કિૃસ્મત હો ગયા ફિર ફઝ્લે રબ્બી*

*તેરા દર હો મેરા સર હો, મેરા દિલ હો તેરા ઘર હો–તમન્ના મુખ્તસર સી હૈ મગર તમ્હીદ તૂલાની*

*(હફીઝ જાલંધરી)*

**ઉનકે કસ્રે કદરસે ખુલ્દ એક કમરા નૂર કા**
**સિદરા પાએઁ બાગમેં તન્હા સા પૌદા નૂર કા**

*(કસ્ર = મહેલ, કદર = ઈજ્જત, ખુલ્દ = જન્નત)*

**અર્થાત :** આ જન્નત શું છે ? મારા આકા ﷺની ઈજ્જત તથા અઝમતના મહેલનો એક નૂરાની કમરો છે. અને આ સિદતુલ મુન્તહા (બોરડીનું ઝાડ જ્યાં જિબ્રઈલ علیہ السلام રહે છે) સરકારે મદીના ﷺની અઝમતના બાગનો એક નાનો સરખો છોડ છે. જે આકાનું મકાન આટલુ મોટુ છે એ મકાનના મકીં (રહેવાસી)ની અઝમતનો અંદાઝો કોણ કરી શકે છે ?!

**અર્શ ભી ફિરદૌસ ભી ઈસ શાહેવાલા નૂર કા**
**યહ મષ્મને બુર્જ વો મશ્કૂએ આ'લા નૂર કા**

*(મષ્મન = આઠ ખૂણીયા, મશ્કૂએ આ'લા = શાહી મહેલનો ઉપલો માળ)*

**અર્થાત :** અર્શે મુઅલ્લા હોય કે જન્નતુલ ફિરદોસ (સૌથી ઉચ્ચ જન્નત) હોય સર્વ કાંઈ હુઝૂર ﷺના જ માટે છે. (અર્શે મેઅરાજની રાતે તથા કયામતના દિવસે આપે બેસવાના માટે તથા જન્નત હુઝૂર ﷺના ગુલામોના માટે تِلْكَ الْجَنَّةُ الَّتِيْ نُوْرِثُ مِنْ عِبَادِنَا مَنْ كَانَ تَقِيًّا ۝. ''અમે એ જન્નતના અમારા નેક બંદાઓને વારિસ બનાવી દઈશું.'' *(સૂ. મરયમ)* જ્યારે અલ્લાહના બંદા જન્નતના વારસ છે તો ''અલ્લાહ નબી વારિસ'' કહેવું શિર્ક શાથી છે ?

અને જ્યારે અવલિયા અલ્લાહ જન્નતના વારસ છે તો લાહોર દાતાની નગરી, પાકિસ્તાન બાબાની નગરી, અજમેર ખ્વાજાની નગરી કહેવું શાથી નાજાઈઝ થશે ?!

આ આઠ ખૂણાઓવાળો અર્શ આપનો આઠ બાજુવાળો મહેલ છે અને જન્નતુલ ફિરદોસ આપના નૂરાની મહેલનો ઉપલો માળ છે.

*તેરે સાનેઅસે કોઈ પૂછે તેરા હુસ્નો જમાલ–ખૂદ બનાયા ઔર બનાકર ખૂદ હી પ્યારા હો ગયા*
*ક્યૂં ન હો તુમ માલિકે મુલ્કે ખુદા મિલ્કે ખુદા–સબ તુમ્હારા હૈ ખુદા હી જબ તુમ્હારા હો ગયા*

*(ઝૌકે નઅત)*

**આઈ બિદઅત છાઈ ઝુલ્મત રંગ બદલા નૂર કા**
**માહે સુન્નત મહરે તલ્અત લે લે બદલા નૂર કા**

*(ઝુલ્મત = અંધારું, માહ = ચાંદ, મહર = સૂરજ. તલ્અત = તુલૂઅથી હોય તો નીકળવું, બીજો અર્થ છે ચહેરો.)*

**અર્થાત :** હે મારા નૂરવાળા આકા ! કુફ્ર, બિદઅત તથા બદઅકીદગીનો અંધકાર વધતો જ જઈ રહ્યો છે અને આપની દીનની નૂરાનીયતનો રંગ બદલાતો જઈ રહ્યો છે (મુસ્લિમ ઉમ્મત પડતીનો શિકાર થયેલી છે. મુસ્લિમ હાકિમો કાફિરોના ચમચા અને એજન્ટ બની ગયા છે. ઈસ્લામી નિશાનીઓનો મઝાક ઉડાવીને તેની અહમિયત ખત્મ કરવામાં આવી રહી છે, જેહાદને આતંકવાદનું નામ આપવામાં આવી રહ્યું છે.

*ફર્યાદ હૈ અય કશ્તીએ મિલ્લત કે નિગેહબાન–બેળા યહ તબાહી કે કરીબ આન લગા હય*

**અર્થાત :** હે સુન્નત વ તરીકએ ઈબ્રાહીમ علیہ السلامના ચમકતા ચાંદ ! અને રોશન ચહેરાવાળા સિરાજમ્મુનીર આકા ! આ અંધારાંઓને મિટાવીને દીને ઈસ્લામની હિમાયત કરતાં કુફ્ર તથા બેદીનીથી બદલો લઈ લો. –*(ક્રમશઃ)*



www.barkatekhwaja.net

# તઝકેરતુલ અવલિયા

## હઝરત હાતિમ બિન અસમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૫૩

**ઓળખ** : આપ હઝરત શફીક બલ્ખી رحمۃ اللہ علیہ ના મુરીદ અને હઝરત અહમદ ખિઝરવિય્યહના મુર્શિદ હોવાની સાથોસાથ ઝોહદ તથા ઈબાદતમાં સમયના અજોડ હતા અને બાલિગ થયા બાદ જિંદગીભર કદાપિ યાદે ઈલાહીથી ગાફેલ નથી રહ્યા અને આખુ જીવન સિદ્ક઼ (સત્ય) તથા ઈખ્લાસમાં ગુજારી.

હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ થી નક઼લ થયેલ છે કે હઝરત હાતિમ અસમની અમારા દૌરના સિદ્દીક઼ોમાં ગણના થાય છે, અને આપનાં કથનો નફ્સને ઓળખાવે છે અને નફ્સના ધોકાથી બચવા માટે ખૂબ જ લાભદાયી છે. આપનું એક કથન એ છે કે જો દુનિયાવાળા તમને પૂછે કે તમે હાતિમ અસમથી શું મેળવ્યું ? તો એવું કદી ન કહેશો કે અમે તેમનાથી ઈલ્મ તથા હિકમત હાંસલ કર્યા બલ્કે એવું કહેજો કે અમે કેવળ બે વાતો શીખી છે, પ્રથમ : એ કે જે ચીજ આપણા કબજામાં હોય એના પર ખુશ રહો, બીજુ : એ ચીજની અપેક્ષા કદી ન રાખો જે પોતાના કબજામાં ન હોય.

**પર્દાદારી** : એક સ્ત્રી આપની પાસે કોઈ મસ્અલો પૂછવા આવી તો સંજોગોવસાત તેણીનો વા સરી ગયો જેના કારણે તે ખૂબ જ શર્મિંદી થઈ ગઈ. પરંતું આપે કહ્યું કે જોરથી વાત કહો, હું બહેરો છું ! પછી તેણીએ મોટા અવાજે મસ્અલો પૂછયો તો આપે જવાબ આપી દીધો. પણ હક઼ીક઼તમાં આપ બહેરા ન હતા, બલ્કે એ સ્ત્રીની શર્મિંદગી દૂર કરવા માટે જાણી જોઈને બહેરા બની ગયા હતા. અને જ્યાં સુધી તે સ્ત્રી હયાત રહી ત્યાં સુધી આપ સતત બહેરા બનેલા રહ્યા. એના કારણે આપને અસમ (બહેરા) કહેવામાં આવે છે.

### ★ આપની દુઆની બરકત અને કફનચોર ★

બલ્ખમાં આપે વઅઝ દરમિયાન ફર્માવ્યું કે હે ખુદા ! આ મજલિસમાં જે સૌથી અધિક પાપી હોય તેની મગફિરત ફર્માવી દે. સંજોગોવસાત ત્યાં એક કફન ચોર પણ મૌજૂદ હતો. અને જ્યારે રાતે તેણે કફન ચોરવા માટે એક કબરને ખોલી તો નિદા (ગયબી અવાજ) આવી કે આજે જ તો હાતિમના સદક઼ામાં તારી મગફેરત થઈ હતી અને આજે જ પાછો તું ગુનાહમાં પડવા માટે આવી પહોંચ્યો ?! એ પુકાર સાંભળીને તે હમેશાં માટે તાઈબ (તૌબા કરી તેના પર કાયમ રહેનાર) થઈ ગયો.

### ★ ચાદર ફેંકતાં સોનુ જ સોનુ ! ★

હઝરત મુહમ્મદ રાઝી رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે મેં આપને કદી ગુસ્સે થતા નથી જોયા. અલ્બત્ત એકવાર આપ બજાર જઈ રહ્યા હતા તો આપના કોઈ શાગિર્દથી દુકાનદાર પોતાનુ કરજ માગી રહ્યો હતો. તે વખતે આપે ગઝબનાક થઈને પોતાની ચાદર જમીન પર ફેંકી દીધી અને પૂરા બજારમાં સોનુ જ સોનુ ફેલાય ગયું. પછી આપે ગુસ્સામાં દુકાનદારને કહ્યું કે તારા કરજના જેટલુ સોનુ ઉઠાવી લે ! પરંતુ જો એક રજમાત્ર પણ વધારે ઉઠાવ્યું તો તારા હાથ સુન મારી જશે. પરંતુ તેણે લાલચમાં થોડુક વધારે સોનુ ઉઠાવી લીધું તો એ જ ઘડીએ બંને હાથ સુન મારી ગયા.

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

### ★ સળગતા તવા પર ઉભા થઈ ગયા ! ★

ત્રણ શર્તો સાથે આપે એક શખ્સની દા'વત કૂબૂલ કરી લીધી. પ્રથમ એ કે જે જગાએ ચાહું બેસું. બીજુ જે ચાહું ખાઉં. ત્રીજુ મારા કહેવા પર તારે અમલ કરવો પડશે. જેથી તેમને ત્યાં પહોંચીને પગરખાંઓમાં બેસી ગયા, અને પોતાની જ પાસેથી બે રોટીઓ કાઢીને ખાય લીધી. પછી મેજબાનને કહ્યું કે એક તવો ગરમ કરીને લઈ આવો. અને જ્યારે તવો આવી ગયો તો આપે સળગતા તવા પર ઉભા રહીને કહ્યું કે મેં કેવળ બે રોટીઓ ખાધી છે. પછી તવા પરથી ઉતરીને મજલિસવાળાઓને કહ્યું કે જો તમારો એ અક઼ીદો છે કે ક઼યામતમાં દરેક ચીજની પકડ થશે તો આ સળ ગતા તવા પર ઉભા થઈ જાવ ! પરંતુ લોકોએ અર્ઝ કર્યું કે, એ અમારા વશની વાત નથી. આપે ફર્માવ્યું કે **જ્યારે તમે આ અમલથી આ સમયનો હિસાબ નથી આપી શકતા તો પછી આગની બનેલી મેહશરની જમીન પર ઉભા રહીને આખી જિંદગીનો હિસાબ કેવી રીતે આપી શકશો ?!** પછી આપે આ ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيمِ ۝ આયતની સ્પષ્ટતા (તો જરૂર એ દિવસે તમને નેઅમતોની પૂછપરછ થશે. સૂરએ તકાષૂર, ૧૦૨/૮) અને આપની તશ્રીહની વર્ણન શૈલી કાંઈક એવી હતી કે જાણે હશ્રનું મેદાન નિગાહો સમક્ષ છે અને સર્વ મજલિસવાળાઓ બેચૈન થઈને ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરવા લાગ્યા.

**બનાવ** : કોઈ માલદારે આપને કાંઈક રકમ આપવાની રજૂઆત કરી તો આપે મના કરતાં ફર્માવ્યું કે હું એ ડરથી નથી લેતો કે તારા મૃત્યુ બાદ મને અલ્લાહ તઆલાને એ કહેવાનો મોકો ન મળે કે જમીનનો રઝ્ઝાક઼ તો મરી ગયો જેથી તું મારી જરૂરતો પૂરી કર. કોઈએ આપને સવાલ કર્યો કે આપને રોજી ક્યાંથી મળે છે ? ફર્માવ્યું કે ખુદાના ખજાનાથી. તેણે આપને કહ્યું કે તમે તો લોકોને ધોકો આપી આપીને રિઝ્ક઼ હાંસલ કરો છો ?! આપે સવાલ કર્યો કે મેં તારી પાસેથી પણ કોઈ રકમ લીધી છે ? તેણે કહ્યું, નહીં. આપે ફર્માવ્યું કે, કાશ ! તું મુસલમાન થઈ જાત. એણે કહ્યું કે આપ તો હમેશાં ટેઢી બહષ કરતા રહો છો. આપે ફર્માવ્યું, હું તો એટલા માટે હુજ્જત (દલીલ) પેશ કરી રહ્યો છું કે ક઼યામતમાં અલ્લાહ તઆલા બંદાઓથી દલીલ માગશે. તેણે કહ્યું, આ તો સૌ કહેવાની વાતો છે. આપે ફર્માવ્યું, આ હુકમોને તું એ વાતો સાથે સરખાવે છે જે હુકમોના કારણે તારી મા તારા બાપના માટે હલાલ થઈ. પછી તેણે પૂછયું કે શું તમને આસ્માનથી રિઝ્ક મળે છે ? ફર્માવ્યું કે મને શું ! સર્વ આલમના માટે આસ્માનથી જ રોજી નાઝિલ થાય છે. તેણે કહ્યું કે જો એવું છે તો તમે એક જગા પર જાવ, પછી હું જોઉં છું કે આપને રોજી કેવી રીતે મળે છે ? આ સાંભળીને આપ પૂરા બે વરસ એક ગુફામાં પડયા રહ્યા અને અલ્લાહ તરફથી તેમને રોજી મળતી રહી. પછી એ શખ્સે એકવાર સવાલ કર્યો કે આપે કોઈને બીજ રાખ્યા વિના ફસલ કાપતો જોયો છે ? ફર્માવ્યું કે, હા ! તમે ખુદ બીજ વાવ્યા વિના તમારા વાળ કાપતા રહો છો. આ સાંભળીને તેણે સંપૂર્ણપણે તૌબા કર લીધી અને આપે તેને નસીહત કરી કે મખ્લૂક઼થી સંબંધ કટ કરીને એ રીતે ઈબાદતમાં મશગૂલ રહો કે એના સિવાય કોઈને ઈલ્મ ન થઈ શકે, અને હમેશાં મખ્લૂક઼ની ખિદમત કરતા રહો કે જેથી તેઓ તમારી ખિદમત કરે.

**રોજી** : આપે ઈમામ અહમદ બિન હંબલને સવાલ કર્યો કે તમે રોજીની શોધ કરો છો કે નહીં ? ઈમામ સાહબે જવાબ આપ્યો કે યક઼ીનન ! તલાશમાં રહું છું. આપે પૂછયું, સમય પહેલાં કે સમય બાદ

www.barkatekhwaja.net

અથવા એ જ સમયે કરો છો. આ સાંભળીને ઈમામ સાહબ આશ્ચર્યમાં પડી ગયા, એટલા માટે કે જો એવું કહે કે, સમય પહેલાં તલાશ કરું છું, તો કહેશે કે તમે સમય વેડફો છો. અને જો સમય બાદ કહી દઉં તો કહેશે કે વહી ગયેલી ચીજની શોધ નિરર્થક છે. અને જો એવું કહું કે સમય પર શોધુ છું તો ફર્માવશે કે મૌજૂદ ચીજની શોધથી શું ફાયદો ? પરંતુ એક બુઝુર્ગ ફર્માવે છે કે જવાબ એ હોવો જોઈતો હતો કે રોજીની તલાશ ન ફર્ઝ છે, ન સુન્નત, એટલા માટે એની શોધ જ નિરર્થક છે, કેમ કે રોજી તો આપણને ખુદ તલાશ કરતી ફરે છે, જેવું કે હદીષમાં છે : રોજી તો ખુદ તમારી પાસે પહોંચે છે, તમારે શોધવાની શું જરૂરત છે.

એકવાર આપે જેહાદના ઈરાદાથી પત્નીને પૂછયું કે તમારે ચાર મહિનાના ખર્ચ માટે કેટલી રકમની જરૂરત છે ? પત્નીએ અર્ઝ કર્યું કે જેટલી મારી જિંદગી હોય એટલી રકમ આપી દો. આપે કહ્યું કે જિંદગી તો મારી કુદરતના તાબાથી બહાર છે. પત્નીએ કહ્યું કે, પછી મારી રોજી આપના હાથમાં કેવી રીતે હોય શકે છે ?! એના બાદ જ્યારે આપ જેહાદમાં શરીક થયા તો એક કાફિરે કત્લ કરવા માટે તલ્વાર ઉગામી તો કોઈ બાજુથી એવું તીર આવીને લાગ્યું કે તે ત્યાં જ ફસાઈ પડયો. આપે ફર્માવ્યું કે તેં મને કત્લ કર્યો કે મેં તને !

**નસીહત** : કોઈએ આપને નસીહત કરવાની દરખાસ્ત કરી તો ફર્માવ્યું કે, જો દોસ્તની ખ્વાહિશ છે તો ખુદા પૂરતો છે. જો સાથીઓની તમન્ના છે તો નકીરૈન પૂરતા છે. અને જો ઈબ્રત (બોધ) ગ્રહણ કરવા ચાહો તો દુનિયા પૂરતી છે. જો સાથીની તલાશ છે તો કુર્આન ઘણુ જ પૂરતુ છે. જો વ્યસ્તતા ચાહો છો તો ઈબાદત ઘણો જ મોટો વ્યવસાય છે, અને જો મારાં કથનો નાપસંદ હોય તો જહન્નમ પૂરતી છે.

**જિંદગી** : અમુક લોકોએ આપને વર્ણવ્યું કે ફલાણી વ્યક્તિએ ઘણી જ દોલત ભેગી કરી લીધી છે. આપે પૂછયું કે શું જિંદગીનો પણ ઝખીરો કરી લીધો છે ? કેમ કે મુડદાંઓનું દોલત ભેગી કરી લેવું તદન બેકાર છે. કોઈએ આપને અર્ઝ કરી કે જો તમારે કોઈ ચીજની જરૂરત હોય તો જણાવી આપો ! આપે ફર્માવ્યું કે મારી સૌથી મોટી જરૂરત તો એ છે કે ન હું તને કદી જોઉં અને ન તું મને જુએ. પછી કોઈએ પૂછયું કે આપ નમાઝ કેવી રીતે અદા કરો છો ? ફર્માવ્યું કે પ્રથમ જાહેરી વુઝૂ કરું છું, પછી બાતિની, એટલે તૌબા કરીને મસ્જિદમાં પ્રવેશું છું. પછી મસ્જિદે હરામ અને મકામે ઈબ્રાહીમ નજરો સમક્ષ હોય છે, અને જમણે ડાબે જન્નત તથા જહન્નમ, અને પગો નીચે પુલસિરાત હોય છે. પછી ખુદાને સામે અને મોતને પાછળ ખયાલ કરીને દિલને અલ્લાહ તરફ રુજૂઅ કરી લઉં છું. પછી તા'ઝીમની સાથે તકબીર કહીને એહતેરામની સાથે કયામ કરું છું અને હયબતને લઈને (ડર સાથે) કિરાઅત શરૂ કરું છું અને આજીજી સાથે રુકૂઅ તથા સિજદા કરીને ઈલ્મની સાથે કાયદો કરું છું અને શુક્ર અદા કરીને સલામ ફેરવી લઉં છું.

**આપના આદેશો** : આપે ઉલમાની જમાઅતની તરફથી પસાર થતાં ફર્માવ્યું કે વહી ગયેલ દિવસ પર અફસોસ અને વર્તમાન દિવસને ગનીમત ખયાલ કરીને આવનાર દિવસથી ભયભીત છો તો બેહતર છે, નહીં તો જહન્નમ તમારા માટે તૈયાર છે. ફર્માવ્યું કે ખુદા તઆલાએ ત્રણ ચીજોનું આપસમાં કનેકશન કરેલુ છે : ફરાગત (નવરાશ)નું ઈબાદત સાથે, ઈખ્લાસનું મખ્લૂક સાથે, નજાતની માયૂસીમાં અહકામોને અંજામ આપવાથી. ફર્માવ્યું કે પુરબહાર બાગો પર ઘમંડ ન કરો કેમ કે જન્નતના બાગો કરતાં વિશેષ એ પુરબહાર નથી થઈ શકતા. અને ઈબાદત પર ઘમંડ

કરવાથી એટલા માટે બચો કે ઈબ્લીસ ઈબાદતની અતિશય અધિક્તા હોવા છતાં રબની બારગાહમાંથી મરદૂદ થયો. અને કરામતોની અધિક્તા પર એટલા માટે નાઝ ન કરો કે હઝરત યૂશઅ علیہ السلامના દૌરમાં બની ઈસ્માઈલની એક વ્યક્તિ બલ્અમ બાઊર ખૂબ જ પ્રમાણમાં આબિદ તથા ઝાહિદ હતો, પણ ઘમંડના કારણે અલ્લાહ તઆલાએ તેનું દષ્ટાંત કૂતરા સાથે આપ્યું. ફર્માવ્યું કે આબિદો તથા ઉલમાની સોહબત પર પણ ફખ્ર ન કરો, કેમ કે ષઅલ્બા હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની સોહબતમાં રહીને પણ કોરો રહ્યો. ફર્માવ્યું, દિલના પણ પાંચ પ્રકારો છે : પ્રથમ મુર્દા દિલ, જે કાફિરોનું છે. બીજુ બીમાર દિલ, જે ગુનેહગારોનું છે. ત્રીજુ ગાફિલ દિલ, જે પેટના ગધેડાઓનું છે. ચોથુ કૂલ્બે દાષિરગૂં (ગફલતવાળુ દિલ) જેને કુર્આને قُلُوۡبُنَا غُلۡفٌ (અમારા દિલો પર પર્દા પડેલા છે. –સૂરએ બકરહ, ૨/૮૮)થી તાબિર કરેલ છે, એ યહૂદીઓનાં છે. અને સહીહ દિલ અહલે દિલ હઝરાતનું હોય છે. ફર્માવ્યું કે શહવત (વાસના)ના પણ ત્રણ પ્રકારો છે : પ્રથમ ખાવાની શહવત, બીજી બોલવાની અને ત્રીજી જોવાની. જેથી ખાવામાં ખુદા પર ભરોસો રાખો, વાત હમેશાં સાચી બોલો, જોઈને ઈબ્રત (બોધ) ગ્રહણ કરો. અને નેક અમલોને રિયાથી દૂર રાખો, વાતચીતમાં લાલચને વિદાય કરી દો. સખાવત તથા એહસાન કરીને કદી ન જતાવો. જે ચીજ તમારી પાસે મૌજૂદ છે તેમાં કંજૂસી ન કરો. ફર્માવ્યું કે જેહાદના પણ ત્રણ પ્રકારો છે : પ્રથમ ઈબ્લીસથી એવો જેહાદ જેનાથી તે હારી જાય. બીજો, એલાનિયા જેહાદ એટલે ફર્ઝની અદાયગીના માટે. ત્રીજો, કાફિરો સાથે એ રીતે જેહાદ કરો કે ક્યાં તો ખુદ ખત્મ થઈ જાવ કે તેમને ખત્મ કરી દો. ફર્માવ્યું કે ઝોહદનો પ્રથમ દરજો તવક્કુલ છે, બીજો દરમિયાની દરજો સબ્ર છે અને ત્રીજો આખરી દરજો ઈખ્લાસ છે. ફર્માવ્યું કે દરેક ચીજના માટે શોભા રહેતી હોય છે. અને ઈબાદતની શોભા ખૌફ છે, અને ખૌફની નિશાની આરઝૂઓની કમી છે. પછી આ આયત તિલાવત કરી : اَلَّا تَخَافُوۡا وَلَا تَحۡزَنُوۡا (ન ડરો અને ન ગમ કરો..... *સૂ. ફુસ્સિલત, ૪૧/૩૦*) પછી ફર્માવ્યું કે ઉતાવળીયુ કામ શૈતાનનું હોય છે, પરંતુ **મેહમાન સામે ખાવા રાખવામાં, મુર્દાને કફન દફનમાં, બાલિગ છોકરીના નિકાહ કરવામાં, અને તૌબા કરવામાં ઉતાવળથી કામ લેવું અફઝલ છે.**

**બેપરવાહી (બેનિયાઝી)** : આપ કોઈની પાસેથી કદી કાંઈ લેતા ન હતા. અને જ્યારે લોકોએ કારણ પૂછ્યું તો ફર્માવ્યું કે લેવામાં મારી બેઈજ્જતી અને આપનારની ઈજ્જત થતી હોય છે, અને ન આપવામાં તેનાથી ઉલ્ટુ હોય છે. પરંતુ જ્યારે આપે એકવાર કોઈનાથી કોઈ ચીજ લઈ લીધી તો લોકોએ આશ્ચર્ય દર્શાવ્યું. આપે ફર્માવ્યું કે હું તેની ઈજ્જતને મારી ઈજ્જત પર અગ્રતા આપવા ચાહું છું.

**ઝાહિદ** : બગદાદમાં આપે ખલીફાથી મુલાકાતના સમયે ફર્માવ્યું કે અસ્સલામુ અલૈકુમ ! હે ઝાહિદ ! પરંતુ ખલીફાએ કહ્યું કે હું તો ઝાહિદ નથી બલ્કે આપ ઝાહિદ છો. આપે કહ્યું, ખુદાનું આ ફર્માન છે : قُلۡ مَتَاعُ الدُّنۡيَا قَلِيۡلٌ (એટલે હે નબી ! ફર્માવી દો કે દુનિયાની મતાઅ ઘણી જ થોડી છે. સૂરએ નિસાઅ, ૪/૭૭) અને કેમ કે તું થોડી ચીજ પર (એટલે દુનિયા મળવા પર) રાજી થઈ ગયો એટલે ઝાહિદ છે. અને હું દુનિયા તથા આખેરત પર પણ સંતોષી ન થઈ શક્યો તો પછી હું કેવી રીતે ઝાહિદ થઈ છું.

www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ-૨

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## એડવાન્સ સોદાનું બયાન

**[(બયએ સલમ) (એડવાન્સ રકમ આપીને વેચાણ લેવા બાબત)]**

**મસ્અલા** : સોદાના ચાર પ્રકાર છે : **(૧)** બંને પક્ષે માલ હોવો **(૨)** બંને પક્ષે પૈસા **(૩)** એક બાજુ માલ અને એક બાજુ પૈસા. જો બંને બાજુ માલ હોય તો એને મુકાયઝા કહે છે અને બંને બાજુ પૈસા હોય તો એને બયએ સરફ કહે છે અને ત્રીજા પ્રકારમાં એક બાજુ માલ હોય અને એક બાજુ પૈસા હોય. તેના બે પ્રકાર છે : જો સોદા માટેનો માલ હાજર હોવો જરૂરી હોય તો એ મુતલક વેચાણ કહેવાશે અને કિંમત તરત દેવી જરૂરી હોય તો એ એડવાન્સ વેચાણ કહેવાશે. પરિણામે એડવાન્સ સોદામાં જેને ખરીદવામાં (જે માલને) આવે તે દેવો વેચનારના જિમ્મે રહે છે અને ખરીદનાર તે જ સમયે (ખરીદતી વેળા) કિંમત અદા કરે છે. અને જે રૂપિયા આપે છે તેને રબ્બુસ્સલમ અને મુસ્લમ કહે છે અને બીજાને મુસ્લમ ઈલૈહ અને માલને (વેચાણ માટેની વસ્તુ-માલ) મુસ્લમ ફીહ અને કિંમતને મુદલ કહે છે. મુતલક સોદા માટેના જે અરકાન છે તે આના માટે પણ છે. એને માટે પણ ઈજાબો કબૂલ જરૂરી છે. એક કહે કે મેં તને એડવાન્સ આપ્યા અને બીજો કહે કે મેં કબૂલ કર્યા અને વેચાણના બોલ બોલવાથી પણ એડવાન્સ (રકમ)ની કબૂલાત થઈ જાય છે. *(ફત્હુલ કદીર, દુર્રે મુખ્તાર)*

**એડવાન્સ વેચાણ માટે કેટલીક શરતો છે જેનો લેહાઝ કરવો જરૂરી છે :-**

**(૧)** સોદામાં બંને પક્ષે છૂટની શરતો ન હોય **(૨)** મુદલ રકમના પ્રકારની વાત હોવી જોઈએ કે રૂપિયા, અશરફી, નોટ યા રોકડ પૈસા **(૩)** એની (મુદલની) જાતની વાત થવી જોઈએ. એટલે કે દા.ત. ત્યાં અલગ અલગ પ્રકારના રૂપિયા, અશરફી ચલણમાં હોય તો ચોખવટ કરવી પડશે કે કયા પ્રકારના રૂપિયા કે અશરફીઓ છે. **(૪)** ખરા ખોટા પ્રકારના સિક્કાની ચોખવટ પણ કરવી પડશે. **(૫)** મુદલની ગણતરી (અંદાજ)ની વાત એટલે કે જો સોદાનો સંબંધ એની ગણતરી સાથેનો હોય તો ગણતરીનું વર્ણન કરવું જરૂરી છે ફક્ત ઈશારો કરીને બતાવી દેવું પૂરતું નથી. જેમ કે થેલીમાં રૂપિયા હોય તે બતાવીને એમ કહ્યું કે આ રૂપિયાના બદલામાં હું એડવાન્સ સોદો કરું છું, એ પૂરતું નથી બલ્કે એવું બતાવવું પડશે કે આ સો રૂપિયા છે. અને જો સોદાનો સંબંધ એની ગણતરી સાથેનો ન હોય જેમ કે મુદલ કાપડનો તાકો કે નંગવાર હોય તો એની સંખ્યાની ગણતરી બતાવવાની જરૂર નથી. ઈશારો કરીને નક્કી કરી દેવું પૂરતું છે. જો મુસ્લમ ફીહ બે અલગ અલગ વસ્તુઓ હોય અને મુદલ મકીલ યા મોઝૂં હોય તો દરેકની કિંમત અલગ અલગ નક્કી કરી તેને જાહેર કરવી પડશે અને મકીલ તથા મોઝૂં ન હોય તો વિગતે બતાવવાની જરૂર નથી અને જો મુદ્દત બે અલગ અલગ ચીજો હોય, જેમ કે થોડાક રૂપિયા છે, થોડીક અશરફીઓ છે તો એ બંનેની સંખ્યા બતાવવી જરૂરી છે. એકની

www.barkatekhwaja.net

સંખ્યા બતાવી અને બીજીની બતાવી નહીં તો બંનેમાં એડવાન્સ સહીહ ગણાશે નહીં. **(૬)** એ જ બેઠકના સોદામાં મુદ્દત પર મુસ્લમ ઈલૈહનો કબ્જો થવો જોઈએ.

**મસ્અલા** : એડવાન્સ માટેનો હુકમ એ છે કે મુસ્લમ ઈલૈહ કિંમતનો માલિક બની ગયો અને રબ્બુસ્સલમ મુસ્લમ ફીહનો (માલિક બની જશે) જ્યારે આ સોદો સહીહ થઈ ગયો અને મુસ્લમ ઈલૈહ એ નક્કી કરેલા વખત પર મુસ્લમફીયા હાજર કરી દીધો તો રબ્બુસ્સલમે લેવો જ પડશે. હા ! જો શરતો (નક્કી કરેલી) ખિલાફની તે ચીજ છે તો મુસ્લમ ઈલૈહને મજબૂર કરવામાં આવશે કે જે પ્રમાણે શરતો નક્કી કરી જે માલનો એડવાન્સ સોદો થયો હતો તે મુજબનો માલ હાજર કરે. *(આલમગીરી)*

**મસ્અલા** : એડવાન્સ વેચાણ (સોદો) તે ચીજનું થઈ શકે છે જેની સિફત (ગુણધર્મ) નિશ્ચિત થઈ શકે અને જેની ગણતરી થઈ શકે એમ હોય, તે ચીજ વજન કરી શકાય એવી હોય, જેમ કે ઘઉં, જવ યા વજનદાર જેમ કે લોખંડ, તાંબુ, ધાતુની તપેલી, અથવા ગણતરી થઈ શકે એમ હોય જેમ કે અખરોટ, ઈંડાં, પૈસા, નાસપતી, નારંગી, અંજીર વગેરે. કાચી ઈંટ અને પાકી ઈંટોનું એડવાન્સ સહીહ છે જ્યારે કે ઢાંચો (માપ) મુકર્રર (નક્કી) થઈ જાય. જેમ કે આજના સમયમાં દસ ઈંચ લાંબી અને પાંચ ઈંચ પહોળી હોય છે. એટલી વાત બયાન કરવી પૂરતી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : **ઝેરઈ** ચીજમાં પણ એડવાન્સ (સોદો) જાઈઝ છે. જેમ કે કાપડ. એને માટે જરૂરી છે કે લંબાઈ પહોળાઈની જાણકારી હોય અને તેનો પ્રકાર એટલે કે સુતરાઉ, રેશમી, પોલિસ્ટર યા મુરક્કબ અને ક્યાંની બનાવટ છે, જેમ કે ફલાણા શહેરના ફલાણા કારખાનામાં, ફલાણા માસણના અને જાડુ, પાતળુ કે વજનદાર હશે એ બધાની સ્પષ્ટતા કરવી જરૂરી છે. એનું વજન કેટલું હશે ? જો સોદામાં વજનનો એ'તેબાર થતો હોય તો. એટલે કે અમુક કાપડ એવા પ્રકારનું હોય છે કે જે સારી કવોલિટીનું હોય તે વજનમાં હલકુ હોય છે અને અમુક કાપડ એવુ હોય છે જે વજનમાં ભારે હોય છે અને તે સારું ગણાય છે. બિછાના, ચટાઈઓ, શેતરંજીઓ, ટાટ, કમલ આ બધામાં જો લંબાઈ, પહોળાઈ, સિફત (ગુણધર્મ) વગેરેની જાણકારી મળતી હોય તો એમાં પણ એડવાન્સ વેચાણ થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઘઉંની પેદાશ થતા પહેલાં (પાકતા પહેલાં) એનું એડવાન્સ કરવું નાજાઈઝ છે.

*(આલમગીરી)*

**મસ્અલા** : જે ચીજો ગણતરીની છે (પ્રકાર) જો એડવાન્સમાં (વેચાણમાં) એના માપ, વજનના સાથે એની ગણતરી નક્કી થઈ હોય તો કોઈ વાંધો નથી.

**મસ્અલા** : દૂધ, દહીં વગેરેમાં પણ એડવાન્સ થઈ શકે છે. માપ યા વજન જે રીતે ચાહે તે રીતે નક્કી કરી લે. વજનથી હોય કે માપથી ઘી, તેલમાં પણ દુરસ્ત છે. *(આલમગીરી)*

**મસ્અલા** : ભૂસામાં એડવાન્સ (વેચાણ) દુરસ્ત છે. વજનથી એનું માપ નક્કી કરે. જેમ કે આજકાલ શહેરોમાં વજનથી ભૂસુ વેચાય છે અથવા ગુણોનું માપ ચોક્કસ હોય તો એ રીતે નક્કી કરી લે, નહીંતર જાઈઝ નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : સંખ્યા દર્શાવતી વસ્તુઓ જેમ કે તરબૂચ, દૂધી, કેરી એમાં ગણતરીથી એડવાન્સ વેચાણ જાઈઝ નથી અને જો વજનથી એડવાન્સ

www.barkatekhwaja.net

વેચાણ કર્યું હોય કેમ કે મોટે ભાગે દૂધી વજનથી પણ વેચાય છે એમાં વજનથી એડવાન્સ વેચાણ કરવામાં કોઈ વાંધો નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા :** સૂકી કે તાજી માછલીમાં એડવાન્સ વેચાણ જાઈઝ છે. તાજી માછલીઓમાં જરૂરી છે કે એ મોસમમાં બજારમાં મળતી હોય એટલે કે જે જગ્યાએ હમેશાં તાજી માછલીઓ ન મળતી હોય કોઈ વાર મળતી હોય, કોઈ વાર ન મળતી હોય ત્યાં આ શરત લાગુ પડે છે. માછલીઓ ઘણા પ્રકારની થાય છે. પરિણામે માછલીની જાત (પ્રકાર)નું વર્ણન (ચોખવટ) કરવું જરૂરી છે અને માપનું પ્રમાણ વજનથી હોય, ગણતરીથી ન હોય એ જરૂરી છે. કારણ કે એની ગણતરીમાં ઘણો તફાવત પડતો હોય છે. નાની માછલીમાં માપથી એડવાન્સ વેચાણ દુરસ્ત છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** કોઈ પણ જાનવરમાં એડવાન્સ વેચાણ દુરસ્ત નથી. લોંડી અને ગુલામમાં પણ નહીં. ચોપગાં પ્રાણીમાં તેમજ પક્ષોઓમાં પણ નહીં. એટલે સુધી કે જે પક્ષીઓ એક સરખાં હોય, જેમ કે કબુતર, બટેર, કમરી, ફાખ્તા, ચકલી એમાં એડવાન્સ વેચાણ જાઈઝ નથી. જાનવરોના મૂંડી પાયામાં પણ એડવાન્સ વેચાણ દુરસ્ત નથી. હા ! જો જાત તથા જથ્થાની ચોખવટ કરી મૂંડી પાયામાં વજનની સાથે એડવાન્સ વેચાણ કર્યું તો જાઈઝ છે કેમ કે પછીથી એમાં ઘણો ઓછો તફાવત રહે છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** લાકડાંની ભારીઓમાં જો એડવાન્સ વેચાણ એ રીતે કરવામાં આવે કે આટલી ભારીઓ આટલા રૂપિયામાં લઈશું તો એ નાજાઈઝ છે. કેમ કે એ રીતે નક્કી કરવાથી ગણતરી (માપ) સારી રીતે માલમ પડી શકશે નહીં. હા ! જો ભારીઓની ચોખવટ થઈ જાય કે આટલી મોટી રસ્સીથી ભારી બાંધવામાં આવશે અને તે આટલી લાંબી હશે. આવી રીતનું બંધન કરી નક્કી કરવામાં આવ્યું હોય તો એડવાન્સ વેચાણ જાઈઝ છે. શાકભાજીમાં પણીઓની (ગડીઓની, પેકેટોની) સાથે વજન કહેવું જેમ કે રૂપિયા કે આટલા પૈસામાં આટલી પણી ફલાણા આટલી વખતે લેવામાં આવશે એ પણ નાજાઈઝ છે. કેમ કે પણીઓ એક સરખી હોતી નથી, નાની મોટી હોય છે. જો શાકભાજી તેમજ જલાઉ લાકડીઓમાં વજનથી એડવાન્સ વેચાણ કરવામાં આવે તો જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** મુસ્લમ ઈલૈહ મુદ્દલનો કબ્જો મેળવતા પહેલાં એમાં કોઈ ફેરફાર કરી શકતો નથી અને રબ્બુસ્સલમ મુસ્લમ ફીહમાં કોઈ પ્રકારનો ફેરફાર કરી શકતો નથી. (જેમ કે તેને વેચી દે અથવા કોઈને એમ કહે કે ફલાણા પાસેથી મેં આટલા મણ ઘઉં એડવાન્સ વેચાણથી સોદો કર્યો છે તે તને વેચું છું) તેમજ એમાં કોઈને ભાગીદાર બનાવી શકતો નથી. (જેમ કે કોઈને એમ કહે કે મેં સો રૂપિયામાં એડવાન્સ સોદો કરેલો છે, તમે પચાસ આપી દો અને અડધા ભાગીદાર બની જાવ) અથવા એમાં તોલીયા કે મરાબહા કરે એ તમામ ફેરફાર નાજાઈઝ છે. જો પોતે મુસ્લમ ઈલૈહની સાથે એવો સોદો કરે, જેમ કે આ માણસને એ જ કિંમત કે એથી વધારે કિંમતે મેં વેચાણ કરી દીધું અથવા એમ કહે કે જો આ વ્યક્તિને ભાગીદાર બનાવ્યો છે, તો એ પણ નાજાઈઝ છે. જો રબ્બુસ્સલમએ મુસ્લમ ફીહને તે બખ્શિશ (દાનમાં) આપી દીધી અને તેણે કબૂલ કરી લીધું તો એ એડવાન્સ સોદો રદ ગણાશે. હકીકતમાં એ દાનમાં આપી શકશે નહીં. મુદ્દલ પાછું આપવું પડશે. *(દુર્રે મુખ્તાર)*



www.barkatekhwaja.net

**મસ્અલા :** જે ચીજ મુદ્દતમાં નક્કી થઈ હોય તેના બદલામાં બીજી જાતની (પ્રકારની) કોઈ ચીજ આપવી જાઈઝ નથી. જેમ કે રૂપિયામાં એડવાન્સ સોદો થયો અને એની જગ્યાએ અશરફી કે નોટ આપી એ નાજાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા : મુસ્લમ ફીહ**ના બદલામાં બીજી ચીજ લેવી દેવી નાજાઈઝ છે. હા ! જો **મુસ્લમ ઈલૈહ**એ **મુસ્લમ ફીહ**ને નક્કી કરેલાથી વધારે સારી જાતની ચીજ આપી તો **રબ્બુસ્સલમ** એને કબૂલ કરવાથી ઈન્કાર કરી શકતો નથી અને જો નક્કી કરેલી ચીજ કરતાં હલકા પ્રકારની આપે તો એ ઈન્કાર કરી શકે છે. *(આલમગીરી)*

## ઈસ્તિષ્નાઅનું બયાન

કોઈ વખત એવું બને છે કે કારીગરને ઓર્ડર આપીને કોઈ ચીજ બનાવવામાં આવે છે તેને ઈસ્તિષ્નાઅ કહે છે. જો એમાં કોઈ મુદ્દત નક્કી કરવામાં આવી અને તે એક મહિનાથી ઓછી મુદ્દતની હોય તો એડવાન્સ સોદો ગણાશે. તેમાં એડવાન્સ સોદા (વેચાણ) માટેની તમામ શરતો જેનું વર્ણન અગાઉ કરવામાં આવ્યું છે તેનો ખ્યાલ રાખવામાં આવે. અહીં એવું જોવામાં નહીં આવે કે એને (ચીજને) બનાવવાનો રિવાજ મુસલમાનોમાં છે કે નથી. બલ્કે ફક્ત એવું જોવામાં આવશે કે એમાં એડવાન્સ સોદો જાઈઝ છે કે નથી ? જો મુદ્દત નક્કી કરવામાં ન આવી હોય અથવા તો એક મહિનાની અંદરની મુદ્દત હોય તો એડવાન્સ સોદો દુરસ્ત છે અને જેમાં રિવાજ ન હોય જેમ કે કપડું વણાવવું, કિતાબ છપાવવી એમાં એડવાન્સ સોદો સહીહ નથી.

*(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા :** ઈસ્તિસ્નાને વેચાણ ગણવા બાબત આલિમોમાં મતભેદ છે અથવા જે ચીજને બનાવવા માટેનો વાયદો કરવામાં આવે છે તે ગૈરહાજર ચીજ છે અને ગૈરહાજરનો સોદો થઈ શકતો નથી. પરિણામે વાયદા પ્રમાણે જ્યારે કારીગર બનાવી લાવે, નક્કી કર્યા પ્રમાણે સોદો થઈ જાય છે. પરંતુ સહીહ (દુરસ્ત) એ છે કે એ સોદો છે અને લેટ (મોડું) પડવાથી અંદાજની બહાર એ સોદાને જાઈઝ કર્યો. જો વાયદા પ્રમાણે હોત તો મોડુ પડવા માટેની જરૂરત ન હોત. દરેક જગ્યાએ ઈસ્તિસ્ના જાઈઝ હોત. ઈસ્તિસ્નામાં જે ચીજ પર સોદો થયો છે તે ચીજ છે, કારીગરે જાતે બનાવવું નક્કી નથી. પરિણામે જો બીજાના હાથે બનાવેલી ચીજ લાવ્યો અથવા નક્કી કરેલી મુદ્દત પહેલાં બનાવી લાવ્યો અને તેણે સ્વીકારી લીધી તો દુરસ્ત છે અને જો જાતે પોતાના હાથે બનાવી લાવવાનુ નક્કી કર્યું હતું તો દુરસ્ત ન ગણાત. (હિદાયા)

**મસ્અલા :** જે ચીજ ઓર્ડર મુજબની બનાવવામાં આવી તે બનાવનાર માટેની નક્કી નથી. જ્યારે એ પસંદ કરી લે તો એની થશે. કારીગરે એને (બનાવનારને) દેખાડતાં પહેલાં બીજા કોઈને વેચી દીધી તો એ વેચાણ સહીહ છે અને જો બનાવનાર સમક્ષ રજૂ કર્યા પછી કારીગરને હક્ક઼ નથી કે બીજાને આપી દે. બનાવનારને હક્ક઼ છે કે તે લે કે ન લે. સોદો નક્કી કર્યા પછી કારીગરને હક્ક઼ નથી કે તે (ચીજ) ન બનાવે, સોદો નક્કી થયા પછી બનાવવી લાઝિમ છે. *(હિદાયા)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૨૫

**૧૬. ક્યા વલીમા કી દા'વત મેં ન્યોતા (વ્યવહાર) લેના જાઈઝ હૈ ?**

ઈસકે હવાલે સે એક આમ તસવ્વુર પાયા જાતા હૈ કે દા'વત અગર વલીમા કી હી તો ન્યોતા લેના જાઈઝ નહીં, વરના દૂસરી દા'વતોં મેં ન્યોતા લેના જાઈઝ હૈ. શરઈ એઅ્તેબાર સે યે ફર્ક સહીહ નહીં હૈ, ઈસ લિયે કે દા'વત ખાહ વલીમે કી હો યા કિસી ઔર ચીઝ કી, ન્યોતા લેને કા હુકમ દોનોં સૂરતોં મેં એક જૈસા હૈ ઔર વોહ યે હૈ કે ઉસકા દેના લેના જાઈઝ હૈ. અબ રહા યે સવાલ કે ઉસે કર્ઝા માના જાએ યા તોહફઓ હદયા તો ઈસકે બારે મેં હુકમે શરઅ યે હૈ કે જહાં જૈસા ઉર્ફ વહાં વૈસા હુકમ, અગર લોગ ઉસે કર્ઝ સમજતે હોં તો ઉસકા હુકમ કર્ઝવાલા હોગા ઔર અગર તોહફા સમજતે હોં તો તોહફેવાલા હુકમ હોગા.

બેહતર યે હૈ કે શાદી કે મૌકે પર જો પૈસે વગેરે દીગર ચીઝેં ન્યોતે કે નામ પર દી જાતી હૈ, ઉન્હેં કર્ઝા સમજકર નહીં બલ્કે તોહફા ઔર હદયા સમજકર દેં ઔર ઈસકી વઝાહત ભી કર દેં તાકે ષવાબ ભી હાસિલ હો ઔર આપસી મહબ્બત ભી બઢે.

કુર્આન મજીદમેં હૈ :–

وَمَاۤ اٰتَیْتُمْ مِّنْ رِّبًا لِّیَرْبُوَاۡ فِیْۤ اَمْوَالِ النَّاسِ فَلَا یَرْبُوْا عِنْدَ اللّٰهِ ۚ

**તર્જુમા** : ''ઔર તુમ જો ચીઝ ઝયાદા લેને કે દો કે દેનેવાલે કે માલ બઢેં તો વોહ અલ્લાહ કે યહાં ન બઢેગા.'' *(સૂ. રૂમ, ૩૦/૨૧)*

ઈસ આયત કી તફસીર મેં સદરુલ અફાઝિલ અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માતે હૈં :–

''લોગોં કા દસ્તૂર થા કે વોહ દોસ્ત અહબાબ ઔર આશનાઓં કો યા ઔર કિસી શખ્સ કો ઈસ નિય્યત સે હદયા દેતે થે કે વોહ ઉન્હેં ઈસ સે ઝયાદા દેગા, યહ જાઈઝ તો હૈ લેકિન ઈસ પર સવાબ ન મિલેગા ઔર ઈસ મેં બરકત ન હોગી, ક્યું કે યહ અમલ ખાલિસ અલ્લાહ કી રિઝા કે લિયે ન હુવા.''

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, સફહા : ૭૫–૪, મકતબતુલ્ મદીના, કરાચી)*

ફતાવા રઝવિય્યહમેં હૈ :–

''ન્યોતા (વ્યવહાર) વુસૂલ કરના શરઅન જાઈઝ હૈ ઔર દેના ઝરૂરી હૈ કે વોહ કર્ઝ હૈ.''

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૨૩, સફહા : ૨૬૮)*

ઉસીમેં એક મકામ પર હૈ :–

''અબ જો ન્યોતા જાતા હૈં વોહ કર્ઝ હૈ, ઉસકા અદા કરના લાઝિમ હૈ, અગર રહ ગયા તો મુતાલબા રહેગા ઔર બેઉસકે મઆફ કિયે મઆફ ન હોગા.''

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૨૩, સફહા : ૫૮૭)*

બહારે શરીઅતમેં હૈ :–

શાદી વગૈરા તમામ તકરીબાત મેં તરહ તરહ કી ચીઝેં ભેજી જાતી હૈં, ઈસ કે મુતઅલ્લિક હિંદુસ્તાન મેં મુખ્તલિફ કિસ્મ કી રસ્મેં હર શહર મેં હર કૌમ મેં જુદા જુદા રૂસૂમ હૈ. ઉનકે મુતઅલ્લિક હદયા યા હિબા કા હુકમ હૈ યા કર્ઝ કા, ઉમૂમન રિવાજ સે જો બાત ષાબિત હૈ વોહ યે હૈ કે દેનેવાલે યે ચીઝેં બતોરે કર્ઝ દેતે હૈં, ઈસી વજહસે શાદિયોં મેં ઔર હર તકરીબ મેં જબ રૂપે દિયે જાતે હૈં તો હર એક શખ્સ કા નામ ઔર રકમ તેહરીર કર લેતે હૈં. જબ ઉસ દેનેવાલે કે યહાં તકરીબ હોતી હૈ તો યે શખ્સ જિસ્કે યહાં દિયા જા ચૂકા હૈ ફેહરિસ્ત નિકાલતા હૈ ઔર ઉતને રૂપે ઝરૂર દેતા હૈ જો ઉસને દિયે થે, ઔર ઉસકે ખિલાફ કરને મેં સખ્ત

વધુ પેજ **૧૨** પર..

અઝ : **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

**કાર્યાલય** **હપ્તો : ૧૦**

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૧૪** : અબૂ દાઊદ વ નિસાઈએ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ દસ વસ્તુને ખરાબ જાણતા હતા : (૧) ઝરદી (પીળુ) એટલે મર્દ માટે ખલૂક (એક–ખુશ્બુ જે અંબર, મુશ્ક તથા કાફૂરની મિલાવટથી બને છે)નો વપરાશ કરવો (૨) સફેદવાળોમાં કાળો ખિઝાબ કરવો (૩) લુંગી લટકાવવી (૪) સોનાની વીંટી પહેરવી (૫) કારણ વગર સ્ત્રીએ પોતાના શણગારને જાહેર કરવો એટલે પતિ અને મેહરમો સિવાય બીજાના સામે શણગારને જાહેર કરવો (૬) પાંસા ફેંકવા એટલે ચોસર (સોગઠા વડે રમાતી એક બાજી) અને શતરંજ વગેરે રમવું (૭) ઝાડ ફૂંક કરવું પરંતુ મુઅવ્વઝાતથી એટલે જેમાં નાજાઈઝ શબ્દો હોય તેનાથી ઝાડ ફૂંક મના છે. (૮) અને તાવીઝ બાંધવું એટલે કે એ તાવીઝ બાંધવું જેમાં શરીઅતના વિરુદ્ધ શબ્દો હોય. (૯) પાણીને અસ્થાને ફેંકી દેવું. એટલે કે સંભોગ કર્યા પછી વિર્યને બહાર વહાવી દેવું કે આ આઝાદ સ્ત્રીની ઈજાઝત વગર નાજાઈઝ છે. અને એ પણ હોઈ શકે છે કે તેનાથી લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય)નો હેતુ હોય. (૧૦) બાળકને ફાસિદ કરી દેવું પરંતુ તે દસવીએ હરામ નથી કર્યું. એટલે કે બાળકને દૂધ પીવાના જમાનામાં તેની માથી સંભોગ કરવો કે જો તે સગર્ભા થઈ ગઈ તો બાળક ખરાબ થઈ જશે.

**હદીષ–૧૫** : અબૂ દાઊદે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہથી રિવાયત કરી કે અમારા ત્યાંની લોંડી હઝરત ઝુબૈર رضی اللہ عنہની છોકરીને હઝરત ઉમર رضی اللہ عنہની પાસે લાવી અને તેના પગમાં ગુંગરું હતાં. હઝરત ઉમર رضی اللہ عنہએ તેને કાપી નાખ્યાં અને ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે **દરેક ગુંગરુ (ઝાંઝણ)ની સાથે શયતાન હોય છે.**

**હદીષ–૧૬** : અબૂ દાઊદે રિવાયત કરી કે હઝરત આઈશા رضی اللہ عنہાની પાસે એક છોકરી આવી જેના પગમાં ગુંગરુ વાગી રહ્યાં હતાં. ફર્માવ્યું, તેને મારી પાસે ન લાવશો જ્યાં સુધી તેના ગુંગરુ કાપી ન નાખો. મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે જે ઘરમાં જરસ એટલે ઘંટી અથવા ગુંગરુ હોય છે તેમાં ફરિશ્તાઓ નથી આવતા.

**મસ્અલા–૧** : પુરૂષોએ અલંકાર પહેરવું મુત્લક઼ન (બિનશર્તી) હરામ છે, કેવળ એક ચાંદીની વીંટી જાઈઝ

છે જે વજનમાં મિષ્કાલ એટલે સાડાચાર માશાથી ઓછી હોય છે અને સોનાની વીંટી પણ હરામ છે. તલવારનો હુલિયો ચાંદીનો જાઈઝ છે, એટલે કે તેની મ્યાન અને કબ્ઝો અથવા પરતલા (પટ્ટો જે તલવાર લટકાવવા માટે ખભા પર રાખવામાં આવે છે)માં ચાંદી લગાડી શકાય છે, પરંતુ તે શરતની સાથે કે તે ચાંદી વપરાશની જગાએ ન હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–૨** : વીંટી કેવળ ચાંદીની જ પહેરી શકીએ છીએ અને બીજી ધાતુઓની વીંટીઓ હરામ છે. દા.ત. લોખંડ, પિત્તળ, તાંબુ, જસત વગેરે ધાતુઓની વીંટીઓ પુરૂષ, સ્ત્રી બંનેવ માટે નાજાઈઝ છે. ફર્ક એટલો છે કે સ્ત્રી સોનુ પણ પહેરી શકે છે અને પુરૂષ પહેરી શકતો નથી. હદીષમાં છે કે એક શખ્સ હુઝૂર ﷺની ખિદમતમાં પિત્તળની વીંટી પહેરીને ઉપસ્થિત થયા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું વાત છે કે તમારામાંથી મૂર્તિની ગંધ આવે છે ! એમણે તે વીંટી ફેંકી દીધી. પછી બીજા દિવસે લોખંડની પહેરીને હાજર થયા. ફર્માવ્યું, શું વાત છે તમારા પર જહન્નમીઓનું ઝેવર જોવું છું ! એમણે તેને ઉતારી દીધી અને અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ વસ્તુની વીંટી બનાવું ? ફર્માવ્યું, ચાંદીની અને તેને એક મિષ્કાલ પૂરુ ન કરીશ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા–3** : કેટલાક ઉલમા યશ્બ (લીલાશ પડતો કિંમતી પથ્થર) અને અક઼ીક઼ની વીંટી જાઈઝ બતાવી અને અમુકે દરેક પથ્થરની વીંટીની પરવાનગી આપી અને અમુક આ તમામથી રોકે છે. માટે બેહતર એ છે કે ચાંદી સિવાય દરેક જાતની વીંટી બચવામાં આવે ખાસ કરીને જ્યારે સાહિબે હિદાયા જેવા જલીલુલ ક઼દ્રની અભિરૂચી તે તમામની નાજાઈઝ તરફ હોય

**મસ્અલા–૪** : વીંટીનો મતલબ ઘેરાવ છે, નગીનો નથી. નગીનો દરેક જાતના પથ્થરનો હોઈ શકે છે. અક઼ીક, યાકૂત, ઝુમુર્રુદ, ફિરોઝા વગેરે તમામ નગીના જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૫** : જ્યારે આ વસ્તુઓની વીંટીઓ પુરૂષ અને સ્ત્રી બંનેવ માટે નાજાઈઝ છે, તો તેનું બનાવવું અને વેચવું પણ મના થયું કે આ એક નાજાઈઝ કામને સહયોગ આપવાનું થયું. હા ! વેચવાની મનાઈ એવી નથી જેવી રીતે પહેરવાની છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૬** : લોખંડની વીંટી પર ચાંદીનો ખોલ ચઢાવવામાં આવ્યો હોય કે બિલકુલ દેખાતો ન હોય તો અંગૂઠીને પહેરવાની મનાઈ નથી. *(આલમગીરી)*

આ પરથી જાણવા મળ્યુ કે સોનાના ઝેવરોમાં જે ઘણા લોકો અંદર તાંબુ અથવા લોખંડની ધાર રાખે છે અને ઉપરથી સોનાનું પાણી ચઢાવે છે તેનું પહેરવું જાઈઝ છે.

**મસ્અલા–૭** : વીંટીના નગીનામાં કાણુ પાડીને સોનાની ખિલી નાખવી જાઈઝ છે. *(હિદાયા)*

**મસ્અલા–૮** : વીંટી તેમના માટે સુન્નત છે જેમને મોહર કરવાની જરૂરત હોય છે. દા.ત. બાદશાહ, ક઼ાઝી અને ઉલમા જે ફત્વા પર મહોર કરે છે. તેમના સિવાય બીજાઓ માટે જેમને મહોરની જરૂરત નથી તેમના માટે સુન્નત નથી પરંતુ પહેરવું જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા–૯** : પુરૂષ જ્યારે અંગૂઠી પહેરે તો તેમણે નગીનો હથેળી તરફ રાખવો જોઈએ અને સ્ત્રીઓ નગીનાને હાથની પીઠની બાજુએ રાખે કે તેમનું પહેરવું ઝીનત માટે છે અને ઝીનત એ સમયે વધારે છે કે નગીનાને બહારની તરફ રાખે. *(હિદાયા)*

**મસ્અલા–૧૦** : જમણી અથવા ડાબી બાજુમાંથી કોઈપણ બાજુ જેમાં ચાહો તેમાં વીંટી પહેરી શકો છો અને છંગલિયા (નાની આંગળી)માં પહેરવામાં આવે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

www.barkatekhwaja.net

**મસ્અલા–૧૧** : વીંટી પર પોતાનું નામ કોતરાવી શકાય છે અને અલ્લાહ તઆલા વ હુઝૂર ﷺનું નામ પણ કોતરાવી શકો છો પરંતુ "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" એટલે કે આ લખાણ ન કોતરાવે, કેમ કે આ હુઝૂર ﷺની વીંટી પર ત્રણ લીટીઓ કોતરાયેલુ હતું. પહેલી લીટી "મુહમ્મદ" બીજી લીટી રસૂલ. ત્રીજી લીટીમાં અલ્લાહનું નામ અને હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું કે અન્ય શખ્સ પોતાની વીંટી પર આ નકશ ન કોતરાવે. નગીના પર કોઈ ઈન્સાન કે જાનવરની તસ્વીર ન કોતરાવે. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર)*

**મસ્અલા–૧૨** : વીંટી તે જ જાઈઝ છે જે પુરૂષોની વીંટીની જેમ હોય એટલે કે એક નગીનાની હોય અને જો તેમાં કેટલાય નગીનાઓ હોય તો ભલે પછી તે ચાંદીની જ હોય પુરૂષ માટે નાજાઈઝ છે. (રદુલ મુહ્તાર) આ જ રીતે પુરૂષ માટે એકથી વધારે વીંટી પહેરવી અથવા છલ્લો પણ નાજાઈઝ છે કે આ વીંટી નથી. સ્ત્રીઓ પહેરી શકે છે.

**મસ્અલા–૧૩** : હલતા દાંતોને સોનાના તારથી બંધાવવું જાઈઝ છે અને કોઈનું નાક કપાઈ ગયું તો સોનાની નાક બનાવીને લગાડી શકાય છે. આ બંનેવ પરિસ્થિતિમાં જરૂરતના કારણે સોનાને જાઈઝ કહી દેવામાં આવ્યું છે. કારણ કે ચાંદીના તારથી દાંત બાંધવામાં આવે અથવા ચાંદીની નાક લગાડવામાં આવે તો તેમાં ગંધ ઉત્પન્ન થશે. *(આલમગીરી)*

**મસ્અલા–૧૪** : દાંત પડી ગયો તો તે દાંતને સોના અથવા ચાંદીના તારથી બંધાવી શકે છે. બીજા શખ્સનો દાંત મોઢામાં લગાડી નથી શક્તો. *(આલમગીરી)*

**હદીષ–૧૫** : બાળકોને સોના ચાંદીના ઘરેણાં પહેરાવવામાં હરામ છે અને જેણે પહેરાવ્યું તે પણ ગુનેહગાર થશે. આ જ રીતે બાળકોના હાથ પગમાં મહેંદી જરૂરત વગર લગાડવી નાજાઈઝ છે. સ્ત્રી પોતે પોતાના હાથ પગમાં મહેંદી લગાડી શકે છે અને પરંતુ છોકરાઓને લગાડશે તો ગુનેહગાર થશે.

*(દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર)*

## વાસણને ઢાંકવાના અને સૂવાના સમયના આદાબ

**હદીષ–૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે રાતની શરૂઆતનું અંધારું આવી જાય અથવા એવું ફર્માવ્યું કે જ્યારે સાંજ થઈ જાય (મગરિબ વખતે) તો બાળકોને સમેટી લો કે તે સમયે શૈતાન વિખરાય જાય છે. જ્યારે થોડી રાત ચાલી જાય છે હવે તેમને છોડી દો અને "બિસ્મિલ્લાહ" કહીને દરવાજો બંધ કરી લો કે આ રીતે જ્યારે દરવાજો બંધ કરવામાં આવે તો શયતાન ખોલી નથી શક્તો અને મશકીઝાનું મોઢું બાંધો અને "બિસ્મિલ્લાહ" પઢીને વાસણોને ઢાંકી દો, ઢાંકો નહીં તો કમસે કમ તેના પર વસ્તુ આડી કરીને મૂકી દો અને દીવાઓને ઓલવી દો. અને સહીહ બુખારીની એક રિવાયતમાં છે કે વાસણોને ઢાંકો અને મશકીઝાઓનું મોઢું બંધ કરી દો અને દરવાજો બંધ કરી દો, બાળકોને સમેટી લો સાંજના સમયે કારણે આ સમયે જિન્નતો વિખરાય છે અને ઊંચકી લે છે. અને ઊંઘવાના સમયે દીવો ઓલવી દો કે ક્યારેક ઉંદર બત્તીને ઘસેડીને લઈ જાય છે અને ઘર સળગી ઉઠે છે. મુસ્લિમની એક રિવાયતમાં છે વાસણને ઢાંકી દો અને મશકીઝાનું મોઢું બાંધી દો અને દરવાજો બંધ કરી દો અને દીવો બુઝાવી દો કે શયતાન મશકને નહીં ખોલે, અને કાંઈ ન મળે તો "બિસ્મિલ્લાહ" કહીને એક લાકડી આડી કરીને મૂકી દો. અને મુસ્લિમની એક રિવાયતમાં છે કે વર્ષમાં એક રાત એવી આવે છે કે તેમાં બલાઓ ઉતરે છે, જે વાસણો ઢંકાયેલા નથી હોતા અથવા મશકનું મોઢું બાંધેલું નથી હોતું, જો ત્યાંથી તે બલા પસાર થાય છે તો તેમાં ઉતરી જાય છે. –*(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

મસ્અલો ૪



# તા'ઝીમે રસૂલ ﷺ

હપ્તો ૦૩

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**નવમી શહાદત** : હઝરત અબૂ વાઈલથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضي الله عنهએ બયાન કર્યું કે મેં એક રાતે નબી કરીમ ﷺની સાથે તહજ્જુદની નમાઝ પઢી તો સરકાર ﷺ સતત કયામને લાંબો ને લાંબો કરતા રહ્યા, ત્યાં સુધી કે મેં એક "બુરી વાત"નો ઈરાદો કરી લીધો. અમે પૂછ્યું કે આપે શો ઈરાદો કરી લીધો હતો ? તો તેમણે ફર્માવ્યું કે મેં એ ઈરાદો કરી લીધો હતો કે, "બેસીને નમાઝ પઢું અને નબી કરીમ ﷺને કયામની હાલતમાં રહેવા દઉં." *(સહીહ બુખારી, ૧/૧૫૨, કિતાબુત્તહજ્જુદ, મજલિસે બરકાત, મુબારકપુર)*

નફ્લ નમાઝ તો ઉભા રહેવા શક્તિમાન હોવા છતાં પણ બેસીને પઢવી જાઈઝ છે, બલ્કે અજરો સવાબનો સબબ છે, છતાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે બેસીને નમાઝ પઢવાનો ઈરાદાને "બુરો ઈરાદો" શા માટે કહ્યો ? તેનું કારણ તેમના જ ફર્માનથી જાહેર છે કે, "હુઝૂર ઉભા હોય અને હું બેસી જઉં"એ બારગાહે રિસાલતની બેઅદબી છે.

ઈમામ અબૂ ઝકરિયા શાફઈ નવવી લખે છે : એ બાબત પર ઉલમાની એકમતી છે કે ફર્ઝ અથવા નફ્લ નમાઝમાં જ્યારે મુક્તદીએ ઉભા રહેવું કઠિન હોય અને તે ઉભા રહેવાથી લાચાર બની જાય તો તેના માટે બેસીને નમાઝ પઢવી જાઈઝ છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضي الله عنه તો કેવળ નબી કરીમ ﷺના અદબ તથા એહતેરામના કારણે નથી બેઠા." *(અલ્ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ, ૧/૨૬૪, ................મજલિસે બરકાત)*

આનાથી જાણવા મળ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضي الله عنه નમાઝમાં કયામ માટે ખૂબ જ તકલીફ પડતી હોવા છતાં કેવળ હુઝૂર ﷺના અદબો એહતેરામમાં ઉભા રહીને નમાઝ પઢતા રહ્યા. તો અહીં પણ ચાલુ નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમનો ઈરાદો તથા તેનું અમલી પ્રદર્શન છે. આ છે રબ તઆલાના ઈર્શાદ પર અમલના ઈશ્કનો જઝબો ! ખુદા કરે આપણો વિરોધી પણ રસૂલુલ્લાહ ﷺની આ તા'ઝીમને માનનાર થઈ જાય.

**દસમી શહાદત** : હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની ખિદમતમાં રાતના આખરી હિસ્સામાં આવ્યો. જ્યારે આપ નમાઝ પઢી રહ્યા હતા તો હું હુઝૂરની પાછળ ઉભો થઈ ગયો. હુઝૂર ﷺએ મને પકડીને પોતાના બરાબર (જમણી બાજુ) ઉભો કરી આપ્યો. પછી હુઝૂર નમાઝ પઢવા લાગ્યા તો હું પાછળ હટી આવ્યો. જ્યારે આપ નમાઝથી ફારિગ થયા તો પૂછ્યું કે શું વાત છે કે મેં તમને બરાબર ઉભા કર્યા છતાં તમે પાછળ હટી ગયા ?

મેં અર્ઝ કરી, "હુઝૂર ! કોઈના માટે યોગ્ય નથી કે આપના બરાબર (ઉભો રહીને) નમાઝ પઢે, જ્યારે કે આપ અલ્લાહના રસૂલ છો." હુઝૂરને એ જવાબ પસંદ આવ્યો અને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે તે મને દીનની સમજ અને ફિકહનો ઈલ્મ અધિક અતા કરી દે." આ હદીષ શૈખૈનની શર્ત પર સહીહ છે. હા ! એ હઝરાતે એની તખરીજ નથી કરી. *(અલ મુસ્તદરક*

www.barkatekhwaja.net

*અલસ્સહીહૈન, ૩/૫૩૪, કિતાબ મઅરિફતુસ્સહાબા, દુઆઉન્નબી લિઈબ્નિ અબ્બાસ, મજલિસે દાઈરતુલ મઆરિફ, હૈદ્રાબાદ)*

ઈમામ ઝહબી رحمۃ اللہ علیہએ પણ આ હદીષ નક્લ કરીને "خ, م" લખીને તેને શયખૈનની શર્ત પર કરી સ્વીકારી અત્તલ્લખીસ લિલ્ઈમામ ઝહબી અલ્મત્બૂઅ મઅ મુસ્તદરક, ૩/૫૩૪)

મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલમાં હઝરત ઈબ્ને અબ્બાસના જવાબના શબ્દો આ પ્રમાણે છે : "મેં અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! શું કોઈના માટે એ યોગ્ય છે કે આપના બરાબરમાં નમાઝ પઢે જ્યારે કે આપ અલ્લાહના રસૂલ છો ? *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ-૨૭૨, મુસ્નદે આલે અબ્બાસ, મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હદીષ નં. ૩૦૬૧, બયતુલ ઈફકારુ દવલિયહ)*

હાફિઝ નૂરુદ્દીન અલી બિન અબૂ બકર હૈષમી (વફાત, હિ. ૮૦૭) આ હદીષને નકલ કરીને ફર્માવે છે : "આ હદીષને ઈમામ અહમદે નકલ કરી અને તેના રિજાલ સહીહના રિજાલ છે." *(મજમઉઝ્ ઝવાઈદ વ મમ્બઉલ ફવાઈદ, ૯/૪૬૨, કિતાબુલ મનાક્બિ...............હ. ૧૫૫૨૬, દારુલ ફિક્ર, બૈરૂત)*

વહાબીઓના ઈમામ અલ્બાનીએ પણ આ હદીષ નકલ કરીને એ સ્વીકાર કર્યો કે : "હું કહું છું કે આ અસ્નાદ શયખૈનની શર્ત પર સહીહ છે અને તેને અઝ્ઝિયાએ પણ 'અલ્મુખ્તાર"માં ઈમામ અહમદના તરીક્રાથી રિવાયત કરી." *(સિલસિલતુલ સહીહા, ૨/૧૦૫, મકતબતુશ્શામિલા)*

હુઝૂર સૈયદે આલમ ﷺ પણ નમાઝમાં હતા અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પણ અને એ બરાબર નમાઝની હાલતમાં રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ તથા તૌક્રીર માટે પાછળ હટી ગયા અને તેમની આ તા'ઝીમ પર સરકાર عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاءએ ખુશ થઈને તેમના હક્કમાં ફિક્હ તથા ઈલ્મથી સરફરાઝીની (ઈજ્જત પામવાની) દુઆ કરી, અને ખુદાએ કરીમે એને ક્બૂલ પણ કરી લીધી.

## બીજા પ્રકારની દલીલો

### ★ નમાઝ બહાર તા'ઝીમે રસૂલના અજોડ નમૂના ★

નમાઝ સિવાય અન્ય હાલતોમાં પણ સરકારે દો આલમ ﷺની તા'ઝીમ સામાન્ય લોકો તેમજ માનને પાત્ર હસ્તીઓ દા.ત. ઉસ્તાદ, પીર, મા બાપ, મોટા ભાઈ વગેરે કરતાં અધિક હોવી જોઈએ. એની દલીલો (નુસૂસ) તથા સાક્ષીઓ ખૂબ જ અધિક પ્રમાણમાં છે, પણ અમે અહીં અમુકના વર્ણનથી સંતોષ લઈશું : પ્રથમ પ્રકારની સર્વ દલીલો પણ આ પ્રકારની દલીલો છે. એના સિવાય કેટલીક હદીષની દલીલો આ મુજબ છે :-

### ★ તા'ઝીમે રસૂલનો પ્રથમ નમૂનો જે વિવિધ નમૂનાઓનો સમૂહ છે ★

(૧૦) હઝરત મિસ્વર ઈબ્ને મખ્રમા અને મરવાનનું બયાન છે (કે રસૂલુલ્લાહ ﷺના સહાબા વર્ણન કરે છે) ............... રસૂલુલ્લાહ ﷺ હુદૈબિયાના જમાનામાં (ઝી ક્અદા, હિ.સ. ૬)માં મદીના મુનવ્વરાથી રવાના થયા અને હુદૈબિયાના કિનારે એક કૂવા પાસે જેમાં પાણી થોડુ હતું રોકાયા. ઉરવા બિન મસ્ઉદ ષક્ફી (જે કુરૈશના કાફિરોના પ્રતિનિધિની હૈસિયતથી બારગાહે રિસાલતમાં હાજર થયો હતો) નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના સહાબીઓને જોવા લાગ્યો. તે કહે છે કે :-

- ❑ અલ્લાહની ક્સમ ! રસૂલુલ્લાહ ﷺ જ્યારે પણ ખંખાર થૂકે છે તે કોઈને કોઈ સહાબીની હથેળીમાં આવે છે જેને તે પોતાના ચહેરા તથા

www.barkatekhwaja.net

શરીર પર મસળી લે છે.

- ❑ અને જ્યારે આપ તેમને કોઈ હુકમ આપે છે તો તેઓ તેના પાલન માટે ઝપટી પડે છે.
- ❑ અને જ્યારે આપ વુઝૂ કરે છે તો સર્વે સૌ આપનુ ધોવાણ એ રીતે લૂટવા લાગે છે જાણે કે આપસમાં જંગ કરી લેશે.
- ❑ અને જ્યારે આપ વાત કરે છે તો સહાબા આપની સમક્ષ પોતાના અવાજો ધીમા કરી લે છે.
- ❑ અને આપની તા'ઝીમના કારણે આપની તરફ નજર જમાવીને નથી જોતા.
- ❑ પછી ઉરવા પોતાના સાથીઓની પાસે પરત આવ્યો અને આ રિપોર્ટ રજૂ કર્યો :

"હે મારી કૌમ ! ખુદાની કસમ ! હું બાદશાહોને ત્યાં સફીર (એલચી) બનીને ગયો છું અને ખાસ કરીને કૈસર તથા કિસ્રા અને નજાશી જેવા શહેનશાહોનો દરબાર પણ જોયો છે, પરંતુ ખુદાની કસમ ! મેં કદી કોઈ બાદશાહના દરબારીઓને પોતાના બાદશાહની આવી તા'ઝીમ કરતા નથી જોયા જેવી તા'ઝીમ મુહમ્મદ (ﷺ)ના સહાબાને મુહમ્મદ (ﷺ)ની તા'ઝીમ કરતા જોયા છે. અલ્લાહની કસમ ! તે ખંખાર પણ થૂકે છે તો તે (જમીન પર પડવાને બદલે) કોઈ ન કોઈ સહાબીના હાથમાં જાય છે જેને તે પોતાના ચહેરા અને શરીર પર મસળી લે છે, અને જ્યારે તે તેમને કોઈ કામનો હુકમ આપે છે તો સર્વે સૌ તેના પાલનના માટે દોડી પડે છે. અને જ્યારે તે વુઝૂ કરે છે તો સહાબીઓ ધોવણના માટે એ રીતે તૂટી પડે છે જાણે કે તેઓ આપસમાં લડી પડશે. અને જ્યારે તે વાત કરે છે તો સહાબા પોતાના અવાજો ધીમા કરી લે છે અને આપની તા'ઝીમના કારણે તેઓ આપને નજર માંડીને જોઈ નથી શકતા. *(સહીહ બુખારી, ૧/૩૭૯, કિતાબુશ્શુરૂત, મજલિસે બરકાત)*

## ★ તા'ઝીમે રસૂલનો બીજો નમૂનો ★

હઝરત અબૂ મૂસા અશ્અરી વર્ણવે છે કે હું નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજર હતો અને આપ મક્કા મોઅઝ્ઝમા અને મદીના મુનવ્વરાની વચ્ચે જિઈર્રાના સ્થળે રોકાયેલા હતા. હઝરત બિલાલ આપની સાથે હતા. ..........હુઝૂરે અમારા બંનેની તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે આ ગામડાવાસીએ અમારી બશારત ઠુકરાવી દીધી, તમે લોકો કબૂલ કરી લો. અમે બંનેવે અર્ઝ કરી, હુઝૂર ! અમે કબૂલ કરી લીધી.

પછી સરકારે પાણીનો એક પ્યાલો મંગાવ્યો અને તેમાં પોતાના બંને હાથ તથા ચહેરાને ધોયો અને તેમાં કોગળો કર્યો પછી ફર્માવ્યું કે બંનેવ આ પાણી પી લો, અને તમારા ચહેરા તથા છાતી પર નાખી દો અને બશારત કબૂલ કરો. તો બંનેવે પ્યાલો લીધો અને થોડુક પાણી પીધું અને કેટલુક પોતાના શરીર પર ચોપડવા લાગ્યા. એટલામાં હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاએ પર્દાની આડથી ફર્માવ્યું કે, "થોડુક પાણી તમારાં માના માટે બચાવી લેજો." તો બંનેવે થોડુક પાણી ઉમ્મુલ મો'મિનીનના માટે પણ બચાવી લીધું.

આ હદીષે પાકથી જાહેર થાય છે કે હુઝૂર સૈયદે આલમ ﷺનું ધોવાણ ઉમ્મતના માટે ઘણી બરકતવાળી ચીજ છે એટલા માટે આપે હઝરત અબૂ મૂસા અશ્અરી તથા હઝરત બિલાલને પી લેવાનો તેમજ ચહેરા તથા શરીર પર નાખવાનો હુકમ આપ્યો. અને એ જ કારણે ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہاએ એ હઝરાતને પોતાના માટે પણ થોડુક વધારવા કહ્યું અને સરકાર ﷺએ એના પર બશારત પણ આપી. આ નબીના ધોવાણની મહાન તા'ઝીમ છે જેનો હુકમ ખુદ સૈયદુર્રુસુલ ﷺએ આપ્યો.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

ઈસ્લામના મુજદ્દિદો
વિશે વર્ણન

**પ્રથમ સદીના મુજદ્દિદ ૪**

# હઝરત અબૂ મુહમ્મદ બિન અબી રિબાહ

**(હિ.સ. 33 થી ૧૧૦)**

*(કાર્યાલય)*

**નામ તથા વંશ :** આપનું નામ અતા, પિતાનું નામ અસ્લમ, માનુ નામ બરકત અને કુન્નિયત અબૂ મુહમ્મદ છે. આપના પિતાની કુન્નિયત અબૂ રિબાહ છે. *(સિયરે અઅ્લામુન્નબલા, ૫/૪૮, દારુલ કુતુબિલ્ઈલ્મિયા, બૈરૂત, લબનાન, તહઝીબુત્તહઝીબ, ૪/૧૨૯, દારે અહયા, ઉત્તરાષિલ અરબી, બૈરૂત, લબનાન)*

**જન્મ :** "જનદ"માં હિ.સ. ૨૭માં આપનો જન્મ થયો.

**ખાનદાની બ્રેક ગ્રાઉન્ડ અને ઈલ્મ પ્રાપ્તિ :** આપ બનૂ ફહર્યા બનૂ મજમઅ મક્કીના આઝાદ કરેલા ગુલામ હતા. **આ ઈસ્લામી ઈતિહાસનુ ઘણુ જ ઉજ્જવળ તથા રોશન પાસુ છે કે તેના તા'લીમી મિશનથી અન્ય લોકોની સાથે ગુલામ કહેવામાં આવનારાઓએ પણ ઈલ્મથી જ સજ્જ થઈને તે મક઼ામ હાંસલ કર્યો કે ઈતિહાસનો અતૂટ હિસ્સો બની ગયા.** ઈમામ અહમદ બિન હંબલ ફર્માવે છે :–

"ઈલ્મ ખજાનો છે. એ અલ્લાહ તબારક વ તઆલા પોતાના મહબૂબોને અતા કરે છે. જો ઈલ્મ કોઈના માટે ખાસ હોત તો જરૂર સરકાર عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاءનો ઘરાનો એનો અધિક હક્કદાર હોત. હઝરત અતા બિન અબી રિબાહ હબ્શી હતા. હઝરત યઝીદ બિન હબીબ નૂબી (એક વંશ) અને સિયાહ (Black) હતા. હઝરત હસન બસરી અને હઝરત ઈબ્ને સીરીં رضی اللہ عنہما અન્સારના આઝાદ કરેલ ગુલામ હતા.

*(સિફતુસ્સુફૂહ, ૨૪૨, દારુલ કુતુબે ઈલ્મિયા, બૈરૂત)*

આ રિવાયતથી એ વાત સારી રીતે સ્પષ્ટ થઈ ગઈ કે ઈલ્મો ફન (વિદ્યાકલા)ની દુનિયામાં ગુલામ કહેવામાં આવતા લોકો બુલંદ મક઼ામો (ઉચ્ચ હોદ્દાઓ) પર બિરાજમાન થયા. હઝરત અતા જો કે ગુલામ હતા પરંતુ ઈલ્મ પ્રાપ્ત કરવા માટે દરેક સમયે તૈયાર રહેતા. સહાબાએ કિરામ તથા અગ્રગણ્ય તાબઈનની બારગાહોમાં હાજર થઈને પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવતા હતા.

એ ખુશબખ્તી હતી કે આપે બસો સહાબાએ કિરામનો જમાનો પામ્યો અને પોતાના માથાની આંખો વડે એ પુરનૂર ચહેરાઓના દીદાર કર્યા જેમણે હબીબે અક઼દસ ﷺના મા'મૂલાત તથા અક઼વાલ (કથનો)થી પોતાનો સીનો મુનવ્વર કરી રાખ્યો હતો. જે પવિત્ર હસ્તીઓ સામે આપ શાર્ગિદ થઈને અદબથી હાજર થયા તેમનામાંથી અમુકનાં નામો નીચે પ્રમાણે છે :–

હઝરત આઈશા, હઝરત ઉમ્મે સલમા, હઝરત અબૂ હુરૈરહ્, હઝરત હકીમ બિન હિઝામ, હઝરત ઝયદ બિન અરકમ, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઝયદ બિન ખાલિદ જહની, હઝરત સફવાન બિન ઉમૈયા, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર, હઝરત જાબિર, હઝરત મુઆવિયહ, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમૈર, હઝરત મુજાહિદ, હઝરત ઉરવા અને હઝરત ઈબ્ને હનફિયા વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

*(સિયરુલ અઅ્લામુન્નબલા, ૫/૪૮, બૈરૂત)*

**દર્સ તથા તદરીસ :** નબવી ઈલ્મોના પ્યાસાઓના ઈલ્મી શોખને તૃપ્ત કરવા માટે આપે

www.barkatekhwaja.net

પોતાના ઉસ્તાદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના પછી મસ્જિદે હરામમાં દર્સની મજલિસ કાયમ કરી. તિબ્રાની વગેરેમાં છે : "મસ્જિદે હરામમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો દર્સનો હલકો (વર્તુળ, મેહફિલ) લાગતો હતો. જ્યારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો તો ત્યાં હઝરત અતા બિન અબી રિબાહ رضی اللہ عنہ એ પોતાની દર્સગાહ સજાવી. *(અલ બિદાયા વન્નિહાયા, ૯/૩૮૪, દારાબી હયાન, કાહિરા)*

આપ તલબાને હદીષની કિતાબનો શોખ અપાવતા હતા અને તેમની દરેક શક્ય મદદના માટે પ્રયત્નશીલ રહેતા હતા. ઉત્બા બિન અબી હકીમ હમ્દાનીનું બયાન છે : અમે થોડાક છોકરાઓ હઝરત ઉત્બા બિન અબી રિબાહની મજલિસમાં હતા. તેમણે ફર્માવ્યું, આવો ! મારાથી હદીષ લખો, જે સારી રીતે લખવાનું જાણતો ન હોય તેના માટે અમે લખી દઈશું, અને જેની પાસે કાગળ ન હોય તેને અમે કાગળ આપીશું. *(મુશાહિરે હદીષ, પેજ—૩૮૭, કમાલ બુક ડેપો)*

આપ સ્વભાવે ખામોશ પ્રકૃતિના હતા પરંતુ જ્યારે બોલતા તો શું કૈફિયત થતી એના બારામાં ઈસ્માઈલ ઈબ્ને ઉમૈયાનું બયાન જોઈ લો : "હઝરત અતા લાંબા સમય સુધી ખામોશ રહેતા, પણ જ્યારે બોલતા તો એવું લાગતુ કે તેમનું સમર્થન કરવામાં આવી રહ્યું છે. આપની ફૈઝવાળી દર્સગાહથી લાભ ઉઠાવનારાઓની સંખ્યા ઘણી જ અધિક છે એમાંથી અમુકનાં મુબારક નામો રજૂ કરીએ છીએ :—

"હઝરત મુજાહિદ ઈબ્ને જુબેર, હઝરત અબૂ ઈસ્હાક સબીઈ, હઝરત અબૂ ઝુબૈર, હઝરત ઈમામ ઝહરી, હઝરત કતાદા, હઝરત અમ્ર ઈબ્ને શોએબ, હઝરત માલિક બિન દીનાર, હઝરત સલમા બિન કહીલ, હઝરત ઐયૂબ સખ્તયાની, હઝરત ઈમામ અઅ્મશ, હઝરત યહયા બિન અબી કષીર, હઝરત ઈસ્માઈલ બિન મુસ્લિમ મક્કી, હઝરત અસ્વદ બિન શયબાન, હઝરત હુસૈન મુઅલ્લિમ, હઝરત જઅફર સાદિક, હઝરત રિબાહ બિન અબી મઅરૂફ વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین. *(સિયરુલ અઅ્લામિન્નબલા, ૫/૪૯, બૈરૂત)*

**ઈલ્મી મકામ તથા મર્તબો** : આપ જલીલુશ્શાન આલિમે દીન, મુહદ્દિષ, નાકિદે હદીષ, એક નિષ્ણાત બુલંદ નિગાહ મુફતી અને મરજએ ખલાઈક رضی اللہ عنہ (લોકોનું શરણ સ્થાન) હતા. મક્કાવાસીઓના ફત્વા અધિક્તર આપની જ પાસે આવતા હતા. ઈમામ ઈબ્ને સઅદે ફર્માવ્યું : "મક્કાવાસીઓના ફત્વા હઝરત અતા તથા હઝરત મુજાહિદના જમાનામાં તે બંનેવની પાસે આવતા હતા, અધિક્તર હઝરત અતા પાસે આવતા હતા.

*(તબકાતુલ કુબરા, ૫/૩૨૧)*

એ જ ઈમામ મૌસૂફ બીજી જગાએ ફર્માવે છે : "તે ષિકહ, ફકીહ, આલિમ અને કષીરુલ હદીષ હતા.

*(તબકાતુલ કુબરા, ૫/૩૨૦)*

ઈમામ ઝહબીએ ફર્માવ્યું, "અતા બિન અબી રિબાહ, આપ અસ્લમ ઈમામ, શયખુલ ઈસ્લામ અને મુફતીયે હરમ છે." *(સિયરે અઅ્લામ, ૫/૪૮, બૈરૂત)*

સિરાજુલ ઉમ્મતલ, કાશિફુલ ગમ્મહ, **ઈમામે આ'ઝમ** رضی اللہ عنہ ફર્માવે છે : "જે લોકોથી મેં મુલાકાત કરી એમનામાં **અતા બિન અબી રિબાહ** رضی اللہ عنہ **થી અફઝલ કોઈને નથી પામ્યો."** *(હવાલો : ઉપર મુજબ, પેજ : ૫૧)*

હઝરત કતાદાએ ફર્માવ્યું, મને સુલૈમાન બિન હિશામે પૂછયું કે શું મક્કામાં કોઈ સાહિબે ઈલ્મ છે ? મેં કહ્યું, હા ! અરબ દ્વિપના લોકોમાં ઈલ્મી એતેબારથી એક સૌથી પૂરાણી શખ્સિયત છે. પૂછયું, તે કોણ છે ? મેં કહ્યું, અતા બિન અબી રિબાહ. *(હવાલો : ઉપર મુજબ, પેજ : ૫૦)* વધુ પેજ **૧૮** પર...

# ઈસ્લામ પ્રતિ

## *** દુનિયાની પેશક઼દમી ***

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામ અમન અને શાંતિનો ધર્મ છે, એ ધરતી પર ભલાઈ અને ઉન્નતિ ઈચ્છે છે, પોતાના માનવાવાળાઓને ચેન અને સુકૂન સાથે રહેવાનો આદેશ આપે છે. ઈસ્લામ જ એવો ધર્મ છે જે જીવનના સર્વ ક્ષત્રોમાં સંપૂર્ણ માર્ગદર્શન કરતો જણાય છે. જીવનનું કોઈ ક્ષેત્ર એવું નથી જેમાં ઈસ્લામના સ્પષ્ટ આદેશ અને સ્પષ્ટ સમજૂતીઓ મૌજૂદ ન હોય. જન્મથી મરણ સુધીના સર્વ મસાઈલ અને તેમનું નિવારણ એવી ઉત્તમ પદ્ધતિથી વર્ણવવામાં આવ્યા છે જેનું દ્રષ્ટાંત અન્ય કોઈ ધર્મમાં જડતું નથી. ઈસ્લામ ઈચ્છે છે કે દુનિયામાં વસતા ઈન્સાનો પ્રેમ અને ભાઈચારાના વાસ્તવિક જઝ્બાથી છલોછલ થઈ જીવનની એક નવી સવારની શરૂઆત કરે, ઈસ્લામ માનવતાના સમ્માનનો ધર્મ છે, નબીએ બરહક઼ દ્વારા સૂચવેલ જીવનશૈલી અને કુર્આને કરીમના આદેશો અને સુવર્ણ નીતિ નિયમોથી ન્યાય અને ઈન્સાફ પર આધારિત સમાજનું ઘડતર કરવા ચાહે છે અને આતંકવાદ, હત્યા અને લૂંટફાટ તથા બુરાઈઓનો નાશ કરવા ચાહે છે.

પરંતુ આજે એ જ દીને ઈસ્લામ વિરૂધ્ધ ષડયંત્રો ઘડવામાં આવી રહ્યાં છે, ઈસ્લામને મિટાવવાની વાતો થઈ રહી છે. દરેક જગ્યાએ ઈસ્લામી ઈબાદતગાહો પર હુમલા કરવામાં આવી રહ્યા છે. મુસલમાનો પર જાત જાતના પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યા છે. શરીઅતે મુસ્તફાને બદલવાની સંપૂર્ણ તૈયારીઓ થઈ ચૂકી છે. ઈસ્લામ દુશ્મન શક્તિઓ એકત્ર થઈ એ રીતે તેના પર તૂટી પડી છે કે ભૂતકાળમાં તેનું ઉદાહરણ જોવા મળતું નથી. પરંતુ અલ્લાહની શાને હાદી (હિદાયત આપનાર શાન) અને તેની રૂબૂબિયતના કુર્બાન કે ઈસ્લામ, કુર્આન અને મુસલમાનોના વિરૂધ્ધ પ્રોપેગંડાથી સામાન્ય લોકોના દિલોમાં ઈસ્લામને જાણવાનો શોખ વધી રહ્યો છે. એક જમાનો હતો કે લોકો ઈસ્લામને મુસલમાનોના ચરિત્ર, વર્તન અને અખ્લાક઼થી જાણતા હતા પરંતુ હવે આધુનિક મિડિયા સંસ્કારણોની અધિકતા, વિશેષ રીતે ઈન્ટરનેટની શોધે ઈસ્લામની હક઼ીક઼તને લોકોના બિસ્તરો સુધી પહોંચાડી દીધી છે. જેના કારણે મોટી સંખ્યામાં લોકો ઈસ્લામ સ્વીકારી રહ્યા છે. અને આશ્ચર્યની વાત એ છે કે ઈસ્લામ સ્વીકારના પ્રસંગો યુરોપિયન દેશોમાં અધિક બની રહ્યા છે જ્યાંથી વિશેષ રીતે ઈસ્લામ વિરૂધ્ધ પ્રોપેગંડા થયા છે.

ઈસ્લામ કેટલી અઝીમ (મહાન) નેઅમત છે તેનો એહસાસ કુફ્રથી તૌબા કરી ઈસ્લામ અંગીકાર કરનારાઓના હાલાત પઢીને થાય છે. અહીંયા અમુક લોકોનું વર્ણન કરવામાં આવી રહ્યું છે જેમણે પોતાનો ધર્મ છોડી ઈસ્લામનો દામન થામ્યો અને ઈસ્લામથી પાવન થઈ ઈમાનની નેઅમતથી સરફરાઝ થયા.

**હિલેરીયન હેગી (Hilarion Heagy) :** થોડા દિવસ પહેલાં અમેરિકા કેલિફોર્નિયાના ઈસાઈઓના પ્રમુખ પાદરી હિલેરીયન હેગી (Hilarion Heagy)એ ઈસાઈ ધર્મ છોડી ઈસ્લામ સ્વીકાર્યો. તેમના ઈસ્લામ સ્વીકારથી સમગ્ર દુનિયામાં હાહાકાર મચી ગયો કે દુનિયામાં ઈસાઈ તાલીમાતનો પ્રચાર કરનાર એક વ્યક્તિ અચાનક મુસલમાન કઈ રીતે થઈ ગયો ?!

તેમના મિત્રો અને જાણીતા લોકોનું કહેવું છે કે હિલેરીયન હેગી કેટલાક વરસોથી ઈસ્લામનો અભ્યાસ કરી રહ્યા હતા અને કુર્આનમાં ખામીઓ શોધી રહ્યા હતા. પરંતુ ખામીઓ શોધતાં શોધતાં પોતે મુસલમાન થઈ ગયા ! તેમણે ઈસ્લામ ક઼બૂલ કર્યા બાદ પોતાનું

www.barkatekhwaja.net

નામ અબ્દુલ લતીફ રાખ્યું. ઈસ્લામ સ્વીકાર કર્યા બાદ હિલેરીયન હેગીએ દુનિયાના લોકોને ઈસ્લામમાં દાખલ થવાની દાવત આપી અને કહ્યું કે : ઈસ્લામ કૃબૂલ કરીને તેમને એવો એહસાસ થઈ રહ્યો છે જાણે તેઓ પોતાના જૂના ઘરમાં પાછા આવી ગયા છે.

**મેરીન અલ્હિમર (Marine al Himer) :** તેણી ફ્રાન્સનાં ખ્યાતનામ મોડેલ હોવા સાથે એક એકટ્રેસ પણ હતાં. ૨૦૨૨માં તેમણે ઈસ્લામ કબૂલ કર્યો અને ઉમરા કરવા માટે મક્કા શરીફ પહોંચ્યાં. ઉમરા કર્યા બાદ તેમણે ઈન્સ્ટ્રાગ્રામ પર એક વીડિયો અને મક્કા મુકર્રમાની તસ્વીર શેર કરતાં કહ્યું, ''અત્યારે મને જે ખુશી મેહસૂસ થઈ રહી છે તેને બયાન કરવા માટે મારી પાસે શબ્દો નથી, ઉમ્મીદ છે કે મારી મગ્ફિરત (માફી) થઈ જશે અને સીધો માર્ગ નજર આવશે, ઈન્શા અલ્લાહ ! તેણી સોશિયલ મિડિયા પર બહુ પ્રસિધ્ધ વ્યક્તિત્વ ધરાવે છે, તેમને સોશિયલ મીડિયા પર કરોડો લોકો ફોલો કરે છે.

**સબરી માલા જ્યા કંથન :** તેણી આપણા દેશના એક સામાજિક કાર્યકર અને મોટીવેશનલ સ્પીકર છે. તેમણે પણ ૨૦૨૨માં ઈસ્લામ સ્વીકાર કર્યો. જ્યારે તેણી ઉમરા કરવા ગયાં તો બિલ્કુલ કા'બા શરીફ સામે એક વીડિયો બનાવ્યું જેના બેકગ્રાઉન્ડમાં કા'બા શરીફ દેખાય રહ્યો હતો. તે વીડિયોમાં તેમણે દુનિયા સમક્ષ ખુલ્લેઆમ એલાન કર્યુ કે તેણી મુસલમાન થઈ ચૂક્યાં છે અને પોતાનું નામ ''ફાતેમા'' રાખ્યું છે. જ્યારે તેમને એ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો કે અચાનક તેમણે ઈસ્લામ કેમ કબૂલ કર્યો ? તો તેના જવાબમાં તેમણે જણાવ્યું કે, ''હું પોતાને એ પ્રશ્ન કરતી કે હું ઈસ્લામથી આટલી નફરત કેમ કરું છું ? તેનું કારણ શું છે ? તે જાણવા માટે મેં ઠંડા દિમાગથી પવિત્ર કુર્આનનું અધ્યયન શરૂ કરુ કર્યું અને ધીરે ધીરે સત્ય જાણ્યું અને આજે સ્થિતિ એ છે કે હું સ્વંયથી અધિક ઈસ્લામથી મહોબ્બત કરુ છું.

**ડોક્ટર માર્ક થોમપ્સન (Senior British Academic) :** તેઓ મૂળ બ્રિટનના એક સિનિયર રિસર્ચર છે અને સઊદી અરબિયામાં કિંગ ફહદ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તેઓ એક લાંબા સમયથી ઈસ્લામ વિશે અભ્યાસ કરી રહ્યા હતા. અંતમાં તેમણે પણ ૮ એપ્રિલ ૨૦૨૨માં ઈસ્લામ સ્વીકારી લીધો. રમઝાનમાં તેમણે ટ્વિટ દ્વારા ખબર આપી કે તેઓ મુસલમાન થઈ ગયા છે અને તેની સાથે જ તેમણે અલ્લાહનો શુક્ર અદા કર્યો.

**ડચવેલિ :** (Famed British rapper and hip-hop artist, Stephan Fabulous Allen better known by his stage name Dutchavelli) તેઓ એક બ્રિટિશ રેપર છે, તેમણે પણ ૨૦૨૨માં ઈસ્લામી તાલીમાતથી પ્રભાવિત થઈ ઈસ્લામ સ્વીકાર કર્યો.

**દાઊદ કરીમ (South Korean singer, actor and Youtuber) :** અસલ નામ જે કીમ. કોરિયાના એક પ્રસિધ્ધ યુટયુબર છે, તેમણે પોતાના બાપદાદાનો ધર્મ છોડી ૨૦૧૯માં ઈસ્લામ સ્વીકાર્યો. તેઓ પહેલા એક સિંગરના રૂપમાં ઓળખવામાં આવતા હતા. તેમણે એક ઈન્ટરવ્યૂમાં એ વાતનો ખુલાસો કર્યો હતો કે તે (સિંગર હોવાનો જમાનો) તેમના જીવનના સૌથી બુરા દિવસો હતા અને તેઓ હવે ઈસ્લામમાં દાખલ થઈને પોતાના જીવનમાં સર્વાધિક સુકૂન અનુભવી રહ્યા છે.

**કમલા સુરૈયા (Kamala Surayya) :** અસલ નામ કમલા દાસ, તેણી ૧૯૯૯માં મુસલમાન થયા. એક ઈન્ટરવ્યૂમાં તેમને પૂછવામાં આવ્યું : તમે હિંદુ ધર્મમાં જનમ્યા, ભરણ પોષણ પામ્યું, ઉમરના આ મોડ પર કઈ બાબતથી પ્રભાવિત થઈ તમે ઈસ્લામ સ્વીકાર કર્યો ?'' જવાબમાં તેમણે કહ્યું, ''હિંદુ ધર્મના કોઈ પણ રીત રિવાજથી હું કદી પ્રભાવિત ન થઈ ન તેની પાબંદ રહી. ત્રીસ વરસથી અધિક ઈસ્લામને

www.barkatekhwaja.net

જાણવા, સમજવા અને શિખવાનો મોકો મળ્યો, મને હંમેશા ઈસ્લામથી લગાવ હતો, ઈસ્લામી સંસ્કૃતિએ મને અત્યંત પ્રભાવિત કરી. હું વરસોથી અન્ય ધર્મોનો અભ્યાસ કરતી રહી તો મને જણાયું કે અન્ય ધર્મોમાં ઘણી બાબતો ખોખળી છે અને ઈસ્લામની બુનિયાદ ઘણી જ મજબૂત અને પાકી છે, તેમાં અમનો શાંતિ, સચ્ચાઈ અને સુકૂન છે.

**જેનિફર ગ્રાઉટ (Jennifer Grout)** : તેણી અમેરિકાના ઘણા પ્રસિધ્ધ સિંગર છે, ઈસ્લામ વિશે હમેશાં શોધ કરતાં અને જાણકારી મેળવતાં રહીને ઈ.સ. ૨૦૧૩માં તેમણે ઈસ્લામ સ્વીકાર કર્યો અને પોતાનું નામ શેહનાઝ ગુલ રાખ્યું. હવે સિંગિંગની જગ્યાએ કુર્આને મુક્દસની તિલાવત કરે છે.

**સારા બૂકર (Sarah Booker)** : અમેરિકામાં જનમ્યાં. શરૂઆતની જવાની નાઈટ ક્લબોમાં પસાર થઈ. તેણીની ઈચ્છા હતી કે તે પૂરી દુનિયામાં પ્રસિધ્ધ થઈ જાય અને એવું જ થઈ રહ્યું હતું, તેણી દિન પ્રતિ દિન તરક્કી કરી રહી હતી, પરંતુ પોતાની જિંદગીથી સંતુષ્ટ ન હતી. તેણીની લાઈફ સ્ટાઈલ જેટલી ઊંચી થતી એટલું જ સુકૂન ખત્મ થઈ રહ્યું હતું. છેવટે એ જિંદગીથી તંગ આવીને નારી હક્કો અને સમાજ સેવાનાં કાર્યો શરૂ કર્યા પરંતુ તે છતાં તેણીની બેચીની વધતી જ રહી. પછી અચાનક ૯/૧૧ની ઘટના ઘટી. તેણીએ જોયું કે દરેક બાજુથી ઈસ્લામ પર પ્રહાર થઈ રહ્યા છે, યહૂદી, ઈસાઈ અને અન્ય ધર્મો પોતાની સર્વ શક્તિ ઈસ્લામને નુકસાન પહોંચાડવામાં લગાડી રહ્યા છે.

તેણીએ ઈસ્લામિક રિસર્ચ સેન્ટરથી સંપર્ક સાધી કુર્આનનો અનુવાદ મંગાવ્યો અને તેનો અભ્યાસ કરવા લાગી. કુર્આનના અભ્યાસ બાદ ઈસ્લામથી એટલી પ્રભાવિત થઈ કે ઈસ્લામ સ્વીકારી લીધો. પોતાનો અભિપ્રાય આપતાં તેણીએ ઈસ્લામની ખૂબ પ્રશંસા કરી અને કહ્યું, "ઈસ્લામમાં પ્રવેશી મને જે આનંદ પ્રાપ્ત થયો તેને હું શબ્દો વર્ણવી શકતી નથી. મેં જોયું કે ઈસ્લામમાં સ્ત્રીઓનું જે માન સમ્માન છે તે અન્ય ધર્મોમાં નથી."

આ સિવાય ઈસ્લામી સંસ્થાઓ અને મુસ્લિમ ઉલમા થકી હજારો લોકો સ્વેચ્છાએ ઈસ્લામ સ્વીકાર કરી રહ્યા છે જેમના વર્ણનની અત્રે ગુંજાઈશ નથી.

ગૈર મુસ્લિમ લેખકો દ્વારા આમ લોકોને ગેર માર્ગે દોરવા અને ઈસ્લામથી નફરત પેદા કરવા માટે જે પાયાવિહોણા દાવા અને આક્ષેપ કરવામાં આવે છે એ તદ્દન જૂઠ અને અન્યાય પર આધારિત છે, જેમ કે "ઈસ્લામ તલવાર અને બળના આધારે ફેલાયો છે" વગેરે..

કુર્આન તો કહે છે :–

لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ فَمَنْ يَّكْفُرْ بِالطَّاغُوْتِ وَ يُؤْمِنْۢ بِاللّٰهِ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ۗ لَا انْفِصَامَ لَهَا ۭ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ

દીનમાં કોઈ જબદસ્તી નથી. (અર્થાત કોઈ ગૈર મુસ્લિમને જોર જબરદસ્તીથી ઈસ્લામ સ્વીકારવા મજબૂર કરવામાં આવશે નહીં) બેશક ! હિદાયતનો માર્ગ ગુમરાહીના રસ્તાથી ખૂબ સારી રીતે અલગ થઈ ગયો. તો જે શેતાનને ન માને અને અલ્લાહ પર ઈમાન લાવે તેણે ઘણો મજબૂત સહારો થામી લીધો જે તૂટશે નહીં, અને અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે.

*(સૂ. બક્રહ, ૨/૨૫૬)*

હકીકત એ છે કે ઈસ્લામની લોકપ્રિયતાનું કારણ કુર્આનની તાલીમાત અને નબીએ રહમત ﷺનું ચરિત્ર છે, ઈસ્લામ કુર્આનની સચ્ચાઈ અને રસૂલે રહમતના કિરદારની ખૂબીઓના આધાર પર ફેલાયો છે અને ફેલાતો રહેશે. અને એ જ બાબત આવા પ્રપંચી લોકો માટે અજંપાનું કારણ બની રહી છે જેના પરિણામે અવાર નવાર ઈસ્લામ વિરૂધ્ધ ઝહેરીલી બકવાસ અને હલકી હરકતો જોવા સાંભળવામાં આવી રહી છે.

*ઈસ્લામકી ફિતરત મેં કુદરત ને લચક દી હૈ*
*તુમ જિતના દબાઓગે, ઉત્ના હી યે ઉભરેગા*

*(માર્ચ–એપ્રિલ ૨૦૨૩, અશ્રફિયા–મુબારકપુર)*

www.barkatekhwaja.net

# મોબાઈલ અંગેના અમુક જરૂરી મસાઈલ

✍ **રજૂકર્તા : જનાબ અહમદભાઈ મુન્શી-જેતપુર**

હઝરત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના સવાલો અને મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવીના** જવાબો :–

**સવાલ–૧ :** મોબાઈલમાં માણસો પોતાનો અથવા પોતાની ફેમીલી વગેરેનો ફોટો ગેલેરીમાં સેવ કરીને રાખે છે તો શું તેનાથી નમાઝ ઉપર કઈ અસર પડે છે ?

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**જવાબ–૨ :** હુકમે શરઈ : મોબાઈલની ગેલેરીમાં પોતાનો અથવા પોતાની ફેમીલીનો ફોટો જરૂરી કારણ વગર રાખવો નાજાઈઝ છે. પરંતુ જ્યાં સુધી ગેલેરી ચાલુ (On) નથી હોતી તો ફોટો મોબાઈલની અંદર છુપાયેલો રહે છે, તેના ઉપર મોબાઈલનું કવર અને અંધારાના પર્દા પડેલ રહે છે. તે સમય દરમ્યાન તેને ખિસ્સામાં રાખવું અથવા સામે રાખીને નમાઝ પઢવાથી નમાઝ ઉપર કોઈ અસર થશે નહીં. જેમ કે કોઈ ફોટો દીવાલ પર કિબ્લા બાજુ હોય અને તેને ચાદર વડે ઢાંકી દેવાથી નમાઝ ઉપર કોઈ અસર થતી નથી.

નમાઝ ઉપર અસર ત્યારે થશે જ્યારે ગેલેરી ચાલુ (On) થાય અને ફોટો એવડો મોટો હોય કે તેને જમીન ઉપર રાખીએ અને ઉભા રહીને જોઈએ તો તેના શરીરના દરેક અવયવો (અંગો) જુદા જુદા સાફ દેખાવા માંડે, તેમજ સાથે જ નમાઝ શરૂ કરવાના ટાઈમે તે મુસલ્લા ઉપર કે અદબની જગ્યા રાખેલ હોય. બધી જ રીતે આવું બધુ દેખાવા માંડે ત્યારે નમાઝ મકરૂહ થશે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**સવાલ–૨ :** મોબાઈલની સ્કીન ઉપર મુબારક કલેમાત, પવિત્ર મકામો (મઝાર વગેરે) સ્થળોની તસ્વીર લાગેલી હોય તો તેને સંડાસની અંદર લઈ જવા માટેનો શું હુકમ છે ? અથવા મોબાઈલની અંદર કલામે પાક હદીષો, તફસીરો વગેરે જેવું લખાણ વગેરે સેવ કરવામાં આવ્યું હોય તો તેવા મોબાઈલને સંડાસમાં લઈ જવાનો શું હુકમ છે ?

**જવાબ–૨ :** હુકમે શરઈ : મોબાઈલની સ્કીન ઉપર મુબારક કલેમાત અથવા મુકદ્દસ મકામાત (પવિત્ર સ્થળો)ના ફોટા લાગેલા હોય તે મોબાઈલને સંડાસ કે પેશાબખાનામાં લઈ જવો જોઈએ નહીં કે તે અદબની વિરૂધ્ધ છે. ઓલમાના કથનથી આવું જ જાહેર થાય છે. તેવી જ રીતે મોબાઈલની અંદર (કુર્આને પાક તથા હદીષના લખાણો વગેરે મૌજૂદ હોય તો તેને પણ સંડાસ કે પેશાબખાની અંદર લઈ જવો જોઈએ નહીં. તે પણ અદબની વિરૂધ્ધ છે.

બંને મસ્લાઓનું દષ્ટાંત તાવીઝનો એ મસ્અલો જે દુર્રે મુખ્તારમાં છે. એનો ભાવાર્થ ફવાઈદે ફતાવાએ રઝવિય્યહમાં એવી રીતે છે કે **તાવીઝ જો કપડામાં સીવેલો કે વીટેલો હોય તો તેને પહેરીને સંડાસમાં જવું મકરૂહ નથી, તો પણ તેનાથી બચવું વધારે સારું છે.**

સવાલમાં જે આયતો અથવા પવિત્ર સ્થળોનું મોબાઈલમાં હોવાનું વર્ણન હોય છે તે મોબાઈલની મેમરીમાં આપણી સમજ બહારના રૂપમાં સુરક્ષિત હોય છે. અને તેની ઉપર ડબલ કાચનું કવર હોય છે. ઉપરવાળો કાચ સ્કીનથી અલગ હોય છે જેથી તે ગિલાફ તથા જુઝદાનના સ્થાને છે અને તેનો હુકમ તાવીઝના કવર જેવો છે કે તેને પહેરીને

www.barkatekhwaja.net

પેશાબખાનામાં જઈ શકીએ છીએ, પરંતુ વધુ સારું એ છે કે તેનાથી બચવું જોઈએ. અને હદીષે પાકમાં એવું જે આવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સંડાસમાં જતા તો ઉતારીને જતા (જામેઅ તિર્મિઝી અબ્વાબુલ લિબાસ) તો તેનું કારણ એ છે કે અંગૂઠી ઉપર "મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ" કોતરેલુ હતું તે કોઈ પણ જાતના કવર (કપડા)થી ઢાંકેલું હતું નહીં અને અહીંયા તે જે કંઈ પણ છે કાચના કવરની અંદર છુપાયેલું (ઢાંકેલ) છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**સવાલ-૩ :** મલ્ટી મીડિયા મોબાઈલમાં કોલર ઈમેજ રાખવું કેવું છે ? તેની વિગત કંઈક એવી છે કે મલ્ટી મીડિયા મોબાઈલમાં એક ઓપ્શન કોલર ઈમેજનો હોય છે. તેને સેટ કર્યા પછી જ્યારે ફોન કરવાવાળો ફોન કરે છે તો ફોન કરવાવાળાની તસ્વીર (ચેહરો) જોવામાં આવે છે. મોબાઈલમાં આવી રીતનો કોલર ઈમેજ એટલે કે ફોટો સેટ કરવું કેવું છે ?

**જવાબ-૩ :** હુકમે શરઈ : કોલર ઈમેજ ઓપ્શનનો ઉપયોગ નાજાઈઝ છે કારણ કે એ ફોટાને સન્માનપૂર્વક સુરક્ષિત રાખવું છે જે જાઈઝ નથી. અને જે સમયોમાં તે તસ્વીરો દેખાવા લાગશે ત્યારે ત્યાં રહમત અને બરકતના ફરિશ્તા નહીં જાય, જે ઘણી મેહરૂમી છે.

હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે રહમતના ફરિશ્તા તે ઘરમાં જતા નથી જેમાં (કૂતરો અથવા તસ્વીર હોય) આ વિષય અંગેની હદીષો ઘણી જ છે અને તે બધાનો નિચોડ તે જ છે કે ઘરમાં કોઈ પણ જાતના જાનદાર પ્રાણીની તસ્વીર (ફોટો) રાખવામાં ન આવે અને જે ઘરમાં એવી કોઈ તસ્વીર સન્માન સાથે રાખે તેમાં રહમતના ફરિશ્તા જતા નથી. બહું જ મશહૂર હદીષ છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہاએ દરવાજા ઉપર એક પડદો લગાડયો તે પડદા ઉપર તસ્વીર હતી. સરકાર ﷺએ તેને જ્યારે જોયું તો ચેહરાનો રંગ બદલાઈ ગયો અને ઘરની અંદર પોતે આવ્યા નહીં. ઉમ્મુલ મો'મિનીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! હું અલ્લાહ તઆલાની બારગાહમાં અને રસૂલુલ્લાહની બારગાહમાં તોબા કરું છું, મારાથી કંઈ ખતા થઈ ગઈ. ત્યારે હુઝૂર સૈયદે આલમ ﷺએ તે પર્દો હટાવીને ફેંકી દીધો, *(સહીહ બુખારી, કિતાબુલ્ લિબાસ, બાબુત્તસાવીર, ૨/૮૮૧, સહીહ મુસ્લિમ, ૨/૨૦૦, મજલિસે બરકાત)*

આ હદીષ ગવાહ છે કે ઘરની અંદર જાનદારની તસ્વીર ઈજ્જતની સાથે રાખવી મના છે કે આ સરકાર ﷺની નારાઝગીનું કારણ છે જેથી કરીને મોબાઈલમાં 'કોલર ઈમેજ રાખવી જાઈઝ નથી. (વલ્લાહો તઆલા અઅ્લમ)

**સવાલ-૪ :** મોબાઈલથી જનરલ (સામાજિક) પ્રોગ્રામો અને મઝહબી પ્રોગ્રામોની વીડિયોગ્રાફીનો શરીઅતની રૂએ શું હુકમ છે.

**જવાબ-૪ :** મોબાઈલથી સામાજિક અને ધાર્મિક અને બીજા પ્રોગ્રામોની વીડિયોગ્રાફી કરવી નાજાઈઝ છે, પરંતુ કોઈ એવી શરીઅતની રૂએ જરૂરત હોય જેવું કે કાયદાની દષ્ટિએ આ પ્રોગ્રામનો સબૂત પૂરો પાડવાનો હોય અથવા આજના પુરફિતન દૌરમાં બુરાઈથી સુરક્ષાનો હેતુ હોય અથવા કોઈ ખાસ માણસો દ્વારા કોઈ એક ગૃપ અથવા કોઈ ખાસ લોકો થકી કોઈ ગૃપ અથવા વ્યક્તિઓની અક़ીદાની કે ધાર્મિક ગલતફહમી વગેરેને દૂર કરવાનો હેતુ હોય કે પુરવાર કરાવી શકાય કે ફલાં ફલાં વ્યક્તિએ આ બયાન આપ્યું છે ક્યાંક ક્યાંક આ બધીય બાબતો એક જગાએ પણ ભેગી થઈ જાય છે.

પરંતું દરેક પ્રોગ્રામોમાં આ હાજતો નથી જોવા મળતી. જ્યારે કે દરેક પ્રોગ્રામોમાં આજે વીડિયોગ્રાફી

ખૂબ જ અધિક પ્રમાણમાં થઈ રહી છે. જેમ કે ખાવાના સમયે દરેક કોળિયાની વીડિયોગ્રાફી, ક્યાંય પણ આવવા જવાની, ઉઠવા બેસવાની દરેકની વીડિયોગ્રાફી મના છે, તેનાથી બચવું વાજિબ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ-૫** : પેશાબ અને પાખાના કરતાં કરતાં મોબાઈલ ઉપર વાતચીત કરવાનો શું હુકમ છે ?

**જવાબ-૫** : પેશાબ અને જાજરૂ કરવાના સમયે ક્યારેય પણ મોબાઈલ ઉપર વાતચીત ન કરવી જોઈએ કારણ કે તે પેશાબ કરવાના આદાબની વિરૂધ્ધ અને બેશરમી છે. વાતચીત કરવાના શરૂના સમયમાં અને આખરના સમયમાં સલામો કલામ અને સલામનો જવાબ પણ થાય છે. અને તબીઅતના સમાચાર પૂછતાં અલ્હમ્દુલિલ્લાહ અને તેને લગતા બીજા શબ્દો પણ કહેવામાં આવે છે, અને ઈસ્તિન્જા, પેશાબ કે પાખાના કરતાં કરતાં આ બધી બાબતો મના છે. ફતાવા હિંદિયામાં આ પ્રમાણે છે : તર્જુમા : પેશાબ કરવાના સમયે વાતચીત ન કરે ન અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે ન છીંકનારાને જવાબ આપે, ન સલામનો જવાબ આપે અને અઝાનનો જવાબ પણ ન આપે, અને જો છીંક આવી જાય તો અલહમ્દુલિલ્લાહ દિલમાં જ કહે ઝબાનથી ન બોલે. વલ્લાહો તઆલા અઅ્લમ.

*(ફતાવા હિંદિયા, ૧/૫, કિતાબુત્તહારત)*

**સવાલ-૬** : મોબાઈલમાં કુર્આન શરીફ અપલોડ થયેલ હોય તો તેને ડીલીટ કરવું (કાઢી નાખવું) તે બારામાં શું હુકમ છે ?

**જવાબ-૬** : મોબાઈલ ફોનની મેમરી ફુલ થઈ ગઈ હોય અને કોઈ જરૂરી લખાણ કે બાબત મેહફૂઝ કરવી જરૂરી હોય તો કુર્આને પાકને ડીલીટ કરવું જાઈઝ છે. અહીં ડીલીટ કરવાનો મતલબ ફક્ત એટલો જ થાય છે કે બટન દબાવીને સ્કીન ઉપર દેખાઈ રહેલા શબ્દોને કાઢી નાખવામાં આવે, તે શબ્દો જમીન ઉપર કે કોઈ અયોગ્ય જગ્યાએ કાઢવાથી પડી જતા નથી કે બેઅદબી થાય કે બેઅદબી થવાનો શક કે ગુંજાઈશ રહે, પરંતુ તે એક સ્પેશ્યલ પ્રકારની શબ્દો સાથેની રોશની હોય છે જે ડીલીટ કર્યા પછી બાકી રહેતી નથી, જેથી નાજાઈઝ હોવાની કોઈ શંકા ન થવી જોઈએ. એનું દષ્ટાંત તખ્તી ઉપરથી કુર્આનની આયતોને સાફ કરવું છે, જેથી ફક઼ીહોએ ઈજાઝત આપી છે. જેમ કે ફતાવા આલમગીરીમાં છે : તખ્તી ઉપર કુર્આનની આયતો લખેલ હતી તેને કાઢી નાખી અને તે તખ્તી દુનિયવી કામમાં વાપરવી જાઈઝ છે. અને અલ્લાહ તઆલાનું નામ થૂંકથી કાઢી નાખવાની ભૂંસવાની મનાઈ છે. એવું જ 'ગરાઈબ'માં છે. *(ફતાવા આલમગીરી, ૫/૩૨૨)*

હા ! કુર્આને મુક઼દ્દસ દિલની તખ્તી ઉપરથી મિટાવી દેવું (ભૂલાવી દેવું) નાજાઈઝ છે. મતલબ કે તેને પછીને યાદ કરીને પછી તેને ભૂલી જવું નાજાઈઝ છે. હદીષે પાકમાં છે ''હઝરત સઅદ બિન એબાદા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે જે વ્યક્તિ પણ કુર્આન શરીફ પઢીને ભૂલી જાય તો ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાથી કોઢી થઈને મળશે. મિર્કાતુલ મફાતીહ શરહે મિશ્ક઼ાતુલ મસાબીહમાં છે : ''હદીષ મશ્હૂર છે કે સરકાર ﷺએ ફર્માવ્યું કે **મારી સમક્ષ મારી ઉમ્મતના ગુનાહ રજૂ કરવામાં આવ્યા તો મેં તે વ્યક્તિ કરતાં વધુ ગુનેહગાર કોઈને નથી જોયો કે જેને કુર્આનની આયત આપવામાં આવી અને તેને ભૂલાવી દીધું.** *(અખ્રજહુલ બુખારી ફી સહીહ મુસ્લિમ ફી સહીહુન્ નસાઈ ફીસ્સુનનિ વ ઈબ્ને માજહ, ૫/૭૨)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

**સવાલ-૭** : ફેસબુક અથવા વોટ્સઅપ ઉપર

કોઈ બુઝુર્ગ આલમે દીન અથવા અથવા નાના છોકરા કે છોકરીનો ફોટો અપલોડ કરવો કેવો છે ? અને તેવા ફોટાઓને જોઈને 'સુબ્હાનલ્લાહ' 'માશાઅલ્લાહ' જેવા શબ્દો કહેવા કેવું છે ?

**જવાબ-૭** : ફેસબુક અથવા વોટસઅપ ઉપર કોઈ બુઝુર્ગ આલમે દીન અથવા કોઈ ખૂબસૂરત નાના છોકરા કે છોકરીની તસ્વીર અપલોડ કરવી અત્યારે એક રિવાજ થઈ ગયો છે કે જૂની યાદગાર અથવા પોતાની અક઼ીદત અને મહોબ્બતનો દેખાડો કરવો અથવા ટાઈમ પાસ અથવા આંખોને ગમે તે માટે જોતા હોય છે, અને આ મકસદો તદ્દન શરીઅતની જરૂરત માટે નથી, જેથી કરીને તેને અપલોડ કરવું જાઈઝ નથી. મોબાઈલમાં તેને અપલોડ કરવું આમ જુઓ તો તેને ખરેખર સન્માન સાથે હિફ઼ાઝતથી રાખવું છે અને શરીઅતની દૃષ્ટિએ તે મના છે. અનાયા શરહે હિદાયામાં છે : આપણને તસ્વીરના અપમાનનો હુકમ આપવામાં આવ્યો છે. *(અલ્અનાયા શરહે હિદાયા અલ્મત્બૂઅ મઅફ઼તહુલ ક઼દીર, ૧/૪૨૮)*

આ લખાણથી જાણવા મળ્યું કે જ્યારે તસ્વીરોને રાખવી, જોવી અપમાનના તરીકા પર ન હોય તો એને સન્માનરૂપે માનવામાં આવશે. એવી જ રીતે કબાટ, પેટી, સુટકેશ, બ્રિફકેસ, હેન્ડ બેગ અને પર્સ વગેરેમાં હિફ઼ાઝતની સાથે રાખવું પણ સન્માન જ છે.

અને આ ફોટાઓ (તસ્વીરો) જોઈને સુબ્હાનલ્લાહ, માશાઅલ્લાહ અથવા તેના જેવા બીજા પ્રશંસાના શબ્દો કહેવા નાજાઈઝ છે, કારણ કે ઈન્સાની તસ્વીર અલ્લાહ ﷻ તથા તેના રસૂલ અને ફરિશ્તાઓ علیہم السلامને સખત અમાન્ય અને નાપસંદીદા છે. જેમ કે નબવી હદીષે એના માટે ગવાહ છે. અને તે વ્યક્તિ એટલું જ નહીં કે તેને પસંદ કરે છે પરંતુ ઈજ્જતની નિગાહથી જુએ અને પ્રશંસા રૂપે તેના ઉપર અલ્લાહ ﷻની હમ્દ તથા તસ્બીહ કરે છે. હા ! કોઈ ફોટો બનાવનારની કળા અને તસ્વીર બનાવવાની ખૂબી પર ખુદાએ ક઼દીરની પાકીઝગીનું એલાન કરતો નથી, પરંતુ દર અસલ બુઝુર્ગ આલિમે દીનથી અક઼ીદત અને ખૂબસૂરત બાળકથી પ્યાર અને મહોબ્બતના લીધે પોતાના મૌલાએ કરીમની પાકીઝગીને બયાન કરે છે એટલે શરીઅતનો હુકમ તેનાથી આગળ વધશે નહીં, પરંતુ કેમ કે હ઼મ્દ, તસ્બીહ આમ જુઓ તો તસ્વીરને જોઈને જ પઢે છે, આવી રીતે તાઝીમ કરવી કોઈ મોટી ગુમરાહીનું કારણ બની શકે છે, જેનું વર્ણન ઓલમાઓએ કરેલ છે એટલે તે નાજાઈઝ અને ગુનોહ જરૂર છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી-મુંબઈ, ઓકટોબર-૨૦૧૯)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફ઼ાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૪૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

અંજુમને રઝાએ મુસ્તફ઼ાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *-તંત્રી*

# ફિકે રઝા અને હાલ નવા ઉદ્ભવતા મુફ્તી

**લેખક : મૌલાના અબ્દુર્રહમાન કાદરી**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

કયામતની નજીક ફિત્નાઓની વર્ષા થશે. આકા કરીમ ﷺએ ફર્માવ્યું, "હું તમારા ઘરોમાં ફિત્ના ઉપસ્થિત થવાના સ્થાનોને વરસાદ ટપકવાનાં નિશાનોની જેમ (ખૂબ જ પ્રમાણમાં અને સ્પષ્ટ) જોઈ રહ્યો છું." (મુસ્લિમ શરીફ) આપણે એ જ ફિત્નાઓની વરસાદવાળા જમાનાથી પસાર થઈ રહ્યા છીએ. અને જે પેચીદા (જટિલ) ફિત્નાની તરફ આપનું ધ્યાન દોરવા માગુ છું તે "દરેક પથ્થર નીચેથી મુફતીનું નીકળવુ" અને મસ્નદે ઈફતાને અપાત્રને સોંપવું અથવા અપાત્રથી કામ લેવા પર ઈલ્મવાળા હઝરાતની ખામોશી છે.

ઈફતા (ફતાવા લેખન)ની સનદ અને મુફતીનું ટાઈટલ એ રીતે વપરાય રહ્યું છે જેવી રીતે તજવીદના ફન (વિદ્યા)ની સનદ આપવામાં આવે છે, અને જે રીતે દરેક ઉસ્તાદ ભલે જઝરીને જાણતો હોય કે નહીં, પણ પોતાના નામની સાથે "કારી શબ્દ વાપરે છે. એ જ પ્રમાણે વિના સંકોચે "મુફતી" શબ્દનો પણ ઉપયોગ થઈ રહ્યો છે. જ્યારે કે ઈફતાના ફન (વિદ્યા)ની તથા તજવીદના ફનની જિમ્મેદારીઓના હોદ્દા (મન્સબ) અને તેની પ્રાપ્તિ માટે તકલીફ ઉઠાવવી, એમાં જમીન આસ્માનનો ફરક છે.

મારા આ લખાણ સાથે ફતાવા રઝવિય્યહ શરીફનો ખુત્બો મૌજૂદ છે જેની અંદર લાઈન કરેલ લીટીઓનો તર્જુમો આ પ્રમાણે છે :–

**(૧)** ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہએ હિ.સ. ૧૨૮૬માં દીની ઈલ્મોથી ફરાગત બાદ ફતવા લખવાનું શરૂ કર્યું. **(૨)** અધિક સાત વરસો સુધી સતત પોતાના પિતાને ફતવા લખીને તસ્હીહ (સહી હોવાનું સમર્થન) કરાવતા રહ્યા. **(૩)** સાત વરસ પછી પિતાએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને સ્વતંત્ર રીતે ફત્વો આપવાની ઈજાઝત આપી કે હવે તે પોતાના વાલિદ (મુફતી નકી અલીખાં رحمۃ اللہ علیہ)ને સમર્થન માટે ફત્વો ન બતાવે બલ્કે (પોતે જ) જારી કરી દીધા કરે. **(૪)** પણ ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہનો ઈલ્મી કમાલ, આજીજી તથા ફિકહ તથા ઈફતાની ખિદમત કે કહ્યું : પિતાની હયાતીમાં મારી હિંમત ન થઈ કે એકલો ફત્વો જારી કરું ! જેથી અધિક ચાર વરસ તેમના વિસાલ સુધી ફતાવાનું સમર્થન તથા તસ્દીક કરાવતા રહ્યા.

"મુફતી"ના ચાર અક્ષરોની નિસ્બતથી આ ચાર મુદ્દાઓ પર વારંવાર મદ્રસાના વ્યવસ્થાપકો, ફત્વા જારી કરનારા ઉલમા, ખાસ કરીને "તખસ્સૂસ ફિલ્ ફિકહ"ના તલબા વિચારણા કરે કે આ'લા હઝરતનું સાત વરસો સુધી ફત્વાઓ લખવા પર સંપૂર્ણપણે દિવસ રાત મહેનત કરતા રહેવું અને એના બાદ ઈજાઝત, અને કુલ ૧૧ વરસો સુધી પોતાના પિતાને સમર્થન માટે ફત્વા ચેક કરાવતા રહેવું ! અલ્લાહ અકબર ! અને આપણી કાર્ય પધ્ધતિ એનાથી તદન ઉલ્ટી ?!

પચાસ ફત્વા પણ ન લખ્યા અને નામની સાથે "મુફતી"નો ઉપયોગ ! હિદાયા એક વરસ પણ ન પઢાવી પણ નામની સાથે "મુફતી"નો ઉપયોગ ! દર્સે નિઝામી પણ પૂરી ઠીક રીતે નથી પઢી, ખાસ કરીને અરબી અદબ, ફસાહત તથા બલાગત, છતાંય દૌરે હદીષની સનદ ! અને પછી નામની સાથે "મુફતી"નો વપરાશ !

એક મશહૂર મસ્જિદના ઈમામના નામની સાથે

www.barkatekhwaja.net

અચાનક "મુફ્તી" જોયું તો મેં જાણી જોઈને પૂછયું, માશા અલ્લાહ ! આપના દારુલ ઈફતાના શું સમયો છે ? તે કહેવા લાગ્યા કે આસપાસની સર્વ મસ્જિદોના ઈમામ પૂરા આલિમ ન હોવા છતાં "મુફ્તી" કહેવાય છે, તો મેં પણ નામની સાથે "મુફ્તી" લગાડી આપ્યું, નહીં તો લોકોને મારા બતાવેલા મસાઈલ પર વિશ્વાસ થતો ન હતો.

વરસો વરસથી અમલિયાત (બાપુગીરી) કરનારા અને ધંધાદારી મુકર્રિરો જેમને ફન્ને તદરીસ સાથે (પઢવા પઢાવવા) સાથે હવે દૂરનો પણ સંબંધ નથી, છતાં એક મહીનામાં બે ત્રણ ફત્વા શરહે સહીહ મુસ્લિમ અને ઉર્દૂ ફતવાઓ પરથી બેઠી નકલ કરીને લખી આપતા, તે પણ "મુફ્તી" છે. (વળી કેટલાક મૌલાના ઈન્ડિયા હતા ત્યારે મૌલાના કહેવાતા હતા પણ ફોરેન જઈને ન ત્યાં કોઈ દારુલ ઉલૂમ કે ફત્વા વિભાગમાં કોઈ મોટા મુફ્તી પાસે પઢયા પણ છતાં ત્યાં જઈને તેમના નામ સાથે "મુફ્તી" લેબલ લગાડી આપ્યું ! –તંત્રી.) કોઈ શૈખુલ હદીષ કે મુફ્તીના પુત્રને મુફ્તીનું ટાઈટલ એ રીતે વારસામાં મળ્યું છે, જાણે કે એ એમની સરનેમ (અટક) કે ખાનદાની નામ છે !

આ કેવળ ઉપર ઉપરના અનુભવો છે અને જો ઊંડાણપૂર્વક ચર્ચા કરું તો આશ્ચર્ય થશે કે ઘણા બધા નવા બનેલા અથવા મશહૂર થયેલ મુફ્તી ફિકહે હનફીની પ્રચલિત કિતાબો, મતનો અને તેની શરહો, મબ્સૂતાત અને ફિકહી અબવાબ (પ્રકરણો)ની તરતીબ (ક્રમ)થી જ નાવાકેફ છે ! વળી એ કે દરેક "તખસ્સૂસ"થી ફારિગ થનાર પોતાના નામની સાથે "મુફ્તી" લગાડે છે જે ઈલ્મી ખયાનત, જૂઠુ બોલવું અને ફસાદ ખડો કરવું છે, જયારે કે પ્રેક્ટિકલી તે ફત્વાની મશ્ક બિલ્કુલ નથી કરતા. જેનું પરિણામ એ થયું કે એવા નવા ઉદ્‌ભવેલ કે ફાઈવ સ્ટાર મુફ્તી અહલે સુન્નતના અકીદાથી અજાણ અને મોટાભાગે જાતે જ તાબીરો તથા તશરીહો કરીને લોકોના ખયાલો તથા મામલાઓને તબાહ કરી રહ્યા છે.

દરેક કોલેજ યુનિવર્સિટીનો ટીચર પણ પ્રોફેસર નથી, દરેક વકીલ જજ નથી, દરેક વર્દીવાળો સિપેહ સાલાર કમાન્ડર ઈન ચીફ નથી, દરેક ડોક્ટર સર્જન કે ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ નથી, દરેક પાયલોટની તાલીમ હાંસલ કરનાર તરત જ પાયલોટ નથી બની જતો, દરેક ચાર્ટર એકાઉન્ટન્ટ **CFO** (Chief Financial Officer) નથી, દરેક M.A. Economics અર્થ શાસ્ત્રી નથી, પણ દરેક આલિમ મુફ્તી બની જાય છે !! ક્યાં તો વિના "તખસ્સૂસ"વાળો અથવા કેવળ "તખસ્સૂસ" વાળો, ફત્વા બિલ્કુલ ન લખનારો અથવા નહિવત લખનાર હોય.

જરૂરત એ વાતની છે કે મુફ્તી બનાવવા માટે એક **SOP** માપદંડ (બંધારણ) બનાવવામાં આવે. ફિકહમાં પહોંચ ધરાવનાર વ્યક્તિઓ તૈયાર કરવામાં આવે, મુફ્તી થતા પહેલાં નાયબ મુફ્તી તરીકે કેટલાય વરસો પસાર કરાવવામાં આવે. બિન અનુભવીને એકલા હાથે ફત્વો બહાર પાડવાની સનદ આપવામાં ન આવે.

આશ્ચર્યની વાત છે કે જાન બચાવવા માટે ઈન્ટરનેશનલ ફલાઈટ પાયલોટ/કપ્તાનને સીટ આપવા માટે આટલા હજાર કલાકોનો અનુભવ માગે છે, પણ ઈમાન બચાવવા માટે મોટાભાગના ઈલ્મી તબકાઓમાં યોગ્ય કાર્યપધ્ધતિ નથી.

ફત્વા આપનારા, શહેર કાઝી અથવા અનુભવી મુફ્તી, ઉલમાની યોગ્યતા તથા કાબેલિયત જોઈને "તખસ્સૂસ" કરનારા ઉલમાને એક અરસો પસાર કર્યા બાદ ફત્વા આપવાની ઈજાઝત આપે. સારાંશ કે (ફિત્નાઓને રોકવા) હેઠળ નવી પેદા થનાર ખરાબીઓની રોક થામ જરૂરી છે અને એના બાબતે એકદમ ખામોશી તબાહી છે. મંતિકી અંદાઝમાં જો કહું તો મુફ્તી બિલકુવ્વત (આગળ જતાં મુફ્તી બનશે એવા) ઘણા છે અને મુફ્તી નાકિલ બિલ્ફેઅલ (અને જે અસલ મુફ્તી હોય છે તે વર્તમાન સમયમાં ઘણા) થોડા.

વલ્કલીલ કલ્મઅદૂમ છે. (ઓછા હોવું ન હોવા સમાન છે.)

શક્ય છે કે "મુફતી"ને ખોટુ લાગ્યું હોય, પરંતું આ લખાણ કોઈ વ્યક્તિ, કોઈ ઈદારાના માટે નથી બલ્કે એક સામૂહિક કેફિયત તથા હકીકતની રજૂઆત છે. ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہની કાર્ય પધ્ધતિ જોઈને પોતાનું નિરીક્ષણ (પરિક્ષણ) કરી લો, પોતાના શરીરમાં મૌજૂદ મુફતીને પૂછો. જો આજ સુધી પોતાના નામની સાથે ગલત રીતે "મુફતી" શબ્દનો ઉપયોગ કર્યો છે તેનાથી હવે પછી બચો, અને જો બરાબર રીતે કર્યો છે તો ખૂબ કરો અને આ સ્થાન (મન્સબ)નો હક્ક અદા કરવાની કોશિશ કરો. جعلک اللہ بطۃ فی العلم

"મુફતી"ના ચાર અક્ષરોની નિસ્બતથી આ જ પૈગામ ચાર હદીષોમાં સમજી લો અને બંધારણ બનાવવાનું શરૂ કરી આપો :–

(૧) જે શખ્સ તમારામાં ફત્વા પર અધિક દિલેર (બહાદુર) છે તે જહન્નમ માટે અધિક દિલેર છે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૧૦૨)*

(૨) જેણે ઈલ્મ વિના ફત્વો આપ્યો તેના પર આસ્માન તથા જમીનના ફરિશ્તાઓએ લાનત કરી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૦/૧૯૩)*

(૩) જયારે હોદ્દાઓ નાલાયક (અપાત્ર) લોકોને સોંપી દેવામાં આવે તો કયામતની રાહ જુઓ.

(૪) લોકો જાહિલોને પોતાના પેશવા બનાવી લેશે.

તેમનાથી જયારે કોઈ મસ્અલો પૂછવામાં આવશે તો તે ઈલ્મના વિના ફત્વો આપશે, અને આ રીતે પોતે પણ ગુમરાહ થશે અને બીજાઓને પણ ગુમરાહ કરશે.

**નોંધ** : હદીષો સિવાયના સર્વ શબ્દો જાતી (સ્વંય લેખકના) છે, કોઈ ઉર્દૂ કિતાબથી નકલ કરેલા કે અરબી કિતાબનો અનુવાદ નથી. જેથી નકલ કરનારા આ મિસ્કીનનું નામ ન હટાવે કે ઈફતાના આદાબમાંથી એ પણ છે કે નકલ કરતી વખતે અસ્લ માખઝ તથા મરજઅ (આધાર, કેન્દ્ર) પણ વર્ણન કરવાનું હોય છે. *(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, જૂન–૨૦૨૩)*

પેજ નં.૪૯ નું ચાલુ..

છે કે તેમણે કેવળ સાલેહ પુત્રની જ દુઆ નથી કરી બલ્કે ખુદ પોતાના બારામાં પણ દુઆ કરી : رَبِّ هَبْ لِي حُكْمًا وَّأَلْحِقْنِي بِالصّٰلِحِينَ "હે મારા રબ ! મને હુકમ અતા કર અને મને તેમનાથી મિલાવી દે જે તારા ખાસ કુર્બને (નઝદીકીને) પાત્ર છે." *(સૂ. શુઅરા, આ. ૮૩)* આ દુઆ બતાવી રહી છે કે તે પોતે એકલા સાલેહ રહેવા ચાહતા ન હતા, બલ્કે તે ચાહતા હતા કે તેમની સવાર તથા સાંજ સાલેહીનની સાથે ગુજરતી રહે અને આ દુનિયાથી ગયા પછી પણ તેમને સાલેહીનનો સાથ નસીબ થાય. કાશ ! આપણે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની દુઆના શબ્દોને સામે રાખીને આપણી સોચ બનાવી હોત તો આપણી સોચ કેટલી પુખ્તા હોત. આપણે જોઈએ કે આપણે અંબિયાએ કિરામ علیہم السلامના ઈર્શાદો અને તેમની દુઆઓ કુર્આન તથા હદીષોથી લઈએ અને એક બેહતરીન ઈન્સાન બનવાની કોશિશ કરીએ. યાદ રાખો ! જયાં સુધી આપણા વિચારોનું આધાર બિંદુ કુર્આન તથા હદીષ નહીં હોય ત્યાં સુધી આપણે પોતાની જિંદગીને કામયાબ માર્ગે નથી લઈ જઈ શકતા.

વર્તમાનકાળમાં સર્વ શક્તિ એ બાજુ ખર્ચવામાં આવી રહી છે કે મુસલમાનની સોચ બદલી નાખવામાં આવે, તે ઈસ્લામના બારામાં શંકા કુશંકાનો શિકાર બની જાય, ઈસ્લામને પ્રાચીન બંધારણ (જૂનવાણી) સમજવા લાગે અને ઈસ્લામને તે પોતાના માટે અમલને અપાત્ર સમજવા લાગે. જયારે એક કલમો પઢનાર ખુદ પોતાના ઈસ્લામને અમલને પાત્ર નહીં સમજે તો પછી અન્ય લોકોને ઈસ્લામની સચ્ચાઈ કેવી રીતે બતાવી શકશે ?! મારી ગુઝારિશ એ જ છે કે ચિંતનનો કિબ્લો (ચિંતનની દિશા) કુર્આન તથા હદીષના પ્રમાણે ઠીક કરી લો, ઈન્શા અલ્લાહ ! ﷻ સંજોગો આપોઆપ દુરુસ્ત થઈ જશે. અલ્લાહ મને તથા તમોને તૌફીક અતા કરે. (આમીન)

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, જૂન–૨૦૨૩)*

www.Barkatekhwaja.net

# ચિંતનની દિશા

## ઠીક કરવી જરૂરી છે

**મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

વર્તમાનકાળમાં આપણે પોતાના વિચારો તથા ખયાલોને દુરુસ્ત કરવા અત્યંત જરૂરી છે. એ આપણી ઘણી જ કમનસીબી છે કે આપણે ઘણા બધાં ચિંતનો તથા ખયાલો કુર્આન તથા સાહિબે કુર્આન (ﷺ), અવલિયાએ કિરામ તથા દીને ઈસ્લામની મુકદ્દસ હસ્તીઓથી લેવાને બદલે પશ્ચિમથી લેતા જોવા મળી રહ્યા છીએ. આ આપણા કૌલ તથા અમલનો કેટલો મોટો વિરોધાભાસ છે કે આપણે જ્યારે નમાઝ અદા કરીએ છીએ તો દરેક રકાતમાં સૂરએ ફાતિહા પઢીએ છીએ અને દુઆ કરીએ છીએ : "હે અમારા મઅબૂદ ! તું અમને સાલેહ લોકોના માર્ગે ચલાવ, જેમના પર તેં ઈમાન કર્યું અને તેમના રસ્તાથી દૂર રાખ જેમના પર તારો ગઝબ નાઝિલ થયો છે, અને જેઓ ગુમરાહ છે." (સૂ. ફાતિહા, ૧/૫) નમાઝમાં આપણે આ દુઆ કરીએ છીએ, પરંતુ જેવા એનાથી ફારિગ થઈએ છીએ તો આપણી પૂરી જિંદગી એ જ માર્ગોએ ગુજરે છે જે માર્ગો પર ન ચાલવાની દુઆ આપણે નમાઝની હાલતમાં કરી હોય છે. આપણે શું માગી રહ્યા છીએ એનો આપણને ઈલ્મ પણ નથી ! અને શું પઢી રહ્યા છીએ તેનો આપણને ખયાલ પણ નથી.

અત્યારે પશ્ચિમ પોતાની પૂરી શક્તિ એના માટે વાપરી રહેલ છે કે કોઈ પણ સંજોગોમાં મુસલમાનોના દિલો દિમાગમાં રહેલા ઈસ્લામી ખયાલો, વિચારો તથા માન્યતાઓને કાઢી નાખવામાં આવે અને એની જગાએ પોતાના વિચારો તથા માન્યતાઓને દાખલ કરવામાં આવે. એના માટે ઘણી જ આયોજનપૂર્વકની કોશિશ કરવામાં આવી રહી છે. જ્યાંથી પ્રભાવશાળી વર્ગનો વજૂદ અમલમાં આવે છે ત્યાં પશ્ચિમી વિચારધારા તથા માન્યતાઓએ કબજો જમાવી લીધો છે. બાળકો શિક્ષણના નામ પર સ્કૂલ, કોલેજ તથા યુનિવર્સિટી જાય છે, પણ ત્યાં ગયા પછી પોઝિશન એ થાય છે કે તે બાળક જે ઈસ્લામી માહોલમાં ઉછેર પામેલુ હોય છે અને જેનું ઘર ઈસ્લામી માહોલથી સજ્જ હોય છે, તે પોતાના માબાપની વિચારધારાને અને ઈસ્લામી માન્યતાઓ તથા ખયાલોને પૂરાણા (જૂનવાણી) સમજીને પોતાનો સંબંધ ઈસ્લામથી કમજોર કરી લે છે. ઈલ્લા માશા અલ્લાહ !

જેથી આજે સૌથી અધિક જરૂરત એ ચીજની છે કે ફિક્રી ઈન્કિલાબ (વૈચારિક ક્રાંતિ) પેદા કરવામાં આવે. લોકોની સોચને ઈસ્લામી સોચ બનાવવાની કોશિશ કરવામાં આવે. જો આપણે એના પર ધ્યાન ન આપ્યું તો આપણી રૂપરેખા (દેખાવ) તો ઈસ્લામી હશે પણ આપણી સોચ ઈસ્લામી હશે નહીં. આપણા ચહેરા પર દાઢી તો હશે પણ આપણા ખયાલો તથા માન્યતાઓ મદીનાના તાજદાર ﷺથી સંકલિત નહીં હોય.

આપ જુઓ કે કુર્આન મજીદમાં ખયાલો તથા માન્યતાઓના બારામાં કેટલી હદે સોચ તથા વિચારની પ્રતિ આકર્ષણ આપવામાં આવેલ છે. જમીન તથા આસ્માન ચાંદ તથા સૂરજ, અને રાત તથા દિવસના ચક્ર વગેરે સંબંધે આપણને વિચારવાનો હુકમ આપવામાં આવ્યો છે : હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સોચ જુઓ. અલ્લાહ عزوجلની બારગાહમાં દુઆ કરે છે : رَبِّ هَبْ لِيْ مِنَ الصّٰلِحِيْنَ "હે મારા રબ ! મને નેક પુત્ર અતા ફર્માવ ! (સૂ. સાફફ્ત, ૧૦૧) અહીં "સાલેહીન" શબ્દથી ભાળ મળે છે કે તેમની સોચ કેટલી પુખ્તા હતી. તેમણે ખુદાની બારગાહમાં કેવળ પુત્રની દુઆ નથી કરી, બલ્કે સાલેહ (નેક) પુત્રની દુઆ કરી. તે પુત્ર જે લાભદાયી હોય, જે કામનો હોય, જે આંખોની ઠંડક બને, અને તે પુત્ર જે ભાવિમાં મિશનનો સાથ આપે. અહીં એક વાત અધિક સમજવાની વધુ પેજ ૪૮ પર..

www.barkatekhwaja.net

## શીઆ-રાફઝી અહલે બયતના ચાહક કે દુશ્મન ?!

**રજૂકર્તા : મૌલાના આસિફ મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ)*

જમીન પર એક ફિર્કો એવો પણ છે કે તે જેમની શાનમાં હદ પારની અતિશયોક્તિ (અતિરેક) કરે છે તેમની જ ગુસ્તાખી પણ કરે છે ! એ ફિર્કો એક બાજુ અબૂ તાલિબની મહોબ્બતમાં ઈમાન ન લાવ્યા હોવાનુ માનનારાઓને ભલુ બુરૂ કહેશે, તો બીજી બાજુ ઈમાન લાવનારા મહાન સહાબી સૈયદના અકીલ બિન અબી તાલિબ رضی اللہ عنہને દુનિયાદાર કહેવામાં ખચકાતો પણ નથી. સૈયદા ઝૈનબ બિન્તે અલી رضی اللہ عنہاનો ઝિક્ર કરશે પણ પરંતું સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર رضی اللہ عنہ તે ઝયનબના પતિના ઝિક્રથી દૂર પણ રહે છે ! ઈમામ હુસૈન رضی اللہ عنہની મહોબ્બતનો દાવો કરે છે પરંતું ઈમામ હસન મુજતબા رضی اللہ عنہના મુબારક ઝિક્રથી અલિપ્ત પણ રહે છે ! સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہની શાનમાં અતિશયોક્તિ કરે છે પરંતુ તેમના પુત્ર સૈયદના મુહમ્મદ બિન હનફિયાને મુદ્દલે નઝરઅંદાઝ કરે છે ! મુહર્રમના મહીનામાં રાફઝીઓ અહલે બયતની મહોબ્બતની આડમાં સૌથી વધુ ઈમોશનલ બ્લેકમેલિંગ કરે છે. સહાબાએ કિરામને એટલા માટે નિશાન બનાવે છે કે તે કર્બલા કેમ ન ગયા ? પરંતું ખુદ સૈયદના હુસૈન رضی اللہ عنہના ભાઈ મુહમ્મદ બિન હનફિયા, ઉમર અલ અતરફ, બનેવી અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર, સૈયદના હસન رضی اللہ عنہના બીજા પુત્ર જે શરીક ન થઈ શક્યા તેમના ઉલ્લેખથી આંખ આડા કાન કરે છે. સૈયદના ઝયનબ બિન્તે અલી رضی اللہ عنہاનો ઝિક્ર ખેર તો કરે છે, પરંતું સૈયદના અલી رضی اللہ عنہની જે બીજી પુત્રીઓ કર્બલામાં હતી તેમનું નામ પણ નથી લેતા ! આવું શાથી ?!

અસલમાં શીઆ ફિર્કો અહલે બયતનો સખત દુશ્મન છે પરંતું એ પોતાની દુશ્મની મહોબ્બતની આડમાં કાઢે છે. જો હવે એહલે બયતની શાનમાં તેમની ગુસ્તાખીઓ જાણવા ચાહો છો તો આજથી જ "અકાઈદે જઅફરિયા"નો અભ્યાસ શરૂ કરો તો (સમજાશે કે) ખારજીઓ કરતાં વધુ રાફઝીઓ અહલે બયતના દુશ્મન છે. અલ્લાહ એ બંનેવ (રાફઝી, ખારજી)થી અહલે બયતને બચાવે. (આમીન)

www.barkatekhwaja.net

## યાદગારે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ વ ઉષ્માને ગની رضی اللہ عنہما

**દયાદરા** : ખાતે તા. ૧૬–૭–૨૦૨૩, ૨૬ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૪૪ રવિવારના રોજ અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં ખલીફએ દોમ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની શહાદતના દિવસની યાદમાં મુખ્તારુલ મસાજિદ મસ્જિદમાં **હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાળા** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ) સાહેબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તે ઉપરાંત જુમ્આ તા. ૧૪–૭–૨૦૨૩ના રોજ જુમ્આના બયાનમાં **હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ "હઝરત ઉમર ઔર કુર્આન"ના વિષયે શાનદાર બયાન કુર્આને પાકની તથા હઝરત ઉમર رضی اللہ عنہ ની અઝમત જાહેર કરતું બયાન કર્યું હતું.

**દયાદરા** : ખાતે રવિવાર તા. ૯–૭–૨૦૨૩ના રોજ અસર બાદ ઈસ્લામના ત્રીજા ખલીફા ઝુન્નૂરૈન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની (વિસાલ–૧૮ ઝીલહજ્જ) યાદમાં સુન્ની દા'વતે ઈસ્લામીના હફતાવારી ઈજતેમામાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આપની ઈસ્લામની શાનદાર ખિદમતો, કુર્બાનીઓ, ફઝીલતોનો ઉલ્લેખ કર્યો હતો. એ જ પ્રમાણે જંબુસર, હાડગુડ, નાપા, ભરૂચ વગેરે ઠેકાણે ઈજતેમાઓમાં આપની શાન બયાન કરવામાં આવી. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*